પૂજ્ય શ્રી
અજરામરજી સ્વામીનું
જીવનચરિત્ર.

પંડિત મુનિરાજ
શ્રી રત્નચંદ્રજી.

ॐ

પૂજ્ય શ્રી
અજરામરજી સ્વામીનું જીવનચરિત્ર

[શ્રી અજરામર-સ્તોત્ર સાથે.]

રચયિતા

લીંબડી સંપ્રદાયના

પંડિત મુનિરાજ શ્રી ગુલાબચંદ્રજી સ્વામીના શિષ્ય

શતાવધાની પંડિત મુનિરાજ શ્રી

રત્નચંદ્રજી સ્વામી.

પ્રકાશકો

શાહ જેઠાલાલ રામજી

તથા

શાહ છોટાલાલ કપૂરચંદ

મુ. માંગરોળ (કાઠીયાવાડ.)

આવૃત્તિ ૧ લી પ્રત ૧૦૦૦

વીર સંવત્ ૨૪૩૯; વિ. સં. ૧૯૬૯; ઇ. સ. ૧૯૧૩.

મૂલ્ય રૂા. ૦-૫-૦

અમદાવાદ:

ધી ડાયમંડ જ્યુબિલી પ્રીન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.



શેઠ તુલસીદાસ મોહનજી વોરા.

અર્પણપત્રિકા.

શેઠ તુલસીદાસ મોહનજી વોરા

માંગરોલનિવાસી

મુ. મુંબઈ.

ધર્મને લગતાં શુભ કાર્યોને ઉત્તેજિત કરવામાં આપ
તન, મન અને ધનથી જે પ્રયાસ કરતા રહ્યા છો,
લોકોત્તર સાહિત્યની વૃદ્ધિ કરવામાં અનુપમ
ખંત ધરાવો છો અને મોટી મોટી સખા-
વતો કરીને આપના ઉદારતા તથા ધર્મ-
પ્રિયતાના ગુણોને આપ પ્રકટ કરો
છો, તેથી આકર્ષાઇને આ પુસ્તક
અમે આપને સમર્પણ
કરીએ છીએ.

લી. સેવકો

શાહ જેઠાલાલ રામજી.

શાહ છોટાલાલ કપૂરચંદ.

શુદ્ધિપત્ર.

પૃષ્ઠાંક.	પંક્તિ.	અશુદ્ધ.	શુદ્ધ.
૮	૨૩	નાહ	નહિ
૧૮	૩	મિનાયામથી	મિયાનામાંથી
૧૮	૪	આવા છો ?	આવો છો ?
૨૧	૬	ાવહાર	વિહાર
૨૮	૮	અવગારવાં	અવગાહવાં
૨૮	૧૬	આભપ્રાય	અભિપ્રાય
૩૨	૧૩	કુયુક્તિજાપથી	કુયુક્તિજાળથી
૩૫	૨૧	મકવાની	મૂકવાની
૪૨	૧૦	વણારસજી	વણારસીજી
૪૫	૧૦	बुध्वा	बुद्ध्वा
૫૦	૧૭	કર્યા	કરી
૫૬	૩	पल्हच्छियं	पल्हत्थियं
૫૬	૧૪	कया	कयाइवि
૫૭	૧૪	શાસનરાસક	શાસનરસિક
૫૮	૨૨	કારકીદિ	કારકીર્દિ
૫૯	૨૧	સાંપ્રદાયક	સાંપ્રદાયિક
૬૧	૧૭	ઐાપાધક	ઔપાધિક
૬૨	૧૬	ચારત્ર્યાદિક	ચારિત્ર્યાદિક
૬૩	૧૫	वांछाति	वांच्छाति
૬૩	૨૦	व्रतन	व्रतेन
૬૫	૧૦	અપારમિત	અપરિમિત
૬૭	૮	स्वर्गसुख	स्वर्गसुखं
૬૮	૧૩	मोखं	मोक्खं
૭૩	૧૨	मयापराधं	मयापराद्धं
૮૪	૧૯	ચરિત્ર્ય	ચારિત્ર્ય

પ્રસ્તાવના.

મનુષ્યનું અંતઃકરણ પ્રાયશઃ અનુકરણશીલ હોય છે. તેની સમીપે જેવા પદાર્થો ઉપસ્થિત થાય છે, તદનુસાર તેનું બંધારણ બંધાય છે, અને જે પ્રમાણે અંતઃકરણનું બંધારણ બંધાય છે, તે પ્રમાણે મનુષ્યની જીવનશૃંખલાના અંકોડા તૈયાર થાય છે. આર્યાવર્તના મનુષ્યોની જીવનશૃંખલાને ઉચ્ચતર બનાવવા માટે અન્યદેશીય આદર્શો અને તે પણ વર્તમાનકાળના આદર્શો, જેટલે અંશે આદરણીય થઇ શકે તેના કરતાં સ્વદેશીય ભૂતકાળના અનુકરણીય પદાર્થો વધારે આદરણીય અને ઉપયોગી થઇ શકે, કારણકે દરેક મનુષ્યને સ્વદેશને માટે અભિમાન હોવું જ જોઈએ, અને જે કાળ કાંઈ પણ ઉચ્ચ સ્થિતિની દૃષ્ટિથી જોવાતો હોય તે કાળને માટે અભિમાન સ્વાભાવિક રીતે રહે છે. આર્યાવર્તના વર્તમાનકાળ કરતાં ભૂતકાળનું મૂલ્ય ઉચ્ચ દૃષ્ટિથી અંકાય છે. લાંબી લાંબી ઇચ્છાઓને ઉત્પન્ન કરનાર મોજશોખનાં સાધનોને લીધે વર્તમાન કાળને ભલે કોઇ અગ્રણીય ગણે પણ સદ્વર્તન અને ઉચ્ચ જીવન લાયક ઉચ્ચ સદ્ગુણોને લેઇને તો તે ગૌરવ ભૂતકાળને જ પ્રાપ્ત થયેલ છે. એટલા માટે જ આર્યાવર્તના મનુષ્યોને ભૂતકાળ માનનીય મનાય છે.

ભૂતકાળનાં પ્રાચીન ખંડેરો, જુના સિક્કાઓ અને કંઈ પણ પ્રાચીન અવશેષો મળી આવે છે, તો તે લોકોને કેટલા બધા દર્શનીય, માનનીય અને સ્પૃહણીય થઇ પડે છે? આ તો જડ પદાર્થો છે, પણ કદાચ જુના ચેતન્યવાળા પદાર્થો ઉપસ્થિત થાય તો તેની દર્શનીયતાની તો સીમા જ ન રહે. પણ સબુર કરો! તેવા પદાર્થો

કરતાં પણ ભૂતકાળના મહાપુરૂષોની જીવનકૃતિઓ આપણુને અતીવ ઉપયોગી હોવાની સાથે માનનીય થઈ પડે છે. તેવા મહાપુરૂષો કાળચક્રના એક દાંતા ઉપર સ્વાર થઇને પરલોક તરફ પ્રયાણ કરી ગયા હોય છે, છતાં પણ તેમના જીવનની કૃતિઓ, તેમના ગમનાગમનથી દોરાએલા અને બંધાયેલા સત્યના માર્ગો અને જીવનચર્યાના સુંદર નમૂનાઓ તો ઘણા વખત સુધી ટકી રહે છે. કોઈ પ્રાચીન કવિએ ખરૂં જ કહ્યું છે કેઃ—

નામ રહંતા ઠક્કરા, નાણાં નવિ રહંત;
કીર્તિ કેરાં કોટડાં, પાડ્યાં નહિ પડંત.

આવા નમૂનાઓ પણ અમુક વખત સુધી સ્મૃતિગોચર રહે છે. તે દરમ્યાન જો તે પત્રારૂઢ અથવા ગ્રંથગ્રથિત બની જાય છે, તો તો હજારો વર્ષો સુધી તેવા ને તેવા જ આબાદ રહે છે, અને ભવિષ્ય કાળને વધારે ને વધારે ઉપયોગી થઈ પડે છે. પણ ગ્રંથગ્રથિત થતા નથી તો પછી મનુષ્યની મર્યાદિત સ્મૃતિના ખજાનામાંથી ખોવાઈ જાય છે, અને થોડા વખત પછી તદ્દન અદશ્ય થઈ જાય છે. ભૂતકાળમાં લેખનપદ્ધતિ અલ્પ હોવાથી તેવા ઘણા મહાપુરૂષોનાં જીવનવૃત્તોથી આપણે બેનસીબ રહ્યા છીએ. ઘણી શોધખોળ કરવા; છતાં પણ સ્મૃતિપરંપરામાંથી ગુમ થઈ ગયેલ તેવા અવશેષો આજે મળી શકતા નથી, કે જે અવશેષો આજ ઉપસ્થિત હોત તો ઘણા ભવ્યજનોને જીવનચર્યામાં અવલંબનરૂપ થઈ પડત. અસ્તુ. **गतं न शोचामि** એ ન્યાયે ગઈ વસ્તુનો શોચ કરવો તે ફોકટ છે. હવે તો જાગ્યા ત્યાંથી સવાર ગણીને અવશેષ રહેલ વસ્તુનો લાભ લેવા ચુકવું નહિ એ જ કર્તવ્ય છે.

આ ઉપયોગી શિક્ષા એક મહાત્મા શ્રી તરફથી અમને મળતાં

અમારા અંતઃકરણમાં તેવા મહાપુરૂષોનાં જીવનચરિત્રો અને બીજાં પણ ઉપયોગી પુસ્તકો બહાર પાડી વાચક વર્ગને તેનો લાભ આપવાની ઈચ્છા ઉત્પન્ન થઇ હતી. દરમ્યાન લીંબડી સંપ્રદાયના વિદ્વાન્ મહારાજશ્રી ગુલાબચંદ્રજી સ્વામી તથા તેમના શિષ્ય શતાવધાની પંડિત શ્રી રત્નચંદ્રજી સ્વામી વગેરે મુનિમંડળની માંગરોળમાં પધરામણી થઇ. તેમના અસરકારક બોધથી અમારા પ્રથમ ઉદ્દ્ભવેલા વિચારને મજબૂત રીતે ટેકો મળ્યો, અને તે વિચારને તુરતમાં અમલમાં મૂકવાની અમને તક મળી, એટલે કે જેવા મહાપુરૂષોનાં જીવનચરિત્રોની હાલ આપણને જરૂર છે, તેવા જ એક ધર્મ પ્રકાશક મહાપુરૂષ કે જે ગયા સૈકામાં પોતાની ધૈર્યશીલતા, શક્તિ અને પુરૂષાર્થનો લાભ પ્રેમી પુરૂષોને આપી ગયા છે અને ધર્મની વિજયધ્વજા ફરકાવી ગયા છે તેવા પવિત્ર મહાપુરૂષ શ્રી **અજરામરજી સ્વામીનું** જીવનચરિત્ર અસરકારક ભાષામાં સુંદર શૈલીથી પંડિત મુનિરાજશ્રી રત્નચંદ્રજીની કલમથી લખાયેલું તૈયાર હતું. વળી ભક્તામરસ્તોત્રના ચતુર્થ ચરણની પાદપૂર્તિરૂપ “ અજરામર સ્તોત્ર ” કે જેમાં ભક્તામરના ચોથા ચરણની સાથે જુદા અર્થમાં પણ બરાબર બંધ બેસતાં આવે તેવાં ત્રણ પદ નવાં રચવામાં આવ્યાં હતાં અને જેમાં પૂજ્યપાદ શ્રી અજરામરજી સ્વામીના જીવનની રેષાઓ આંકવામાં આવેલી હતી, તે કૃતિ પણ એવી રસિક હતી કે સંસ્કૃત જાણનારને તેનાથી ઘણો સંતોષ ઉપજી શકે; તેથી, તે સ્તોત્ર ગુજરાતી ભાવાર્થ સાથે પંડિત મુનિરાજ રત્નચંદ્રજી પાસે તૈયાર હોઈ અમોએ તે બંને ગ્રંથોની માંગણી કરી, અને અમારા ઉપર કૃપા કરી જનસમાજના લાભની ખાતર તે બંને ગ્રંથો પંડિતશ્રીએ અમને આપ્યા, જેથી આ સ્થળે તેમનો આભાર માનતાં અમને ઘણો હર્ષ થાય છે. આ પુસ્તક

છપાવવામાં તેમ જ તેનાં પ્રૂફ સુધારવામાં રા. ચુનીલાલ વર્ધમાન શાહે અમોને મદદ કરી છે, જેથી તેમનો પણ આભાર માનીએ છીએ. આ પુસ્તક જિજ્ઞાસુ શ્રાવકોને ભેટ તરીકે જ આપવા વિચાર રાખ્યો હતો પણ તેમ કરવાથી પુસ્તકને નિર્મૂલ્ય અને નિર્માલ્ય સમજી વાચકો બેદરકાર થાય છે; અને કેટલાએક માત્ર સંગ્રહની ખાતર ભેટનાં પુસ્તકો મંગાવી વાંચ્યા વગર એમ ને એમ પડતાં મૂકી તેનો દુરૂપયોગ કરે છે એવો કેટલાએક સ્થળે અનુભવ થયેલો હોવાથી તે વિચાર મુલ્તવી રાખી માત્ર પડતર કીમ્મતે તે વેચવાનો વિચાર રાખ્યો છે. આ પુસ્તકની જે કિમ્મત આવશે તેમાંથી બીજાં ઉપયોગી પુસ્તકો બહાર પાડવાની અમે ઈચ્છા રાખીએ છીએ. આ સ્થળે આ પુસ્તકના અગાઉથી થએલા ગ્રાહકોનો તથા પુસ્તક છપાવવાના ખર્ચમાં ઉદાર મદદ આપનાર શેઠ તુલસીદાસ મોહનજી વોરાનો આભાર પ્રકટ કરવાની અમે અમારી ફરજ સમજીએ છીએ. આ પુસ્તકની પેઠે હવે પછી બીજાં ઉપયોગી પુસ્તકો પડતર કીંમતે વેચવા માટે બહાર પાડવાની અમારી ઇચ્છા છે અને એ ઇચ્છાને ઉદાર ધર્મપ્રેમી ગૃહસ્થો બને તેટલી વધારે નકલોના ગ્રાહક થઇ યા બીજી રીતે ઉત્તેજન આપશે એવી અમે આશા રાખીએ છીએ.

सुज्ञेषु किं बहुना?

માંગરોળ. વીર સં. ૨૪૩૯ના ચૈત્ર સુદી ૨.	લી. સેવકો, **શાહ જેઠાલાલ રામજી** **શાહ છોટાલાલ કપૂરચંદ.**

ઉપોદ્ઘાત.

આર્યદેશની અચળ ભૂમિ ઉપર પરદેશી રાજ્યોનું અવારનવાર આક્રમણ થવાથી વચ્ચે વચ્ચે વિપત્તિઓનાં વાદળ નીચે દબાઇ જવા છતાં પણ આર્યવાસીઓના આંતર્ જીવનમાં ધાર્મિક ગૌરવ હજુસુધી અખંડપણે જળવાઇ રહ્યું છે. તેઓના શરીર ઉપરનાં હીરા માણેક-જડિત સૂવર્ણનાં આભૂષણો કદાચ અદશ્ય થયાં હોય, નિધાનમાંથી ભલે કરોડો સોનામહોરો નીકળી ગઇ હોય, પણ તેમના હૃદયની ઉંડી લાગણીમાં દયાળુતા, માયાળુતા, ઉદારતા, પરસ્પર સાહાય્ય વગેરે આંતરિક પ્રકાશથી ઉજ્જવલ બનેલાં ઉત્તમ આભૂષણો તેવાં ને તેવાં જ ઝળકી રહ્યાં છે. બાહ્ય પ્રકાશ એ જૂદી ચીજ છે અને આંતર્ પ્રકાશ એ પણ જૂદી જ ચીજ છે, બંનેનું વ્યાપ્ય વ્યાપકપણું કલ્પવું તે સુવર્ણ અને માટીના વ્યાપ્ય વ્યાપકપણાની કલ્પના કરવા બરાબર છે. આર્યવાસીઓના બાહ્ય પ્રકાશમાં અસાધારણ ફેરફાર થવા છતાં પણ આંતર્ પ્રકાશની અવિચ્છિન્નતા સતેજ રહેવાનાં અનેક કારણો પૈકી "ધર્મરાજ્યને સ્થિર કરવા યા અચલ બનાવવા જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે ત્યારે તેવા તેવા મહાપુરૂષનો આવિર્ભાવ થવો" એ પણ એક કારણ છે. જ્યારે અજામેધ, અશ્વમેધ વિગેરે યાજ્ઞિક ક્રિયામાં હિંસાનો પ્રચાર વધવા માંડયો ત્યારે શ્રી મહાવીર સ્વામીનો પ્રાદુર્ભાવ થયો. તેમણે અહિંસાનો વિજયવાવટો ફરકાવ્યો—યાજ્ઞિક હિંસાના વેગ-વાળા પ્રવાહને અટકાવ્યો. કર્મવાદ અને આત્મવાદના પ્રકાશથી અજ્ઞાન અને વહેમો દૂર કરી સમાજમાં મોટા ફેરફાર કર્યો. ઘણા બ્રાહ્મણોને પોતાના શિષ્યો બનાવી સત્યધર્મનો પ્રકાશ કર્યો, અને જયવંતા જૈન ધર્મનો વિજયધ્વજ ફરકાવ્યો.

જૈન ધર્મનો મુખ્ય ઉદ્દેશ આત્મા અને કર્મના સંબંધનું યથાર્થ જ્ઞાન મેળવી તે સંબંધને જડમૂળથી તોડી નાંખવાનો છે. કર્મના સંબંધનો સર્વથા અત્યંત અભાવ તે જ મોક્ષ છે, અને તે જ સર્વ ઉન્નતિઓના વર્તુલનું મધ્યબિંદુ છે.

મોક્ષ સાધવાને સમ્યક્જ્ઞાન, સમ્યગ્ દર્શન, અને સમ્યક્ ચારિત્યની જરૂર છે. ટુંકામાં કહીએ તો સમ્યક્જ્ઞાન અને સમ્યક્ ક્રિયા એ બે મુખ્ય માર્ગ બતાવવામાં આવ્યા છે. **ज्ञानक्रियाभ्यां मोक्ष इति वचनात्**–જ્ઞાન નિરપેક્ષ ક્રિયા અને ક્રિયા નિરપેક્ષ જ્ઞાન તે અંધ નિરપેક્ષ પંગુ અને પંગુ નિરપેક્ષ અંધ બરાબર છે. **यत:**

अनुष्टुप् ।

हतं ज्ञानं क्रियाशून्यं, हता चाज्ञानिनः क्रिया ॥
धावन्नप्यन्धको नष्टः पश्यन्नपि च पंगुकः ॥ १ ॥
ज्ञानं पंगौ क्रिया चान्धे, निःश्रद्धे नार्थकृद्द्वयम् ॥
ततो ज्ञानं क्रिया श्रद्धा त्रयं तत्पदकारणम् ॥ २ ॥

અર્થાત્—એક અટવીમાંથી ગામમાં જવું હોય તો એકલો આંધળો માણુસ કે એકલો પાંગળો માણુસ પંથ કાપી ગામ સુધી પહોંચી શકતો નથી, પણ આંધળાને પાંગળાની રસ્તો બતાવવાની મદદ અને પાંગળાને આંધળાની ગમનક્રિયામાં મદદ મળે તો બંને સાથે મળી ગામ ભેગા થઇ શકે છે. તેવી રીતે ક્રિયાશૂન્ય જ્ઞાન પંગુ છે અને જ્ઞાનશૂન્ય ક્રિયા અંધ છે, જેથી તીર્થપ્રવર્તન અને મોક્ષસાધન માટે જ્ઞાન અને ક્રિયા બંનેની સાપેક્ષ આવશ્યકતા દર્શાવી છે; અને તે બંનેની શુદ્ધિમાં જૈન શાસનના સ્થાયી ભાવની સાથે સમાજનો અભ્યુદય સમાએલો છે.

વિશ્વવસ્તુ-પરિવર્તન. વિશ્વની વિવિધ વસ્તુઓ કાળના પ્રવાહમાં પરિવર્તન પામ્યા સિવાય શું રહી શકે છે? આજે જે ફળની સુંદરતા દૃષ્ટિગોચર થાય છે, જે વસ્ત્રોની નવીનતાનો અનુભવ થાય છે, જે સ્ત્રી અથવા પુરૂષ સુંદર સ્વરૂપવાન નવયૌવન પ્રતીત થાય છે; થોડા વખત પછી તે જ ફળ વસ્ત્ર કે સ્ત્રી અથવા પુરૂષને જોશો તો ફેરફાર થયેલો માલૂમ પડશે. જે ફળ સર્વથા સુંદર હતું તેના એક ભાગમાં સડો લાગ્યો છે, જે વસ્ત્ર નવીન હતું તે હવે મલીન અથવા જીર્ણ દેખાય છે, જે સ્ત્રી અથવા પુરૂષ નવયૌવન અને જુવાન જણાતા હતા તે હવે બુઢ્ઢા અને શિથિલગાત્રી અને બળહીન જણાય છે. આ પ્રમાણે દરેક વસ્તુનું દરેક ક્ષણે કાંઇ ને કાંઈ પરિવર્તન થયાં જ કરે છે.

કોઇ પરિવર્તન ઉત્કર્ષાભિમુખ, અને કોઈ અપકર્ષાભિમુખ હોય છે. બાલ્યાવસ્થામાંથી યુવાવસ્થામાં પ્રવેશ કરતા શરીરનું પરિવર્તન ઉત્કર્ષાભિમુખ હોય છે, પણ તે જ શરીર જુવાનીમાંથી વૃદ્ધાવસ્થામાં પ્રવેશ કરે છે ત્યારે તેનું પરિવર્તન અપકર્ષાભિમુખ બને છે. અપકર્ષાભિમુખ પરિવર્તનમાં વસ્તુનો નાશ અથવા અધઃપતન થાય છે. પણ જો કોઈ સુધારક તે પરિવર્તનમાંથી તે વસ્તુને ઉત્કર્ષાભિમુખ પરિવર્તનમાં (નીચી સ્થિતિમાંથી ઉંચી સ્થિતિમાં) લઇ જવાને શક્તિમાન્ થાય છે તો ફરીથી તેની પૂર્વ સ્થિતિ પ્રાપ્ત થાય છે યા અધોગતિમાંથી આબાદી થાય છે. ઉપલા પરિવર્તનનો નિયમ પ્રાયે સર્વ વસ્તુઓને લાગુ પડે છે.

જ્ઞાનમાર્ગ-પરિવર્તન. મોક્ષમાર્ગ સાધન અને જૈનશાસન પ્રવર્તનરૂપ જ્ઞાનમાર્ગ અને ચારિત્ર્યમાર્ગમાં પણ થોડે ઘણે અંશે મહાવીર સ્વામી પછી કેટલાંએક વર્ષે પરિવર્તન થવા માંડયું. પૂર્વની વિદ્યા વિચ્છિન્ન થવા લાગી, સ્મરણશક્તિના અપકર્ષાભિમુખ પરિવર્તનમાં ચૌદ પૂર્વની વિદ્યાનું પરિવર્તન થયું.

આ પરિવર્તને પૂર્વની પેઠે બીજા આગમોને પણ વિનાશાભિમુખ બનાવ્યા હોત, પણ મહાવીર સંવત ૯૮૦ અને વિક્રમ સંવત્ ૫૧૦ માં વલ્લભીપુર (હાલ ભાવનગર પાસે વળા ચમારડી કહેવાય છે તે) શહેરમાં શિલાદિત્યના વખતમાં દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ વિગેરે આઠ આચાર્યોએ સૂત્રોને પત્રારૂઢ કરી અપકર્ષાભિમુખ પરિવર્તનની ગતિને અટકાવી. પણ તે અટકાયતને થોડો સમય થયો તેટલામાં (વિક્રમ સંવત્ ૫૨૫) શિલાદિત્ય ઉપર પાર્થીઅન, ગેટ અને હુણ લોકોએ ચડાઇ કરી વલ્લભીપુરનો નાશ કર્યો. તે વખતે જૈનધર્મીઓના ત્રીસ હજાર કુટુંબોને વલ્લભીપુર છોડી મારવાડમાં જવું પડ્યું.* આ નાસભાગની સ્થિતિએ અને ઉપરાઉપરી પડેલા દુકાળોએ શાસ્ત્રના અપકર્ષાભિમુખ પરિવર્તનને વેગ આપ્યો, જેથી સૂત્રોની સંકલના છિન્નભિન્ન થઇ. સૂત્રાર્થ પરિષ્કારક સાહિત્યની નવીન રચના પણ ન થઈ. આ પરિવર્તને જ્ઞાનમાર્ગ પ્રકાશક જૈન સાહિત્યને મોટો ધક્કો માર્યો, અધૂરામાં પૂરૂં બૌદ્ધ લોકોએ પણ પ્રતિપક્ષી બની જૈન શાસનનો સમુચ્છેદ કરવા પ્રયત્ન ચાલુ રાખ્યો. તેથી ભદ્રબાહુ સ્વામી પછી વિક્રમના આઠમા સૈકા સુધી ઘણા વિદ્વાનો થયા છતાં તેમની કૃતિનો એક્કે ગ્રંથ હાલમાં ઉપલબ્ધ નથી. શિલાદિત્યની સભામાં બૌદ્ધાચાર્યો સાથે જૈનાચાર્ય મૂલસૂરિએ એવી શરતે શાસ્ત્રાર્થ શરૂ કર્યો કે "જે હારે તે આ દેશ છોડી ચાલ્યા જાય. તેમનો ધર્મ આ દેશમાં રહેવા ન પામે." આ શાસ્ત્રાર્થમાં બૌદ્ધોનો પરાજય થયો, જેથી બૌદ્ધાચાર્યોને ગુજરાતમાંથી મૂલસૂરિએ દેશપાર કરાવ્યા. તેમ ઉત્તરમાંથી શંકરાચાર્યે અને દક્ષિણમાંથી કુમારિલ ભટ્ટે બૌદ્ધોને હડાવ્યા, અને દેશપાર કર્યા. હવે બૌદ્ધો તરફનાં સમાક્રમણ અને ત્રાસ દૂર થયાં, અને સાહિત્ય પ્રકાશકોને સાહિત્ય

---

*વલ્લભીપુરના નાશની હકીકત ટાડકૃત રાજસ્થાનમાં જોવાથી માલુમ પડશે.

પ્રકાશવા અને સંરક્ષણ કરવા કાંઇક અવકાશ મળ્યો. પણ તેટલામાં દેશકાલની પરિસ્થિતિએ વળી જૂદું જ રૂપ પકડ્યું.

ચારિત્ર્યમાં પરિવર્તન. દુષ્કાળની ભયંકરતાએ જ્ઞાનમાર્ગની સાથે ચારિત્ર્યમાર્ગમાં પણ પરિવર્તન કરવા માંડ્યું. ચારિત્ર્યની ઉત્કટતાનું સ્થાન શિથિલતાએ લીધું. મુનિવર્ગમાં પ્રપંચના પવને પ્રવેશ કર્યો. ગચ્છના મતભેદમાં અખંડતા છિન્નભિન્ન થઇ. ક્લેશ અને કદાગ્રહ વૃદ્ધિ પામ્યાં. યદ્યપિ બારમી સદીમાં જીનવલ્લભ સૂરિએ ચારિત્ર્યમાર્ગને શુદ્ધ બનાવવા જાહેર હિંમતથી સંઘપટ્ટક નામે આચારવિધિદર્શક ગ્રંથ રચી ક્રિયોદ્ધાર કરવા પ્રયાસ કર્યો, પણ તે પ્રયાસમાં તરત તેમનો અંત આવ્યો. બીજી તરફ યવનોના હુમલાઓ વખતે દેશની ઉત્પાતવાળી સ્થિતિએ માનસિક ગભરામણ ઉત્પન્ન કરવાથી અદ્યાપિ ચારિત્ર્યમાર્ગ–પરિવર્તનને ઉત્કર્ષાભિમુખ થવાનો અવકાશ ન મળ્યો, તોપણ ખુશી થવા જેવું છે કે આ સમયમાં જૈન શાસ્ત્ર સાહિત્યની રચના આગળ વધી. ટીકા, ચૂર્ણિ, દીપિકા, વ્યાકરણ, કાવ્ય, અલંકાર, અને ન્યાયનાં શાસ્ત્રો રચાયાં, વિદ્યાની ખીલવણી થઈ. વનરાજના સમયથી (આઠમા સૈકાથી) ગ્રંથરચના શરૂ થઇ. ઉત્પાત વચ્ચે શાંતિના સમયમાં ક્રમશઃ તે શરૂઆત વૃદ્ધિંગત થઇ, જેથી સૂત્રાર્થ પ્રકાશક સાહિત્યની ખામી કેટલેક અંશે દૂર થઇ, પણ ક્રિયામાર્ગ અને વિધિમાર્ગમાં થયેલ ફેરફાર કેટલેક અંશે એમ ને એમ ચાલુ રહ્યો.

લોંકાશાહ અને ક્રિયામાર્ગ-સંશોધન. સંવત્ ૧૫૩૧ માં એ ફેરફારને દૂર કરી ક્રિયામાર્ગને શુદ્ધ બનાવવા અને અહિંસા ધર્મને પુનઃ શુદ્ધ સ્વરૂપમાં પ્રકાશિત કરવા જાહેર હિંમતવાળા એક લોંકાશાહ નામના મહાપુરૂષનો પ્રાદુર્ભાવ થયો. નવમી સદીથી પ્રચાર પામેલા ચૈત્યવા-

સીઓની આચારશિથિલતા અને ધર્મને બ્હાને થતી હિંસાને અટકાવવા **લોંકાશાહે** દશ વૈકાલિક, આચારાંગ વિગેરે સૂત્રોમાંથી શુદ્ધ આચારનું નિદર્શન કરાવી આચારશુદ્ધિનો માર્ગ પ્રકાશ્યો, મૂર્તિપૂજા નિમિત્તે થતી હિંસાનો અવરોધ કરાવ્યો, પોતાના સત્યોપદેશના દૃઢ પ્રયાસથી ઘણા માણસોના મન ઉપર વિશુદ્ધ ધર્મની અસરકારક છાપ પાડી, અને નિરંજન નિરાકાર ઇશ્વરવાદની પ્રવૃત્તિ કરી. **લોંકાશાહ** નામના મહાપુરૂષથી **લોંકાગચ્છની** શરૂઆત થઇ, ક્રિયામાર્ગમાં વચ્ચેના વખતમાં થઇ ગયેલી અશુદ્ધિ દૂર થઈ, અને શુદ્ધિ ચળકવા લાગી. કેટલાએક સમયસુધી આમ ચળકતી ક્રિયાશુદ્ધિ કાયમ રહી પણ પરિવર્તનના નિયમ પ્રમાણે પુનઃ **લોંકાગચ્છના** યતિવર્ગમાં ક્રિયાની ઉત્કૃષ્ટતા મંદ પડવા લાગી, અને **"भवति विनिपातः शतमुखः"** એ નિયમાનુસાર થોડા વખત પછી ઉત્કૃષ્ટતાની જગા શિથિલતાએ લીધી. ઉત્કર્ષાભિમુખ ક્રિયાવિષયક પરિવર્તન અપકર્ષાભિમુખ થવા માંડયું, ત્યારે ક્રિયોદ્ધારક એક વર્ગની જરૂર જણાઈ. કુદરતનો એ એક નિયમ છે કે "જેની અતિ જરૂર જણાય છે તે વસ્તુ ગમે ત્યાંથી ઉપસ્થિત થાય છે."

સ્થાનકવાસી સંપ્રદાય અને ક્રિયોદ્ધાર.

સંવત્ ૧૬૯૪ માં **લવજીરૂષિ**, સંવત્ ૧૭૦૧ માં **ધર્મસિંહ** મુનિ, અને સંવત્ ૧૭૧૬ માં **ધર્મદાસજી** મહારાજ, એ પ્રમાણે અઢારમી સદીની શરૂઆતમાં ત્રણ મહાપુરૂષો ક્રિયાનો પુનરૂદ્ધાર કરવા પ્રગટ થયા. પેહેલા બે **લોંકાગચ્છના** યતિવર્ગમાંથી જૂદા પડ્યા અને ત્રીજા સ્વતઃ એવ અન્ય સત્તર જણની સાથે દિક્ષિત થયા. આ ત્રણે મહાત્માઓનો ક્રિયોદ્ધાર કરવાનો ઉદ્દેશ એક જ પ્રકારનો હતો, પણ અમુક નજીવી બાબતમાં કાંઇક વિચારભેદ હોવાથી ત્રણે જૂદા જૂદા વિચરતા. ક્રિયોદ્ધારક આ ત્રણ

મહાપુરૂષોથી સ્થાનકવાસીના ત્રણ સંપ્રદાયો પ્રવૃત્ત થયા. ઉક્ત ત્રણે મહાત્માઓ પોતપોતાની દિશામાં ક્રિયાના આવરણને ઉપદેશથી દૂર ખસેડી સત્ય ધર્મનો ઉપદેશ આપી ધર્મનો ફેલાવો કરતા હતા. **ધર્મદાસજી** મહારાજે જૂદા જૂદા દેશમાં વિચરી ધર્મનો પ્રચાર કરતા કરતા ૯૯ જણને દિક્ષિત કરી પોતાના શિષ્ય બનાવ્યા. મોટા શિષ્ય મૂળચંદજી ગુજરાતમાં અમદાવાદની ગાદી ઉપર રહ્યા, અને બીજા માળવા, મેવાડ, પંજાબ, મારવાડ તરફ વિચર્યા. ક્રિયાની આવશ્યકતા સમયે ક્રિયા ઉપર વધારે ભાર મૂકાયાથી કેટલાક વખત પછી જ્ઞાન તરફ કાંઇક દુર્લક્ષ્ય થયું. સૂત્ર સિવાય બીજા ગ્રંથો વાંચવા તરફ કાંઇક અરૂચિભાવ પેદા થયો હતો. જ્ઞાન અને ક્રિયાની સમતોલ સ્થિતિમાં કાંઇક વિષમતા પેદા થઇ. એકંદર વિચાર કરતાં આ સ્થિતિ પણ અનિષ્ટ કહેવાય. જ્ઞાન અને ક્રિયા આ બંને અંશને એક લાઈનમાં લાવવાની કુદરતને જરૂર જણાઈ, એટલું જ નહિ, પણ સંવત્ ૧૮૧૫ ની સાલમાં રૂગનાથજી મહારાજના એક શિષ્ય **ભિખનજીએ** પોતાના ઉપર આવેલ અમુક દોષમાંથી બચવાને ઉલટા તર્ક કરી કુયુક્તિઓ લગાડી દયામાર્ગને ઉત્થાપી ગુરૂની સામે વાદ કરી ગુરૂથી જૂદા પડી બીજા તેર સાધુને પોતાના પક્ષમાં ભેળવી તેરાપંથી મત ચલાવ્યો, અને કુયુક્તિના પાશમાંથી પણ લોકોને પાડવા પ્રયત્ન ચાલુ કર્યો. આ પાશમાંથી પણ લોકોને બચાવવાને એક સમર્થ મહાપુરૂષના પ્રાદુર્ભાવની જરૂર હતી. તે જરૂરીઆત કુદરતે તરત પૂરી પાડી.

શ્રી અજરામરજી સ્વામીનો જન્મ.

સંવત્ ૧૮૦૯ માં આ ચરિત્રના નાયક મહાત્મા શ્રી અજરામરજી સ્વામીનો જન્મ થયો, અને દશ વરસની નાની ઉમરમાં એટલે સં. ૧૮૧૯ માં પૂર્વના સંસ્કારબળથી ધાર્મિક રંગભૂમિ ઉપર સત્ય ધર્મોપદેશનો ખેલ ભજવવા, અને આત્મિક

અભ્યુદય કરવા સજ્જ થયા. સંવત્ ૧૮૬૯ સુધી સાઠ વર્ષ પર્યંત ઉત્તરોત્તર ઉચ્ચ, ઉચ્ચતર, ઉચ્ચતમ, સાત્વિક, તાત્વિક, ધાર્મિક, અને આત્મિક દશાના પ્રવાહમાં જીવનના ઉચ્ચ આદર્શો પ્રાપ્ત કરી તેઓ-શ્રીએ માનુષિક મુસાફરીની ધારણા સફળ કરી વિજયી જીવનના અ-નુકરણીય ઉચ્ચ નમૂનાઓ ભવિષ્યકાળને અર્પણ કર્યા, કે જે નમૂનાઓ હવે પછીનાં પ્રકરણોમાં એક પછી એક ક્રમશઃ જોવામાં આવશે.

પહેલા પ્રકરણમાં વિદ્યાર્થી જીવન, બીજામાં ઉપદેશક સુધારક જીવન, અને ત્રીજામાં આધ્યાત્મિક જીવનના ઉચ્ચ આદર્શોનું યથા-યોગ્ય વર્ણન કરવામાં આવશે. જોકે મહાત્માશ્રીના વિહાર અને નિવાસ-પ્રદેશમાં તેમના જીવનના અવશેષ હેવાલ સંબંધી ઘણી તપાસ કરી, જૂના જૂના માણસોને તે હેવાલ સંબંધી પૂછવામાં આવ્યું, પણ તૂટક તૂટક નોંધ અને છૂટક છૂટક વાતો સિવાય પૂરેપૂરો લિખિત હેવાલ ક્યાંય મળી શક્યો નહિ. જે કાંઈ વધારે વિશ્વાસ રાખવા લાયક અને પ્રામાણિક તરીકે ગણી શકાય તેવો હેવાલ **લીંબડી** સંપ્ર-દાયના મર્હુમ પૂજ્યશ્રી **દીપચંદજી** સ્વામીની લખાવેલ નોટ ઉપરથી અને હુકમીચંદજી મહારાજના સંપ્રદાયના સુપ્રસિદ્ધ વિદ્વાન્ મહાત્મા **શ્રીલાલજી** મહારાજના કહેવાથી મળી શક્યો છે, જેથી તે બંને મહાત્માઓનો આ સ્થળે આભાર માનવાની તક હાથ ધરવામાં આવે છે. પૂરતા સાધનોને અભાવે જો કે મહાત્માશ્રીનાં માતુઃશ્રી કંકુબાઇ મહાસતીનાં ગુરૂણીનું નામ વિગેરે કેટલીએક હકીકત મળી શકતી નથી જેથી આ ચરિત્રની શૃંખલા દરેક અંકોડે અંકોડા સહિત મળી ન ગણી શકાય. તથાપિ આગળ પાછળના અનુસંધાનથી, કાંઇક અનુ-માનથી અને કાંઇક શ્રવણ અનુભવથી સત્યની સીમાનું ઉલ્લંઘન ન થાય તેવી રીતે ચરિત્રના ત્રુટિત અંકોડા સાથે ગોઠવવા બનતો પ્રયાસ કરવામાં આવ્યો છે, છતાં તેમાં કોઇ અંશે ન્યૂનાધિકતા થયેલ હોય તો "**मिथ्या मे दुष्कृतम्.**" કિમ્ બહુના ? ૐ **શાંતિ:**

ॐ નમઃ ॥

પૂજ્ય શ્રી

અજરામરજી સ્વામીનું જીવનચરિત્ર.

પ્રકરણ ૧ લું.

વિદ્યાજીવન.

સુગુણોની ભૂમિકા.

આર્યભૂમિની ભવ્યતાથી ભૂષિત **હાલાર** પ્રાંતમાં પ્રસિદ્ધિ પામેલા જામનગર ઉર્ફે **નવાનગર** પાસે **પડાણા** ગામમાં સંવત્ ૧૮૦૯ ના વર્ષમાં સ્વામીજીનો જન્મ થયો હતો. તેમના પિતા **માણેકચંદ** શાહ ઓશવાળ જ્ઞાતિમાં સારી પ્રતિષ્ઠા પામેલા અને જયવંતા જૈન ધર્મની જ્યોતિમાં જાગૃત થયેલા એક સદ્ગૃહસ્થ હતા. તેમનો સ્વભાવ શાંત અને ગંભીર હતો. સ્વામીજીની માતા કંકુબાઈ ખાનદાન કુટુંબમાં ઉછરેલાં હોવાથી ઉચ્ચ સંસ્કારી હતાં. તેમના હૃદયમાં દયાની ઉંડી લાગણી હતી. નિર્દોષ પ્રેમના ઝરાનો પ્રવાહ દુઃખી અંતઃકરણો તરફ સદંતર વહ્યાં કરતો હતો. તેમના સ્વભાવમાં સૌમ્ય અને શાંતિ સ્ફુરી રહ્યાં હતાં. પુત્રને વારસામાં આપવા પડશે એવા આશયથી તેમના અંતરાત્માએ ઘણા સદ્ગુણોનો સંગ્રહ કરી રાખ્યો હતો. સ્વામીજીની બાલ્યાવસ્થા નિશ્ચિંતતાનું રાજ્ય ભોગવતી નિર્દોષ ક્રીડા અને રમતગમતમાં પસાર થતી હતી. તે દરમ્યાન પુત્રના જીવનરૂપી

વૃક્ષને સુવ્યવસ્થિત કેળવણીના અમૃત રસનું સિંચન કરી નવપલ્લવિત બનાવવામાં માળીની ઉપમાને લાયક થયેલ પિતાશ્રી માણેકચંદ શાહના સ્વર્ગવાસથી બાલ્યાવસ્થાની સ્વાભાવિક નિશ્ચિંતતાના રાજ્યનું ભવિષ્ય જે આજસુધી લોકોની દૃષ્ટિએ આહ્લાદક ગણાતું હતું તે આબાદીને ધક્કો લાગ્યો. વ્યવહારના રથની ધુંસરીનો એક છેડો સ્વામીજીના અવ્યક્ત હૃદયની અપરિપક્વ લાગણી ઉપર પડયો. આપણી નજરે સમજણ અને ઇચ્છા વગરના, પણ વાસ્તવિક રીતે આંતર્ સમજણ સહિત તે હૃદયને આ બોજો કાંઇ થોડો નહોતો; જોકે આ વખતે તેમની ઉમર માત્ર પાંચ વર્ષની હતી, તોપણ સમજણ દસ વર્ષના છોકરા જેવી હોવાથી કાચા હૃદય ઉપર પડેલા બોજાએ કાંઇક શરીર ઉપર અસર કરી; પણ સમયસૂચક માતાની ઉત્તમ પ્રકારની ધીરજ અને ઉપદેશકારક હિંમતે તે માઠી અસરનો અટકાવ કર્યો; અને સાથે સાથે હિંમત અને ધીરજના પાઠનો પણ અભ્યાસ થયો. તે અભ્યાસથી માતા તરફથી વારસામાં મળેલાં ધૈર્ય અને હિંમતના સંસ્કારો પ્રભાતના સૂર્યોદયથી ઉંઘમાંથી ઉઠેલા માણસોની પેઠે જાગૃત થયા, અને અનુકૂળ સિંચનથી ઉછરવા લાગ્યા. પતિના અચાનક વિયોગથી કંકુબાઇની આંતર્ દશામાં વિચિત્ર ફેરફાર થયો. વસ્તુઓની અસારતાનું ભાન થયું. સંયોગો એક દિવસ વિયોગના રૂપમાં બદલાઇ જઈ, સુખ કરતાં વધારે દુઃખ આપી વિરામ પામે છે એ વિચારનો ઉદ્ભવ થયો, અને તે વિચારોએ વૈરાગ્યનો પાયો નાંખ્યો. સાંસારિક સમસ્ત સૌંદર્યના પડદાની પાછળ છવાઇ રહેલી વિષમતાનો અનુભવ થયો. આંતર્ દશામાં ઉજ્જવલતાનો ઓપ ચડવા લાગ્યો.

બીજી તરફ સ્વામીજીના વિદ્યાર્થી જીવનની શરૂઆત થઇ. પૂર્વના ક્ષયોપશમ અને વર્તમાનની પૂરતી કાળજીને લીધે બુદ્ધિ બહુ જ તીક્ષ્ણ

જણાઈ; પણ તેને શીઘ્ર કાર્યસાધક કયે રસ્તે બનાવવી તે ચિંતાનો ઉપદ્રવ માતુઃશ્રીના મનમાં થયો. તુરતમાં બીજી સગવડ ન હોવાને લીધે ગામઠી નિશાળનો આશ્રય લઈ ગુજરાતી ભાષાના અભ્યાસમાં વિદ્યાર્થી જીવનને વેગ મળ્યો. બાલ્યાવસ્થાની સહચારિણી બાળચેષ્ટાની જગાએ કાંઈક પ્રૌઢતાનો નિવાસ થયેલો હોવાથી બીજા વિદ્યાર્થીઓની માફક નિરર્થક કાળક્ષેપ બહુ ઓછો થતો હતો, જેથી સ્વચ્છ બુદ્ધિ અને સતત ઉદ્યમ સાથે મળી વિદ્યાજીવનની ફતેહમંદીની સાક્ષી પૂરવા લાગ્યા.

વિદ્યાર્થી જીવનનો પ્રારંભ.

નિશાળથી છૂટા થયા પછી મળેલા અવકાશમાં માદીકરો જ્યારે એકઠાં બેસી વાતચીત કરતાં, તે વખતે દીકરાને માતુઃશ્રી તરફથી સંસારની અસારતાનો પાઠ શીખવવામાં આવતો, અને ઉદાસીનતાનો ઉત્તમ બોધ, તેમજ વૈરાગ્યની વિચિત્ર વાતો સંભળાવવામાં આવતી. આ બોધક વાતો એવી નિશ્ચયાત્મક અને અસરકારક હતી કે કુમળા હૃદયમાં તે વાતો ધર્મ અને વૈરાગ્યના સંસ્કાર ઉત્પન્ન કર્યા વગર એમને એમ જ હવામાં ઉડી જતી નહિ, અને તેથી કરીને અધિકારી હૃદયમાં વખતોવખત વૈરાગ્યના સંસ્કારો જામ્યા જતા હતા, અને તે સંસ્કારો વિદ્યાજીવનની નૌકાને પાછળના પવનની પેઠે ધર્મની દિશામાં ધસડતા હતા. પણ હજી મનની અપરિપક્વતાને લીધે પૂરતો વેગ મળી શકતો નહોતો. વયને પક્વ બનાવનાર કાળના બળે, પ્રતિબંધને દૂર કરી વેગ વધારનાર બળ પૂરૂં પાડયું. નવ વરસની ઉમરમાં તો તે વૈરાગ્યના સંસ્કારો સૂર્યોદયથી કમળની પેઠે પૂર્ણ ખીલી નીકળ્યા. માતુઃશ્રીના વિરક્ત વિચારો તેમાં સહાયભૂત થયા. થોડા વખતમાં માદીકરાના વિચારોની એકતા થઇ, અર્થાત્ નિશ્ચયાત્મક ચાકડા ઉપર બંનેના ઘટની

ઘટના ઘડાઈ વિચારપિંડ એવો ઉતર્યો કે " કોઇ પણ પ્રકારના ભોગે આત્મકલ્યાણુનો રસ્તો લઇ તેમાં વિહાર કરવો. " માતાની દૃષ્ટિ આગળ તે રસ્તો રમી રહ્યો હતો કે આત્મકલ્યાણુ માટે સીધો રસ્તો નિઃસ્વાર્થમય પરોપકાર પંથ પ્રવર્તિની જૈનીય પ્રવ્રજ્યા છે; પણુ તેની વાસ્તવિક વિકટતા નજર આગળ તરી રહી હતી. પોતાને માટે તે કષ્ટમાં કાંઈ વિકટતા ભાસતી નહોતી, પણુ નાની ઉમરના પુત્રનું કોમળ શરીર તે કષ્ટ કેમ ખમી શકે? એ એક સવાલ ઉત્પન્ન થયો. સાંસારિક પ્રેમની ગ્રંથિએ તેમાં ગુંચવાડો પેદા કર્યો, પણુ સ્વામીજીએ હિંમતભરેલા વાકયોમાં હૃદયના ઉચ્ચતર શૌર્યનું દિગ્દર્શન કરાવી તરત તેનો નિવેડો કરી દીધો કે " હૃદયની હિંમત આગળ તે કષ્ટ કાંઈ દુઃસહ નથી. મારી ઉમર ભલે નાની હોય, પણુ અંતઃકરણુ ને આત્મા કાંઈ નાનાં નથી. મારૂં કુમળું શરીર વધારેમાં વધારે જેટલું કષ્ટ ખમી શકવાનું તમે ધારો છો તેના કરતાં ચારગણું, આઠગણું કે તેથી પણુ વધારે કષ્ટ હું મારી માનસિક શક્તિ યા આત્મિક શક્તિથી સહન કરી શકીશ, એમ હું ખાત્રીપૂર્વક માનું છું. માટે માતુઃશ્રી! આપ નિશ્ચિંત રહો. મારા આત્માના કલ્યાણુ કરવાના કામમાં વિલંબ ન કરો. તે વિલંબથી થતું નુકસાન મને પોતાને બહુ મોટું લાગે છે. વિના કારણે તે નુકસાન ખમવા મારૂં મન ઘણું નારાજ છે. " **का हानिः समयक्षतिः ॥ धर्मस्य त्वरिता गतिः ॥ समयं गोयम मापमायए ॥** શીખ્યા વગર ઉપલાં વાકયોની મનમાં જાણે ઉપસ્થિતિ થઇ હોય, તેમ વૈરાગ્યના વેગમાં વધારો થતાં માતુઃશ્રીને પુત્રની સહનશક્તિ વિષે ખાત્રી થવાથી ઉચ્ચ ધારણા તત્કાળ પાર પાડવાનો બંનેએ નિશ્ચય કર્યો. સામાન્ય નિયમ એવો છે કે " સામાન્ય યા વિશેષ, નબળો અથવા સબળો કોઇ પણુ વિચાર ઉત્પન્ન થયા પછી પોતાના યા પરના

સમાન અને ઉત્કૃષ્ટ વિચારોથી તેને પોષણ મળે છે, અને વિરૂદ્ધ વિચારોથી ઘસારો લાગે છે. પોષક વિચારો મૂળ વિચારને દૃઢ નિશ્ચયરૂપ બનાવી કૃતિરૂપમાં મૂકે છે, અને ઘાતક વિચારો મૂળ વિચારને નિઃસત્ત્વ કરી નિષ્ફળ યા નિરારંભી બનાવે છે. " ઉક્ત નિયમ પ્રમાણે પુત્રના ઘાતક નહિ પણ પોષક વિચારોએ માતુઃશ્રીના વિચારોને સારી રીતે પોષણ આપી મજબૂત નિશ્ચયરૂપ બનાવી કૃતિરૂપમાં મૂક્યા; અર્થાત્ પુત્ર તરફના પ્રેમને લઇને ઉત્પન્ન થયેલા ગુંચવાડાથી જે કાંઇ શિથિલતા જણાઇ હતી તે દૂર થઇ ગઈ. તેની જગ્યાએ શૂરાપણાનો વાસ થયો, સુસ્તીને સ્થાને જાગૃતિ અને ઉપેક્ષાને સ્થાને અપેક્ષા ઝળકવા લાગી. બંનેના હૃદયમાં સંસાર તરફની ઉદાસીનતા છવાઈ રહી, અને આત્મિક ઉદ્ધાર કરનાર માર્ગ તરફ પ્રયાણ કરવાના ઉત્સાહમાં અપરિમિત વધારો થયો, જેથી પરિચિત ધર્મિષ્ઠ માણસની સલાહ લઈ લાગતા વળગતા સંબંધીઓને સૂચના આપી મા દીકરો બંને જણ **ગોંડળ** ગયાં. **ગોંડળ**માં તે વખતે મહાત્માશ્રી **હીરાજી** સ્વામી તથા **કાનજી** સ્વામી થાણા ૨ ચાતુર્માસ બિરાજતા હતા. તેમને યથાવિધિ વંદન કરી બેઉ જણાં મહાત્માશ્રીની સન્મુખ બેઠાં. મહાત્માશ્રીએ તેમનાં નામ ઠામ આગમન–પ્રયોજન પૂછ્યાં. જવાબમાં માતુઃશ્રી કંકુબાઇએ હૃદયની સર્વે હકીકત જાહેર કરી, નમ્ર ભાવથી સલાહ માંગી કે " હે કૃપાળુ દેવ! આપને શરણે આવેલાં અમોને એવો માર્ગ દર્શાવો કે જેથી અમારો આત્મિક ઉદ્ધાર થવાની સાથે સર્વ દુઃખસમૂહનો સદંતર નાશ થાય. " પ્રત્યુત્તરમાં મહાત્માશ્રીએ આશ્વાસનની સાથે હિંમત આપી કે " તમારા વિચારો બહુ ઉમદા છે. જેને જેની ઉત્કટ ઇચ્છા છે તેને તે માર્ગ મોડો યા વહેલો મળી જ રહે છે. તમને સન્માર્ગ લેવાની ઇચ્છા છે તો તમે નિશ્ચિંતપણે અહીં રહો. ખુશીની સાથે અમો સન્માર્ગે દોરવા

માટે એક ભોમીઆ માણસ જેટલી મદદ આપીશું. જોકે તે માર્ગમાં ચાલવું બહુ મુશ્કેલ છે, ભયંકર પરિસહો અને કષ્ટદાયી આચાર સાધારણ શક્તિના માણસને હંફાવી નાંખે છે, તોપણ જેના હૃદયમાં શૌર્ય ઝળકતું હોય, અને આત્મિક યા માનસિક બળનો ઝરો વહેતો હોય તેને તે વધારે મુશ્કેલ નથી. જેની વૃત્તિ સાંસારિક કૃત્યોથી તદ્દન ઉખડી ગઈ હોય, અને વૈરાગ્યના તરંગમાં તરબોળ બનેલી હોય, તેને માટે અમારા માર્ગ જેવો નિર્ભય અને સુખપ્રદ બીજો કોઇ માર્ગ નથી. તમારા બોલવા ઉપરથી તે માર્ગ મેળવવા તમોને અતિ ઉત્કંઠા ઉત્પન્ન થઈ જણાય છે, તો ભલે અત્યારથી જ સન્માર્ગની મુસાફરીના ઉમેદવાર બનો.” મહાત્માશ્રીનાં ઉપલાં વચનોથી નવીન ઉમેદવારોનાં હૃદયોને સ્પષ્ટ ખુલાસો થયો. ત્યાં રહી ધાર્મિક અભ્યાસની શરૂઆત કરી. માતાની ઉમર પરિપકવ હોવાથી બુદ્ધિ સાધારણ હતી, પણ પુત્રની બુદ્ધિ ઘણી તીક્ષ્ણ હતી. વાક્ય કે શ્લોક એક અથવા બે વાર સાંભળવાથી કંઠસ્થ થઇ જતાં. ગમે તે નવીન કાવ્ય એક કે બે વખત સાંભળીને પોતે મોઢે કહી દેતા, ત્યારે અજાણ્યા માણસને એમ જ લાગતું કે આગળ ગોખી મોઢે કરી રાખેલાં હશે, પણ આ અભિપ્રાયમાં તેઓ ભૂલતા હતા. આવી ઉગ્રવેગી બુદ્ધિથી જેટલો અભ્યાસ બીજાથી બાર મહિને થઈ શકે તેટલો ત્રણ કે ચાર મહિને વગર મહેનતે થઇ શકયો, તે બ્રહ્મચર્ય અને જ્ઞાનાવરણીયના ક્ષયોપશમને આભારી છે. બુદ્ધિની ચાલાકી માત્ર અંતર્માં જ છૂપાઇ રહી નહોતી. ચેહેરા અને કપાળ ઉપર પણ પ્રકાશના પૂંજમાં ચાલાકી ચળકી રહી હતી. પરીક્ષક માણસો તે ચાલાકીના ચળકાટની પરીક્ષા સહેજમાં કરી લેતા, અને તેનો દાખલો **ગોંડળ**માં જ એક **ગોંસાઇ**ના સંબંધમાં બન્યો હતો. આપણા ચરિત્રના નાયક મોક્ષના ઉમેદવાર એક વખત જમવા

જતા હતા ત્યારે હવેલીમાં બેઠેલા **ગોંસાઇજી**ની દષ્ટિ તેમના ઉપર પડી. કદરદાન યા પરીક્ષક દષ્ટિએ ચેહેરા અને કપાળ ઉપર ચંદ્રમા જેવા પ્રકાશથી ઉત્તમ ગુણો અને બુદ્ધિની ચાલાકી પીછાની લીધી. તેમને બોલાવી પોતાના શિષ્ય કરવા ફોસલાવવાની યુક્તિનો માર્ગ શોધવા લાગ્યા. જમીને પાછા વળ્યા તેટલામાં **ગોંસાઇજી**એ એક નોકર મોકલી રસ્તામાંથી આપણા નાયકને હવેલીમાં બોલાવ્યા. પોતાની પાસે બેસાડી ગામ નામ ઠામ વિગેરે પૂછી પ્રયોજનની પૃચ્છા કરી. સંસારથી ઉદાસીન થયેલાએ જવાબ આપ્યો કે " મોક્ષની મુસાફરીની ઉમેદ રાખનાર હું અહિં એક જૈન મહાત્માશ્રી પાસે ઉમેદવારી કરૂં છું. હાલ તે મહાત્માશ્રીની કૃપા તળે રહીને વિદ્યાભ્યાસ કરૂં છું." **ગોંસાઇજી**એ આ વખતે પ્રેમોત્પાદક આકર્ષક મિષ્ટ વચનોમાં સામાન્ય વાતચિત કરી જવાની અનુજ્ઞા આપવા પેહેલાં ભલામણ કરી કે, " જ્યારે જ્યારે અહિંથી નીકળો ત્યારે અહિં આવવું હો. કોઈ રીતે જૂદાઈ જાણવી નહિ. કાંઈ પણ વસ્તુ જોઈતી હોય તો મને કહેજો." ઉમેદવારે કહ્યું કે "બહુ સારૂં. મને બીજું કાંઈ જોઈતું નથી." આટલું બોલી ત્યાંથી ગયા પછી ફરી એક બે વાર **ગોંસાઇજી**ના બોલાવવાથી ત્યાં આવ્યા. ત્યારે **ગોંસાઇજી**એ એક વખત પ્રસંગ જોઈ પોતાના પક્ષમાં લલચાવવા સંવાદ શરૂ કર્યો.

ગોંસાઇજીઃ—" છોકરા ! આ ઉમેદવારીથી તેં સંસાર ત્યાગ કરવાનો નક્કી વિચાર કર્યો છે ? "

ઉમેદવારઃ—" જી હા. મારો વિચાર નક્કી છે."

ગોંસાઇજીઃ—" લઘુ વયમાં તેવો વિચાર કેમ થયો ? "

ઉમેદવાર—"સંસારની નિઃસારતાનું ભાન થાય, ને પૂર્વના સંસ્કાર સારા હોય તો લઘુ વય તેમાં કોઈ રીતે પ્રતિબંધક નથી."

ગોંસાઇજી:—"અમૂકની પાસે જ ઉમેદવારી કરવી એમ તું બંધાએલો છે?"

ઉમેદવાર:—" તેમાં બંધનરૂપ કશું પણ હોય જ શાનું ? પણ સાચા સદ્ગુરૂની પાસે તે ઉમેદવારી કરવી એમ તો મારા મનમાં નિશ્ચય કરેલો છે."

ગોંસાઇજી:—" અહિં મારી પાસે રહેવાથી તારી ધારણા પાર પડી શકશે, એટલું જ નહિ પણ અહિંઆં તેવું કાંઈ કષ્ટ પણ નથી. સારાં વસ્ત્રો–આભૂષણો પહેરવાં, અને પરમેશ્વરની ભક્તિ કરવી, કે જેથી સહેલી રીતે મોક્ષની પ્રાપ્તિ થઈ શકે. તેની સાથે અત્યારે તું હા પાડતો હોય તો, મારી તમામ મિલકતનો વારસ હું તને બનાવું. મારી કેટલી મિલ્કત છે તેની માહીતી તને ન હોય તો કોઈને પૂછીને વાકેફ્ થા. આ વખતે મને તારા ઉપર બેહદ પ્રીતિ ઉત્પન્ન થઈ છે, તેથી જ ઉપરની વાત જણાવું છું. કેમ? થાય છે વિચાર ? સ્વતંત્ર હોય તો મનને પૂછી નિશ્ચય કર."

ઉમેદવાર:—" ગોંસાઇજી મહારાજ, આપ કહો છો તે કદાચ બરાબર હશે, પણ જે માણસો પૈસાની લાલચમાં લપટાય તેમાંનો હું એક નથી. પણ 'બે લાત' મારનારી 'દોલત'ને સામી લાત મારી નિઃસ્પૃહતાની ખૂબીનો અનુભવ કરનારાઓમાંનો હું એક છું. આપની મિલ્કત આપને મુબારક હો ! લાખો કે કરોડો તો શું, પણ કદાચ બાદશાહી મળતી હોય તો તે પણ મારા મનને લલચાવી શકે નહિ. જે માર્ગમાં કાંચન તથા કામિની લાલચરૂપ થતાં નથી તે જ માર્ગમાં ચાલવાનો મેં ખરો નિશ્ચય કર્યો છે, માટે એ બાબતમાં ફરીથી નાહ

બોલશો એવી મારી નમ્ર પ્રાર્થના છે. આપને તેવી વાતચીત કરવી હોય તો હું રજા લઉં છું, કારણકે તે વાત સાંભળવા પણ હું ખુશી નથી."

એ પ્રમાણે બોલી સ્વામીજી ત્યાંથી વિદાય થયા.

ઉપલાં વાક્યોમાં વૈરાગ્યની દૃઢતા, મનની નિશ્ચલતા અને નિસ્પૃહતા કેવા ઉંચા પ્રકારની છે તેની પ્રતીતિ થાય છે. એક બાળકના મ્હોંમાંથી બીક રાખ્યા વગર નીકળેલા બેતમાના જુસ્સાભરેલા શબ્દો ગોંસાઇજીને નિરૂત્તર બનાવી તેના અંતર્માં સંતોષ વળાવવા કાંઈ થોડા ઉપયોગી નહોતા, એટલું જ નહિ પણ તે શબ્દો સાંભળનારને બોલનારની ચાલાકી, ચાતુરીનો પુરાવો આપતા હતા. બુદ્ધિની તીક્ષ્ણતાને અભ્યાસના ઉપયોગમાં લેતાં ચાતુર્માસનો સમય પૂર્ણ થયો. મુનિઓના કલ્પ પ્રમાણે કાર્તિક વદ ૧ ના રોજ મહાત્માશ્રી હીરાજી સ્વામીએ વિહાર કર્યો તેની સાથે નવીન ઉમેદવારે પણ પ્રયાણ કર્યું. માતુઃશ્રી કંકુબાઈએ પણ પુત્રને મહાત્માશ્રીની સાથે ફરવાની અનુમતિ આપી, પોતે આર્યાજી સાથ અભ્યાસ કરવા રહ્યા. થોડા વખતમાં ચારિત્રની દુષ્કરતાનો અંગત અનુભવ મેળવી વૈરાગ્યના રંગને પરિપક્વ (કિરમજના રંગની પેઠે વસ્ત્ર ફાટયા સિવાય ઉડે નહિ તેવો પાકો) બનાવી દિક્ષાની અનુજ્ઞા લેવા માદીકરો પોતાને ગામ આવ્યાં.

જૈની દિક્ષા.

જૈની પ્રવ્રજ્યા એ કાંઇ બે ચાર વર્ષની રમત નથી, પણ જીંદગી પર્યંતનું સાટું–સોદો છે. વળી તે સહેલગાહ કરવાની શેરી કે મોજમજાનો માર્ગ નથી, પણ ખાંડા (તલવાર) ની ધાર ઉપર ચાલવાની કસરત છે; દાંતવતી લોઢાના ચણા ચાવવાની ચતુરાઇ છે; મીણના ઘોડા

ઉપર બેસી અગ્નિની આંચમાંથી પસાર થવાનું પગથીઉં છે; અવલંબન વગર આકાશમાં અધર નટની દોરી ઉપર દોડવાની દક્ષતા છે. ચૌદમા જીન સ્તવનમાં **આનંદઘન**જીએ કહ્યું છે કેઃ—

ધાર તરવારની સોહેલી દોહેલી,
ચૌદમા જીનતણી ચરણ સેવા;
ધારપર નાચતા દેખ બાજીગરા,
સેવના ધારપર રહે ન દેવા. ધાર.

આ દુષ્કરતા તે માત્ર ઘરબારનો ત્યાગ કરવો, તૈયાર જે મળે તે ખાવું, ઉનું પાણી પીવું, પગે ચાલી પંથ કાપવો, શીત તાપ સહન કરવા, કેશનો લોચ કરવો, ભૂમિશય્યા કરવી, પૈસા કે ધાતુની ચીજ ન રાખવી, એ બાહ્ય કષ્ટ અથવા બાહ્ય ત્યાગરૂપ જ નથી, કિંતુ આંતરૂત્યાગ, કષાયવિજય, ઈંદ્રિયદમન, મનોનિગ્રહ, ઉપશમ, તિતિક્ષા કરવી, એ જ દુષ્કરતાને લઇને સંયમ માર્ગની વિશેષ દુષ્કરતા છે. આંતરૂત્યાગ વગર બાહ્યત્યાગ વિશેષ ફલપ્રદ નથી. કહ્યું છે કેઃ—

આવે નહિ મન ઠામ જબલગ આવે નહિ મન ઠામ;
તબલગ કષ્ટ ક્રિયા સબ નિષ્ફળ, જ્યું ગગને ચિત્રામ. જબલગ. ૧
મુંડ મુંડાવત સબહી ગડરીઆ, હરણ રોઝ બન ધામ;
જટા ધરે વટ, ભસ્મ લગાવત, રાસભ સહત હે ઘામ. જબલગ. ૨
એનેપર નહિ જોગકી રચના, જો નહિ મન વિશ્રામ;
અંતર ચિત્ત છલનેકું ધ્યાવત, કહા જપે મુખ રામ. જબલગ. ૩
વચન કાય ગોપે દ્રઢ ન ધરે, ચિત્ત તુરંગ લગામ;
તાપે તું ન લહે શિવ સાધન, જ્યું કણ સુને ગામ. જબલગ ૪

ઘણા લોકો માન પાન, કીર્તિ ગૌરવ પ્રતિષ્ઠાની ખાતર બાહ્ય ત્યાગ કરે છે, પણ આંતરૂ ત્યાગ તો ખરા વૈરાગ્યથી જ થાય છે.

" ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના " ઇત્યાદિ પ્રસિદ્ધ વચન છે. આંતર્ ત્યાગ વગર બાહ્યત્યાગ એ કેવળ દંભ છે.

यत:

असंवुडेणं भंते अणगारे सिझइ बुझइ मुच्चइ परिनिव्वायइ सव्व दुक्खाणमंतं करेइ ? गोयमा नोइणठे समठे. सेकेण ठणं भंते जावअंतंन करेइ. गोयमा असं वुडे अणगारे आउयवज्जाओ सत्त-कम्म पयडिओ सिढिलबंधणबद्धाओ धणियबंधणबद्धाओ पकरेइ रहस्सकालठिईआओ दीहकालठिईआओ पकरेइ मंदाणुभा-वाओ तिव्वाणुभावाओ पकरेइ अप्पपएसगाओ बहुपएसगाओ पकरेइ इत्यादि. भग० श० १ उ० १ "

અર્થાત્:—ઘરબારનો ત્યાગ કર્યો, પણ અંદરના આશ્રવદ્વાર જેણે રોક્યા નથી એવા દંભસેવી સાધુ ભવબીજ રૂપ કર્મ પ્રકૃતિ સ્થિતિ રસ ઘટાડવાને બદલે ઉલટા વધારે છે, ચીકણા કર્મ બાંધે છે. એટલા માટે આંતર્ રિપુ ઉપર જય મેળવવો એ જ બાહ્યત્યાગનું લક્ષ્ય હોવું જોઇએ.

દિક્ષા લેવાના ઉમેદવારે અને તેના આશ્રયદાતા ગુરૂએ પ્રથમ પૂરતી તપાસ કરવી જોઈએ કે ઉમેદવાર માનસિક શક્તિ, શારીરિક શક્તિ, ને બાહ્યત્યાગની સાથે આંતર્ ત્યાગનો નિર્વાહ કરી શકશે? અટપટા પ્રસંગોમાં કોઈ પણ રીતે પતિત થયા વિના પૂર્ણ રીતે જીવન-પર્યંત ખાંડાની ધાર ઉપર ચાલવાને અડગ રહી શકશે કે ?

આ કસોટી માટે ચોથા આરામાં જ્યારે ભવિષ્યવેત્તા જ્ઞાની પુરૂષો વિદ્યમાન હતા ત્યારે ભલે વખતની રાહ જોવાની જરૂરીઆત

ન હોય, પણ આ સમયમાં તો અમુક વખત સુધી આસપાસના સંયોગો, જાતિ, કુળ, શરીર અને મનોબુદ્ધિની સ્થિતિ એ સર્વેની પૂરતી તપાસ કરવાની જરૂર છે, અને વંશ વધારવા કે વાડા વાળવાનો લોભ રાખ્યા સિવાય પૂરતી તપાસથી જ પ્રવ્રજ્યાની પ્રતિપત્તિ કરાવવામાં આવે તો પછી અધુના ઉપરાઉપરી સાધુઓમાં પતિત થવાના અનેક દાખલાઓ વર્તમાનપત્રોમાં વાંચવામાં આવે છે, તેમ બનવા ન પામે.

લીંબડી સંપ્રદાયનો રીવાજ.

લીંબડી સંપ્રદાયનો પ્રથમથી જ એવો રીવાજ ચાલ્યો આવે છે કે દિક્ષાના ઉમેદવારને એકદમ દિક્ષા આપવી નહિ, પરંતુ તેની જાત અને કુળની પૂરતી ખાત્રી મેળવી, પ્રાયઃ થોડામાં થોડા છ મહિના સુધી સાધુની સાથે રાખી, તેને સાધુની ક્રિયાનો અનુભવ આપવો. કષ્ટની દુષ્કરતાનું દિગ્ભાન કરાવી તેના મનને કસોટીએ ચડાવી તેના વૈરાગ્યની ખાત્રી કરવી. ખાત્રી થયા બાદ ઉમેદવારનાં નજીકનાં સગાં વહાલાંઓની રાજીખુશીથી રજા લઈ તેનું લખત કરાવી સંપ્રદાયના નેતાઓની પાસે મોકલવું જોઈએ. તે ઉપરથી અનુભવવૃદ્ધ સાધુજી તથા આગેવાન શ્રાવક સંમતિ આપે ત્યારપછી દિક્ષા આપી શકાય. સંમતિ આપતી વખતે ઉમેદવારની ઉમર અને તેના કુટુંબની સ્થિતિ તપાસવામાં આવે છે. આધુનિક જમાના પ્રમાણે બહુ નાની ઉમરનો કાચી સમજણ અને અપરિપક્વ વિચારવાળો હોય તો તેના લખતમાં શેરો કરવામાં દીર્ઘ વિચાર કરાય છે ઉમેદવારના માબાપ ભાઇ કે સ્ત્રી નિરાધાર સ્થિતિમાં હોય, તેમના નિર્વાહનો આધાર ઉમેદવારપર જ હોય, અને તે નીકળી જવાથી પાછળના માણસો વિટંબનામાં આવી પડતાં હોય તો આજ્ઞાપત્રમાં શેરો કરતાં દીર્ઘ વિચાર કરાય છે. બનતાં

સુધી સાધુઓ તેવા ઉમેદવારને શિષ્ય બનાવવા સાથે લેતા નથી. આવા ધારાધોરણો સાંપ્રદાયિક સ્થિતિને ઉન્નત બનાવનારા છે. અસ્તુ. કૃતં પ્રસંગેન, ચાલો, હવે આપણી ચાલુ વાત ઉપર આવીએ. ઉપલા ધોરણ મુજબ માદીકરો, કુટુંબીઓ અને નજીકનાં સગાંની પાસેથી આજ્ઞા લેવા લાગ્યાં. તે વખતે તે લોકોમાં ધર્મનો પ્રચાર વિશેષ નહોતો. કેટલાક લોકો સંસારનો ત્યાગ કરી દિક્ષા લેવાના કૃત્યની કિંમત અધમ દૃષ્ટિથી આંકતા હતા. દિક્ષાને અપોચીઆં અને નબળાંના નિર્વાહના સાધન તરીકે ગણુતા હતા. કેટલાક તો હાંસી અને મશ્કરીમાં તે વાત ઉડાવી દેતા હતા. આ અટપટા સંયોગો વચ્ચે કુટુંબીઓને સમજાવવાની બહુ મુસ્કેલી ઉભી થઈ. તથાપિ સ્વભાવતઃ સરળ હૃદય ઉપર માદીકરાના યુક્તિપૂર્વક સમજાવવાથી સંયુક્ત પ્રયાસે ધીમે ધીમે સારી અસર કરી. ભર્તૃહરિએ ખરૂં જ કહ્યું છેઃ—

आर्यावृत्तम् ।

अज्ञः सुखमाराध्यः । सुखतरमाराध्यते विशेषज्ञः ।
ज्ञानलवदुर्विदग्धं । ब्रह्मापि नरं न रञ्जयति ॥

અર્થઃ—જે માણસો તદ્દન અજાણ છે તેને સમજાવવું સહેલ છે; જે વિશેષ ઉંડા ઉતરેલા સંસ્કારી મગજના છે તેને સમજાવવામાં તો કાંઇ પણ મુસ્કેલી નથી; પણ જે માણસો અર્ધદગ્ધ સ્થિતિના છે, એટલે કે નથી જાણુ તેમજ નથી અજાણુ પણ અધવચની સ્થિતિમાં રહેલા છે તેવા દંભી માણુસને પંડિત કે મહાત્માઓ તો નં સમજાવી શકે પણ કદાચ બ્રહ્મા પોતે ઉતરી આવીને સમજાવે તો પણ તેવો અર્ધદગ્ધ માણુસ સમજી શકતો નથી.

ધર્મમાં ઉંડા ન ઉતરેલા પણ કુટિલતાના કરપીણ પંજામાં ન સપડાએલા લોકોના હૃદયમાં જ્યારે "ધર્મ એ આપણું કર્તવ્ય છે, અને સંયમ લેવો એ એક ઉચ્ચ દશાનો નમુનો અને ઉત્તમોત્તમ પગલું છે" એ વાત પ્રમાણપુરઃસર ઠસાવવામાં આવી, ત્યારે રાજીખુશીથી બંનેને અનુમોદન મળ્યું, અને આજ્ઞાપત્ર લખી આપ્યો. તે આજ્ઞાપત્રમાં મોટા સાધુ અને શ્રાવકોનો શેરો કરાવી દિક્ષા લેવાનું સર્ટિફિકેટ મેળવ્યું. જ્યારે મહાત્માશ્રી **હીરાજી** સ્વામી ફરી **ગોંડળ** પધાર્યા ત્યારે શ્રાવકોના ચડતા ઉત્સાહની સાથે અત્યાગ્રહથી **ગોંડળ**માં જ દિક્ષા મહોત્સવ કરવાનો નિશ્ચય કર્યો. શુભ મુહૂર્તે દિક્ષાદિવસ મુકરર કરી મોટી ધામધૂમથી વિક્રમ સંવત્ ૧૮૧૯ ના મહા શુદિ પાંચમના રોજ ચડતે પહોરે મહાત્માશ્રી **હીરાજી** સ્વામીએ ચડતા ભાવથી ઉત્સુક બનેલાં બંનેને દિક્ષા આપી. મહાત્માશ્રીએ **અજરામરજી** સ્વામીને પોતાના શિષ્ય બનાવ્યા, અને પવિત્રાત્મા કંકુબાઈ.............આર્યાજીનાં શિષ્યણી થયાં.

ઉત્સાહ એ જ ફતેહની નીશાની.

સંયમના શિખર ઉપર ચડતાં સ્વામીજીના મનમાં અપૂર્વ ઉત્સાહ ઝળકતો હતો. ભૂખ્યાને ભોજન, તરસ્યાને પાણી, અને લુબ્ધને ધન મેળવવા તરફ જેટલી આતુરતા હોય તેના કરતાં સંસારની મુસાફરીનો અંત આણવા ઇચ્છનાર આ મુસાફરને સંયમ વૃત્તિ તરફ અધિક આતુરતા હતી. દિક્ષિત થયા પછી નિશદિન ગુરૂવર્યની સેવામાં તત્પર રહી પ્રતિદિન અધિકાધિક ગુરૂ મહારાજનો પ્રસાદ મેળવતાં તેઓ શાસ્ત્રાભ્યાસમાં રટણ કરવા લાગ્યા. વખતની તેઓ એટલી કિંમત સમજતા હતા કે જરા પણ વખત વ્યર્થ ગુમાવતા નહિ. કયા કાર્યમાં વખત વધારે ગાળવાથી ફળદાયી થાય તે પણ તે સારી રીતે સમજતા

હતા, જેથી કાર્યનું પૃથક્કરણ કરી વધારે ઉપયોગી અને વધારે અનુકૂળ કાર્ય પ્રથમ હાથ ધરતા. અભ્યાસક્રમમાં આવશ્યક મુનિચર્યાની ક્રિયા સિવાયનો તમામ વખત તે અભ્યાસમાં અને સ્વાધ્યાયમાં ગાળતા હતા. ગુરૂમહારાજનો બીજા સાધુઓ પ્રત્યે એવો આદેશ હતો કે, એના વિના જે કાર્ય થઈ શકે તેવા કોઇ પણ કાર્યમાં અભ્યાસી મુનિનો વખત જવા દેવો નહિ. ઉપલો આદેશ કદાચ ન થયો હોત તોપણ સાથે રહેનાર બીજા સાધુઓની પણ સ્વામીજી પ્રત્યે એવી પ્રેમની લાગણી હતી કે સ્વામીજી પોતે કોઇ કાર્યમાં ભાગ લેવા તૈયાર થતા તોપણ તે કાર્યથી અટકાવી અભ્યાસના કાર્યમાં ઉત્તેજન આપતા. આ બધું સ્વામીજીની શાંત પ્રકૃતિ, મળતાવડો સ્વભાવ, સૌને પોતા તરફ ખેંચવાની પુણ્ય પ્રકૃતિ અને નમ્રતાભરેલા ડહાપણને આભારી હતું. એક તરફ સહચારીઓની સહાયતા ને બીજી તરફ બુદ્ધિની તીક્ષ્ણતા, આ અનુકૂળતાને લઇને અભ્યાસનું કામ અતિ વેગથી આગળ વધતું હતું. તેમનું જીવન વિદ્યાપ્રભાથી અધિકાધિક તેજોમય દેખાતું હતું અને મહાત્મત્વસૂચક સાહજિક લક્ષણોની ખીલવણી થતી હતી.

શિક્ષણ પદ્ધતિ.

દેશ અને કાળને ભેદે શિક્ષણ પદ્ધતિમાં ફેરફાર થતો આવે છે; એટલું જ નહિ પણ **"मुंडे मुंडे मतिर्भिन्ना"** એ ન્યાયાનુસારે પ્રાયે પ્રતિસંપ્રદાય અને પ્રતિપુરૂષ દીઠ શિક્ષણ પ્રકાર જૂદો જૂદો જોવામાં આવે છે. કેટલાએક, "જે ભાષાના શાસ્ત્રોનું જ્ઞાન મેળવવું હોય તે ભાષાના નિયમો જાણ્યા પછી જ તે શાસ્ત્રમાં પ્રવેશ કરવો, અને જે ભણવું તે અર્થ સહિત ભણવું" એમ માને છે, ત્યારે બીજા "ભાષાનું

જ્ઞાન હોય યા ન હોય તો પણ અધ્યયન કરવું, તેમાં પ્રથમ ગોખણ-પટીએ મૂલમાત્રનું અધ્યયન કરી પછી અર્થ ધારવા, ” એમ માને છે. કેટલાએક “ ધર્મશાસ્ત્ર સિવાય કોઇ પણ શાસ્ત્રનું જ્ઞાન મેળવ-વાની ઉપેક્ષા કરે છે;” ત્યારે બીજાઓ “સ્વપક્ષ અને પરપક્ષ બંનેના શાસ્ત્રાલોચનની અગત્ય સ્વીકારે છે. ” પરપક્ષનું જ્ઞાન પણ સ્વપક્ષ ઉત્તેજક છે. આમ અનેક પ્રકાર છે. તેમાં એટલું તો કહેવું જોઇએ કે જૈન શાસ્ત્રીય શિક્ષણ શબ્દ અને અર્થ ઉભયની શુદ્ધિપૂર્વક લેવું જોઈએ. પદ સ્વર કે કાંઇ પણ ફેરફારથી શબ્દોચ્ચાર કે અર્થાવબોધ થાય તો તે જ્ઞાનવિરાધક યા જ્ઞાનાતિસાર ઉત્પાદક બને છે, એટલે શુદ્ધિને માટે ભાષાનું જ્ઞાન તો હોવું જ જોઇએ. એટલા માટે જ પ્રશ્ન વ્યાકરણ સૂત્રમાં પદ વિભક્તિકારક સમાસ તદ્ધિત વગેરે સોળ બોલ કે જે ભાષાનાં અંગો છે તેને જાણીને નિયમસર પ્રયોગ કરનાર જ સત્યવાદિપણાનો નિયમ જાળવી શકે એમ કહેલ છે, જેથી નવદિક્ષિતને સામાન્ય આચારવિચારવિષયક અને સામાન્યતત્ત્વ દિગ્દર્શક જ્ઞાન આપ્યા પછી વ્યાકરણ વિગેરેનું શિક્ષણ આપવું જોઈએ, અને જેમને ઉપદેશકપદ મેળવવું હોય તેમણે તો દરેક મતમતાંતરનું તત્ત્વ સંપાદન કરવું જોઈએ. સ્વસમય પરસમયવેત્તા હોય તે જ ઉપદેશક પદને દીપાવી જૈન ધર્મનો વિજય કરી શકે છે.

આપણા ચરિત્રનાયક સ્વામીજીના શિક્ષણનો પાયો પણ નિરૂક્ત ઉદ્દેશ પાર પાડવાના હેતુથી ધોરણસર ઉંડો નાંખવામાં આવ્યો.

આચાર શિક્ષણ માટે મહાવીર સ્વામી પછી ચૌદપૂર્વી હતા ત્યાંસુધી આચારાંગ સૂત્ર શીખવવામાં આવતું, અને ત્યારપછીના વખતમાં દશવૈકાલિક શીખવવામાં આવે છે, અને વિચાર વિવેક

શિક્ષણ માટે ઉત્તરાધ્યયન સૂત્ર શીખવવામાં આવે છે. ઉત્તરાધ્યયન શબ્દમાંથી જ એ અર્થ નીકળે છે કે 'ઉત્તર' એટલે પછી, 'અધ્યયન' એટલે પઠન જેનું થાય છે તે ઉત્તરાધ્યયન. કોના પછી? તેનો ખુલાસો ઉત્તરાધ્યયન નિર્યુક્તિમાં જ કરેલો છે, જે હમણાં જ ઉપર કહેવાયું છે. આ ધોરણ પ્રમાણે આચારવિચારવિષયક ધાર્મિક જ્ઞાન ઉપરાંત સામાન્ય તત્ત્વાવબોધ મેળવતાં સ્વામીજી સંવત્ ૧૮૨૫ સુધી ઝાલાવાડ કાઠિયાવાડ પ્રદેશમાં વિચર્યા. ત્યારપછી સંસ્કૃતનો વિશેષ અભ્યાસ આગળ વધારવા સારૂ ગુજરાત તરફ વિહાર કરવાનો નિશ્ચય કર્યો. સંવત્ ૧૮૨૬ ની સાલમાં લીંબડીથી મહાત્મા શ્રી હીરાજી સ્વામી, કાનજી સ્વામી, અને ભવિષ્યના મહાત્મા અજરામરજી સ્વામી એ ત્રણ મહાત્માઓએ સુરત તરફ પ્રયાણ કર્યું. દરેક ગામમાં તેઓ બોધની અસરથી લોકોને ધર્મ પ્રત્યે આકર્ષતા, જૈન ધર્મનો ઝુંડો ફરકાવતા, ભરૂચ પહોંચ્યા. ભરૂચની નર્મદા નદી ઉલ્લંઘી, નદીને સામે કાંઠે વિશ્રાંતિ લેવા એક ઝાડ નીચે બેઠા હતા તે દરમ્યાન સુરતનિવાસી ખરતર ગચ્છના શ્રી પૂજ્ય ગુલાબચંદજી પંડિત મિયાનામાં બેસી ભરૂચથી પાછા સુરત જતા હતા. નદી ઉલ્લંઘી માર્ગમાં ચાલનાર સ્વામીજીના શુભ લક્ષણથી અંકિત પગલાં જોયાં. લક્ષણશાસ્ત્રવેત્તા શ્રી પૂજ્યે લક્ષણશાસ્ત્રના બળથી તે પગલે ચાલનાર પુરૂષની ઉત્તમતા પીછાની લીધી. તેને રૂબરૂમાં મળવા માટે આતુરતા થઈ. તે પગલાં તાજાં છે તેથી ચિત્તને હરી લેનાર પુરૂષ બહુ દૂર નીકળી ગયેલા ન હોવા જોઇએ, કિંતુ નજીકમાં જ હોવા જોઇએ, માટે ઉતાવળથી તેની શોધ કરૂં એમ શ્રી પૂજ્યના મનમાં ચટપટી થવાથી જરા ત્વરાથી આગળ વધ્યા તો એક ઝાડ તરફ તે પગલાં જતાં જોયાં, એટલે મિયાનો પણ તે ઝાડ તરફ ચલાવ્યો.

ઝાડ નીચે ઉત્તમ લક્ષણયુક્ત, જોનારના ચિત્તને શાંતિ ઉપજાવી સૌમ્યભાવ અર્પનાર, તે મનોહર મૂર્તિ જોઈ ઉત્પન્ન થયેલા પ્રમોદ ભાવથી તરત મિયાનામાંથી ઉતરી શ્રી પૂજ્ય પૂછવા લાગ્યા કે "મહાશય, આપ ક્યાંથી આવો છો ? અને કઈ તરફ જવાના છો ?" ગુરૂમહારાજ હીરાજી સ્વામીએ જવાબ આપ્યો: "લીંબડી તરફથી વિહાર કરી સુરત તરફ જવા વિચાર છે." સુરતનું નામ સાંભળી મનમાં ખુશી થતા શ્રી પૂજ્યે પૂછ્યું કે "આ લઘુ મુનિ શું આપના શિષ્ય છે ? અને તે આપની સાથે જ રહેવાના છે કે ?" હકારમાં ઉત્તર મળવાથી પુનઃ પૂછ્યું કે "તેમણે શું અભ્યાસ કર્યો છે ? અને શું અભ્યાસ કરવાનો છે ?" ગુરૂમહારાજે તેમના અંતર્નો અભિપ્રાય કહી બતાવ્યો કે "સંસ્કૃતનો વિશેષ અભ્યાસ કરવા તેમના મનમાં ઘણી આતુરતા છે." ત્યારે શ્રી પૂજ્યે જણાવ્યું કે "ઘણી ખુશીની વાત છે. ભણવાની આતુરતા એ એક ઉત્તમતાની નિશાની છે. હવે જ્યારે આપ સુરત પધારો ત્યારે મને મળજો. ભણાવવા માટે આપને બીજા શિક્ષકની શોધ કરવી નહિ પડે. હું મારી જાતે તેમને જે ભણવાની ઇચ્છા હશે તે ભણાવીશ. તેમાં કોઈ પણ રીતે પટંતરો નહિ રાખું. આપ ખરેખર મહાનુભાગી છો કે આવા ઉત્તમ શિષ્યની પ્રાપ્તિ થઈ છે. વધારે શું કહું ? હું એક ભિન્ન સંપ્રદાયી છું છતાં આપના શિષ્યે મારૂં અંતઃકરણ પોતા તરફ ખેંચી વશ કરી લીધું છે. અસ્તુ ! એક જ વિચાર રાખી તુરત સુરત પધારજો." એમ કહી મિયાનામાં બેસી શ્રી પૂજ્ય સુરત તરફ વિદાય થયા.

પ્રતિપક્ષના અગ્રેસર પુરૂષને આકર્ષનાર અને પહેલે જ સમાગમે તેમની પ્રીતિના પાત્ર બનનાર મહાપુરૂષની પુણ્ય પ્રકૃતિમાં કેટલી શ્રેષ્ઠતા

અને તેમનાં લક્ષણોની કેટલી ઉચ્ચતા હશે તે ઉપલા બનાવથી સારી રીતે સમજી શકાય છે. શ્રી પૂજ્યના સમાગમ પછી સુરત પહોંચવાની ત્વરા ઉત્પન્ન થઈ. વગર વિલંબે થોડા વખતમાં તેઓ શ્રી વિહાર કરતા કરતા સુરત આવી પહોંચ્યા. સ્થાનકમાં ઉતર્યા પછી તરત શ્રી પૂજ્યની બતાવેલી નિશાનીથી ગોપીપરામાં ઉપાશ્રય શોધી શ્રી પૂજ્યને મળ્યા; અને ક્યાંથી અભ્યાસ શરૂ કરવો તેના માટે વાતચીત કરી. ટાઈમટેબલની નક્કી ગોઠવણ કરી સ્વસ્થાને ગયા અને બીજા દિવસથી નિયમિત વખતે મહારાજ શ્રી કાનજી સ્વામી સાથે અજરામરજી સ્વામી શ્રી પૂજ્યના ઉપાશ્રયે પાઠ લેવા લાગ્યા. આ દાખલો વિદ્યા મેળવવાની છૂટ માટે ઓછો ઉપયોગી નથી; તે વિદ્યાક્ષેત્રની સીમાને વધારે છે; સંકુચિત દૃષ્ટિને દૂર કરી હૃદયની વિશાળતાનો પુરાવો આપે છે એટલું જ નહિ પણ વિદ્યાર્થી અવસ્થામાં ઉત્તમ વિદ્યાનો લાભ મળતો હોય ત્યાં અમુક સ્થળે ન જવાનું જરા પણ મિથ્યાભિમાન ન રાખવાનો સારો બોધ કરે છે.

સ્વામીજીનો અભ્યાસ તથા શ્રી પૂજ્યે કરેલાં વખાણ.

અભ્યાસ કરતાં કરતાં થોડોક વખત પસાર થયા પછી શ્રી પૂજ્યના સેવકોમાં ચળવળ થવા લાગી; વિરુદ્ધ પક્ષના સાધુને શ્રી પૂજ્ય ભણાવે છે તે સર્પને દૂધનું પાન કરાવવા જેવું કરે છે, તો આ અયુક્ત પ્રવૃત્તિ અટકાવવી જોઈએ: ઘણા લોકોએ આવો એકદેશી સંકુચિત અભિપ્રાય બાંધી શ્રી પૂજ્યને અભ્યાસ ન કરાવવા માટે વિનતિ કરી પણ પાત્રની પરીક્ષા કરનાર માધ્યસ્થ વૃત્તિના શ્રી પૂજ્યે એવો સ્પષ્ટ જવાબ આપ્યો કે જેથી તેઓ સંતોષ પામી, વગર બોલ્યે ઘેર ચાલ્યા ગયા. જ્યારે સામસામા પક્ષમાં વિરોધની પ્રબળતા

હતી, વીસમી સદીના યત્કિંચિત્ માધ્યસ્થ્ય ભાવનો હજી પ્રચાર નહોતો થયો, તેવા સમયમાં ખરી આંતર્ ઉલટથી બીજા ગચ્છના સાધુને વિદ્યાભ્યાસ કરાવવાની શ્રી પૂજ્યજીએ જે ઉદારતા બતાવી તે તેમના હૃદયની માધ્યસ્થ્ય વૃત્તિ અને જાહેર હિંમતનો ચોકસ પુરાવો છે. ખરા વિદ્વાન્ પુરૂષોની તો આવી જ વૃત્તિ હોવી જોઈએ. ખરૂં જ કહ્યું છે કેઃ—

सर्वथा स्वहितमाचरणीयं, किं करिष्यति जनो बहु जल्पः ॥
विद्यते नहि स कश्चिदुपायः सर्वलोकपरितोषकरो यः ॥ १ ॥

ભાવાર્થઃ—પ્રથમ તો પરના હિતમાં જ પોતાનું હિત સમજવું જોઈએ, અને તેવું હિત સાધવામાં લોકો શું બોલે છે કે બોલશે તે સામે ન જોવું જોઈએ, કારણકે કેટલીક વાર વસ્તુસ્થિતિ એક હોય અને લોકો તેથી ઉલટું બોલતા હોય. લોકપ્રવાહમાં અજ્ઞ વર્ગ હમેશાં મ્હોટો હોય છે અને તે પ્રાયે ગાડરીઆ પ્રવાહમાં ચાલનાર હોય છે જેથી તેના ઉપર ધ્યાન આપે તો સ્વહિત સધાય જ નહિ. ગમે તેવું સારૂં કામ હોય તોપણ તેમાં લોકના બે મત થયા સિવાય રહેતા નથી. જાહેર હિંમત હોય તો જ લોકાપવાદ જીતી કાર્ય સિદ્ધ કરી શકાય છે. શ્રી પૂજ્યજીની જાહેર હિંમતને સહસ્રશઃ ધન્ય-વાદ ઘટે છે.

સેવકોની વિરૂદ્ધતા છતાં સ્પષ્ટ જવાબ વાળવાનો હેતુ એ પણ હતો કે આજસુધી **અજરામરજી** સ્વામી જેવી તીક્ષ્ણ બુદ્ધિવાળો સરળ અને સુપાત્ર વિદ્યાર્થી તેમને બીજો કોઈ મળ્યો નહોતો; જેથી ગમે તેવી પ્રતિષ્ઠાને કે પેદાશને ભોગે પણ એ મુનિને અભ્યાસ પૂરો

કરાવવો એવો તેમણે અંતરમાં નિશ્ચય કર્યો હતો. આ પણ એક ઉદારતાનો નમૂનો મતાગ્રહી ત્યાગી લોકોએ અનુકરણ કરવાજોગ છે.

શ્રી પૂજ્યની દૃઢતાભરેલી લાગણીથી સંઘ તરફનું વિઘ્ન દૂર થતાં નિર્વિઘ્નપણે અભ્યાસ કરતાં ચાતુર્માસનો કાળ પરિપૂર્ણ થયો. મુનિના કલ્પ પ્રમાણે વિહાર કરવો જોઈએ અને વિહાર થાય તો અભ્યાસ અધૂરો મૂકવો પડે; તે પણ મૂકી શકાય, પણ ફરી તેવો યોગ ક્યાંથી મળે ? અભ્યાસ પણ ચાલુ રહે અને મુનિનો કલ્પ પણ સચવાય તેવો માર્ગ શોધવાના વિચારનો ઉદય થયો. આપાતતઃ ગુંચવાડો ઉત્પન્ન થયો પણ ગુરૂ મહારાજની સ્થિર બુદ્ધિએ તે ગુંચવાડો વિખેરી દૂર કર્યો અને જણાવ્યું કે જે પરામાં વહોરવા નથી ગયા ત્યાં શેષ કાળ રહી શકાશે અગર તો ચાતુર્માસ પણ કરી શકાશે; અલબત્ત, તેથી દૂર તો થશે અને આવવા જવામાં વખત વધારે લાગશે પણ અભ્યાસ ચાલુ રહેશે. ખરૂં જ કહ્યું છે કેઃ—

सर्वनाशे समुत्पन्ने ह्यर्धं त्यजति पंडितः ।
अर्धेन कुरुते कार्यं सर्वनाशो न जायते ॥ १ ॥

અર્થાત્—અર્ધનાશને ભોગે સર્વનાશ થતો અટકાવવો એ નિર્ણય થતાં સ્વામીજીના મનમાં ઘણી ખુશાલી ઉત્પન્ન થઈ અને સંસ્કૃત અભ્યાસ આગળ વધ્યો; એક પરામાંથી બીજા પરામાં શેષકાળ અને ચાતુર્માસની પરાવૃત્તિ કરતાં કલ્પતી રીતે ૭ વરસ રહી લગોલગ ૭ ચાતુર્માસ સુરત શહેરમાં કર્યાં, અને ત્યાંસુધી શ્રી પૂજ્યે ચડતી પ્રીતિની સાથે નિરંતર અભ્યાસ કરાવ્યો. સ્વામીજીના સુશીલ સ્વભાવ અને નમ્ર પ્રકૃતિને લીધે ભણાવતાં શ્રી પૂજ્યને એકે વખત પણ કંટાળો ન

ઉપજ્યો; કિંતુ જેમ વખત જતો ગયો તેમ તેમ ભણાવવાની પ્રીતિ અને ઉત્સાહમાં અણધાર્યો વધારો થયો હતો. ૭ વરસમાં વ્યાકરણ, કાવ્ય, અલંકાર, સાહિત્ય, નાટક, ચંપૂ, છંદ, સંગીત અને જ્યોતિષનો સારી રીતે અભ્યાસ કરવા ઉપરાંત ન્યાયમાં દીપિકા, મુક્તાવલિ, દિનકરી, આદિ પ્રકરણ ગ્રંથો અને જગદીશ ગદાધરના ગહન ગ્રંથોની સાથે ન્યાયાવતાર, રત્નાકરાવતારિકા અને સ્યાદ્વાદરત્નાકર (જૈન ન્યાય) નો પૂર્ણ અભ્યાસ કર્યો, એટલું જ નહિ પણ તેની સાથે સાંખ્ય-યોગ, વેદાંત અને બૌદ્ધના દાર્શનિક ગ્રંથોનો પણ અનુભવ મેળવ્યો; તેમાંનાં કેટલાંક પુસ્તકો તો ભણતા ગયા ને લખતા ગયા જેની પ્રતો સ્વામીજીના હાથની લખેલી હાલમાં લીંબડીના પુસ્તકભંડારમાં મોજુદ છે; તેમાંના કેટલાક ગ્રંથો ઉપર તો ભણતી વખતે ટિપ્પણી પણ ભરેલી છે. સ્વામીજીના દસ્કત સામાન્ય પણ બહુ સુશુદ્ધ છે. લખાણ બહુ ઝડપથી કરતા હતા તેમ જ લખવાનો બહુ શોખ હતો. આજે લીંબડીના ભંડારમાં દરેક વિષયનાં પુસ્તકો તેમનાં લખેલાં જથ્થાબંધ મળી શકે છે. અભ્યાસના વખતમાં લીધેલા પાઠનું પૂરતી રીતે ચર્વણ કરી લખાણને માટે પણ વખત બચાવતા એ તેમની યાદશક્તિનો અદ્ભુત નમૂનો હતો.

સંસ્કૃત અભ્યાસની પૂર્ણાહુતિમાં, શ્રી પૂજ્યજીએ, પોતાની પાસે ‘ચંદ પન્નતિ’ અને ‘સૂર્ય પન્નતિ’ ની કેટલીક અર્થસૂચક આમ્નાયો હતી કે જેથી ભવિષ્ય અને વર્તમાનનું ચમત્કારિક વિજ્ઞાન થઈ શકે તેવી ગુપ્ત આમ્નાયોનાં પાનાં બતાવી પૂર્ણ પ્રીતિને લીધે યોગ્યતા જાણી તેની કુંચી સ્વામીજીને આપી અને પાનાના ઉતારા માટે રજા આપી કૃપાપ્રસાદનું શિખર ચડાવ્યું.

ભાષા વિજ્ઞાન માટે સંપૂર્ણ શ્રમ લઇ આજના ખંડિત પંડિતોની પેઠે "**खंडे खंडेषु पांडित्यं**" ન મેળવતાં લીધેલી લાઇનનો અંત લીધા સિવાય મૂકવું નહિ એ કાર્યસાધક રીતિને માન આપી, ભાષાજ્ઞાનમાં આરપાર ઉતરી સૂત્રવિજ્ઞાનની લાઇન લેવા સ્વામીજીનો અને ગુરૂ મહારાજજીનો વિચાર થયો. શ્રી પૂજ્યજીનો અંતઃકરણથી અપરિમિત આભાર માની પૂર્ણ સ્નેહરૂપી અમૃત ઝરતી આંખે શ્રી પૂજ્યની રજા લઇ **સુ**રતથી વિહાર કરી થાણા ત્રણ સંવત્ ૧૮૩૨માં **લીં**બડી પધાર્યા. ઘણા વર્ષના વિરહથી ઉત્પન્ન થયેલી દર્શનની પિપાસાવાળા **લીં**બડીના શ્રાવકો તેમના આગમનથી ઘણા જ આનંદિત થયા. વધારે આનંદનું કારણ એ હતું કે સ્વામીજીની વિદ્વત્તાને માટે સૌના મનમાં ઉંચો અભિપ્રાય બંધાયો હતો, અને વખતો વખત અનુભવી લોકો પાસેથી તેમની સારી તારીફ સાંભળી હતી; તેમના ઉચ્ચ સદ્વર્તન અને ઉચ્ચ અભિલાષા માટે સૌને માનની લાગણી ઉત્પન્ન થઇ હતી. છટાદાર ઉપદેશપ્રણાલિ ને અલૌકિક વકતૃત્વ શક્તિથી તેમણે શ્રોતાઓના હૃદયનો પૂર્ણ પ્યાર મેળવ્યો હતો; તમામ શ્રોતાઓ તેમની વાણી ઉપર ફીદા ફીદા થઈ ગયા હતા.

સ્વામીજીની લીંબડીમાં સ્થિરતા તથા વિશેષ અભ્યાસ.

આ વખતે **લીં**બડીની ગાદીએ પૂજ્ય શ્રી **મૂલચંદજી** મહારાજના શિષ્ય પૂજ્ય શ્રી **પ**ચ્ચાણજી સ્વામી આચાર્ય હતા. સાધુઓની સંખ્યા ઘણી હતી પણ જોઇએ તેવી એકતા ન હતી. સુધારણાને માટે કંઇક કલમો બાંધી હતી, પણ તે પળાતી નહોતી. સ્થિતિ છિન્નભિન્ન પ્રાયઃ હતી. તે વખતમાં **લીં**બડીમાં પ્રતિષ્ઠિત, આબરૂદાર અને સત્તાવાન ગૃહસ્થ **ખે**તશી શેઠ હતા. તેમના મનમાં

કોઈ ધર્મ વિષયપર શંકા હતી. તેનો ખુલાસો મેળવવા માટે એચાર મ્હોટા સાધુને પૂછવામાં આવેલું પણ તેથી કાંઇ મનનું પુરેપુરૂં સમાધાન થયું નહિ. પછી અજરામરજી સ્વામીને તે પ્રશ્નો પૂછતાં તેમણે શાસ્ત્રના દાખલાઓ આપી એવી શૈલીથી ખુલાસો કર્યો કે ખેતશી શેઠના મનની શંકાનું પૂરતું સમાધાન થઈ ગયું જેથી તેઓ ઘણા સંતુષ્ટ થયા, અને બુદ્ધિની ચાલાકીથી બહુ અજાયબી પામ્યા. ઘણા શ્રાવકોનું મન સ્વામીજી પ્રત્યે આકર્ષાયું. લીંબડીમાં વધારે વખત રહી શ્રાવકોને પોતાની વાણીનો લાભ આપે એવી દરેકના મનમાં ઉત્સુકતા થઈ. ખેતશી શેઠે લીંબડીમાં રોકાવા માટે આગ્રહ કર્યો ત્યારે સ્વામીજીએ કહ્યું કે, હજી મારો અભ્યાસ ઘણો અપૂર્ણ છે, સૂત્રવિજ્ઞાન અને ગુરૂગમ મેળવવો હજી બાકી છે, ત્યારે તમામ લોકો ચકિત થઇ ગયા કે આટલી વિદ્વત્તા છતાં કેમ અપૂર્ણતા જાહેર કરે છે તેના માટે વિસ્મય પેદા થયો; પણ જ્યારે ભાર દઇને બીજી વાર ત્રીજી વાર પણ તે વાત જણાવી ત્યારે શ્રદ્ધાળુ શ્રાવકોનો વિસ્મય આગળ વધતો અટક્યો અને કયે ઠેકાણે અને કેવી રીતે તેની પૂર્ણતા થાય તેનો ઉપાય સંઘના આગેવાન ખેતશી શેઠે પૂછ્યો. સ્વામીજીએ માળવામાં વિચરતા સૂત્રસારવેત્તા મહાત્માશ્રી દોલતરામજીનું નામ સંભળાવી કહ્યું કે કોઇ પણ ઉપાયે તે મહાત્માશ્રી અહીં પધારે અગર અમે ત્યાં જઇએ તો સાનુકૂળ યોગ થાય. શેઠજીએ કહ્યું કે આપ આપના લાભ માટે બીજો માર્ગ અખત્યાર કરો તે જ ઉચિત ગણાય, પણ તેમ થતાં તે મહાત્માશ્રીના દર્શનનો લાભ અમને બધાને ન મળી શકે, માટે પહેલો માર્ગ અખત્યાર કરવો જ બહેતર છે; અમને પ્રયાસ કરવા દો. જો તે પ્રયાસમાં સફળ થઇશું તો આપને સુત્રજ્ઞાનનો લાભ મળશે અને અમને પણ સાથે સાથે તેમના દર્શનનો લાભ મળે. જો તેમાં

ફતેહ ન પામીએ તો પછી બીજો માર્ગ તો ખુલ્લો છે જ. આટલી હકીકત કહી શેઠજીએ સંઘ એકઠો કરાવી અસરકારક લખાણવાળો એક વિનતિપત્ર લખી એક વાચાળ મક્ષુદ માણસ માળવે મોકલવા તૈયાર કર્યો. તેને મોઢે ખૂબ ભલામણ આપી કે ગમે તેમ દોલતરામજી મહારાજનો આ તરફ પધારવા વિચાર કરાવી ત્યાંથી આ તરફનો વિહાર કરાવવો અને તારે પણ સાથે આવવું અને અમને અગાઉથી ખબર આપવા.

પૂજ્ય શ્રી દોલતરામજી મહારાજ માળવા સંપ્રદાયના હતા. હાલમાં ગુજરાત–કાઠિયાવાડ તરફ પધારેલા મહાત્માશ્રી શ્રી લાલજી મહારાજ પણ તે જ સંપ્રદાયના છે. દોલતરામજી મહારાજ શ્રી લાલજી મહારાજના છઠ્ઠી પેઢીએ ગુરૂ થાય. તેમણે સંવત્ ૧૮૧૪ માં દીક્ષા લીધેલી હતી અને સૂત્રજ્ઞાનમાં ઘણી પ્રવીણતા મેળવી હતી. સુરતમાં અને કાઠીઆવાડમાં પણ તેમણે કેટલાંએક ચોમાસાં કર્યાં હતાં. આ વખતે પૂજ્ય દોલતરામજી મહારાજ બુંદીકોટે બિરાજતા હતા. વિનતિપત્ર લઈ બુંદીકોટે ગયેલા માણસે દોલતરામજી મહારાજના ચરણારવિન્દમાં લીંબડીના સંઘનો વિનતિપત્ર રજુ કરી નમ્ર પ્રાર્થના ગુજારી કે "'ચકોર ચંદ્રમાને, મયૂર મેઘને, કોયલ વસંતને, ભમરી કમલને અને ચાતક જલધરને' જેમ ઇચ્છે તેમ લીંબડીનો સંઘ અને સાધુજી આપના મુખારવિન્દના દર્શનને માટે તલપી રહ્યા છે. તેમની આતુરતા જણાવવા માટે મારી પાસે શબ્દો નથી પણ વિનતિપત્ર આપને તે શબ્દો પૂરા પાડશે. તીક્ષ્ણબુદ્ધિસંપન્ન મહારાજ શ્રી અજરામરજી સ્વામીને આપની પાસેથી સૂત્રજ્ઞાન મેળવવા એટલી પિપાસા છે કે જેનું વચનથી વર્ણન થઈ શકે નહિ. મહેરબાની કરી તરત વિહાર

કરી પિપાસિત જનોની તૃષા તૃપ્ત કરો.” આ વિનતિની મહાત્માશ્રીના મન ઉપર સારી અસર થઈ. દેશ જોવાનો પ્રસંગ પણ સિદ્ધ થતો હતો, જેથી ઉત્સાહભેર ગુજરાત તરફ મક્ષુદ માણસની સાથે વિહાર કર્યો; અમદાવાદ સુધી પેલો માણસ સાથે જ હતો; અમદાવાદથી જુદો પડી તે અગાઉથી લીંબડીના સંઘને ખબર આપવા આવ્યો. મહાત્માશ્રી દોલતરામજી અમદાવાદ સુધી પધારી ચૂકયા એવા ખુશ ખબરની વધામણી આપતાં તેની ખુશાલીમાં તે માણસને તે જ વખતે સંઘે ખરડો કરી રૂ. ૧૨૫૦) રોકડા વધામણીના આપ્યા! થોડા વખતમાં પંડિત શ્રી દોલતરામજી મહારાજ અમદાવાદથી લીંબડી તરફ પધાર્યા. તે વખતે લીંબડીનો સંઘ સમસ્ત અને સાધુજી ઘણે છેટે સામા જઈ સત્કારથી મહાત્માશ્રીની લીંબડીમાં પધરામણી કરાવીને ગામમાં સ્થાનકે તેડી લાવ્યા. તેમની પાસે સ્વામીજી સરહસ્ય સૂત્રનો ગુરૂગમ લેવા લાગ્યા; પંડિત શ્રી દોલતરામજી મહારાજ લીંબડી પધારવાના ખબર પાલણપુર જેઠમલજી મહારાજ (સમકિતસારના કર્તા) ને મળતાં તેઓશ્રી પણ સૂત્રનું વાચન કરવા માટે લીંબડી પધાર્યા. પંડિત શ્રી દોલતરામજી તે બંનેને નિષ્પક્ષપાતપણે માધ્યસ્થ વૃત્તિથી ખરી અંતર્‌ની લાગણીથી અભ્યાસ કરાવતા હતા. ખરૂં જ કહ્યું છે કેઃ—

अयं निजः परोवेत्ति, गणना लघुचेतसां ।
उदारचरितानां तु, वसुधैव कुटुम्बकम् ॥

આમાં કહ્યા પ્રમાણે મહાત્મા શ્રી દોલતરામજી મહારાજની ઉદાત્ત વૃત્તિ હતી અને સમભાવ હતો તથાપિ સ્વામીજીની બુદ્ધિ વધારે તીક્ષ્ણ અને યાદશક્તિ પ્રબળ હતી, જેથી જેઠમલજી મહારાજના

મનમાં કાંઈક ભિન્ન ભાવ પેદા થયો હતો; તે એવા ભાસથી કે **દોલતરામજી** મહારાજ મારા કરતાં મારા સહાધ્યાયી ઉપર વધારે કાળજી રાખે છે. **જેઠમલજી** મહારાજ પોતે વિચક્ષણ હતા તેથી તે ભાવ કોઈ દિવસ જણાવ્યો નહિ પણ અંતર્માં ને અંતર્માં સમાઈ રહ્યો હતો. સ્વામીજીના મનમાં સહાધ્યાયીને માટે માનની લાગણી હતી અને અભ્યાસમાં એક કરતાં વધારે જણ હોય તો વાચન અને મનનમાં પરસ્પર સહાયતા મળવાથી જ્ઞાન ઉત્તેજિત થાય એમ માની **જેઠમલજી** મહારાજને અંતરૂથી ચાહતા હતા. અધ્યાપક ગુરૂની તદબીરમાં નિરંતર તત્પર રહી "**विणओ धम्मस्स मूलं**" એ સૂત્રને અક્ષરશઃ અમલમાં મૂકતા જેથી મધ્યસ્થ ગુરૂની પણ પોતા તરફ અધિક પ્રસન્નતા મેળવી શકયા હતા. છતાં પણ સમતોલપણાને હરકત આવવા નહોતી દીધી અર્થાત્ એક તરફની રૂચિ બીજી તરફના દોષની ઉત્પાદક નહોતી બની, કિન્તુ રૂચિવર્ધક જ બની હતી; જેથી સૌમ્ય સ્થિતિમાં નિર્વિઘ્નપણે વાચન આગળ વધતું હતું. પંડિત શ્રી **દોલ**-તરામજી મહારાજની સમજાવવાની શક્તિ ઘણી સરસ હતી, તેમ જ ઉપસ્થિતિ પણ બહુ સારી હતી. વાચનમાં આવતા દરેક મુદ્દાપર બીજાં શાસ્ત્રોના દૃષ્ટાંત અને દલીલો આપી શંકાસમાધાન કરી ચાલતી વાતનો સારી રીતે પરિષ્કાર કરતા હતા. ભણનાર કરતાં ભણાવ-નારમાં થોડામાં થોડું દશગણું જ્ઞાન હોય ત્યારે જ નિઃશંક પાઠ ચાલી શકે અને તર્કના ખુલાસા થઈ શકે. અહીંઆં સ્વામીજીની તાર્કિક શક્તિમાં જે તર્કો ઉત્પન્ન થતા તેનું પંડિત શ્રી તરફથી તરત જ સમાધાન થતું, જેથી ભણાવનારને તેવા તર્કો સાંભળવાથી અને ભણ-નારને તેવા તર્કોનું સમાધાન થવાથી બંનેને અપરિમિત આનંદ થતો.

લીંબડી અને તેની આસપાસનાં શહેરોમાં અનુકૂળતા પ્રમાણે એ

વરસસુધી સરખી રીતે સૂત્રનું વાચન ચાલ્યું. ટીકા લગાડવાનું જ્ઞાન પોતાને સારી રીતે હતું જેથી સાથે સાથે તે ટીકાઓ પણ વાંચતા; જોકે તે વખતમાં પણ સંસ્કૃત અભ્યાસ ન કરવો, ગ્રંથો ન વાંચવા, ટીકાઓ હાથમાં ન લેવી, જેમાં જરા પણ વિરૂદ્ધ વાત હોય તે પુસ્તક તરફ દૃષ્ટિ ન કરવી: આવી માન્યતાવાળા મુનિઓની સંખ્યા ઘણી હતી તોપણ સ્વામીજી તે વિચારથી રહિત હતા. તેમનો અભિપ્રાય એવો હતો કે "જેને ઉપદેશક પદ સ્વીકારવું હોય તેણે બધાં દર્શન શાસ્ત્રો અવગારવાં જોઇએ; ભાષાજ્ઞાન ઉત્તમ પ્રકારનું મેળવવું જોઇએ. ટુંકામાં

यत्सारभूतं तदुपासनीयं । हंसो यथा क्षीरमिवांबुमध्यात् ॥

એ વાકયને અનુસરી દરેક પુસ્તક વાંચી તેમાંથી સાર ખેંચવો; અલબત્ત, સત્ત્વ ખેંચવા જેટલી બુદ્ધિની કસોટી સંપાદિત કરવી જોઇએ. બુદ્ધિ કસોટીએ ચડી તો પછી માનનીય કોઈ પણ ગ્રંથ વાંચવામાં વાંધો નથી." આજલગી પણ લીંબડી સંપ્રદાયના સાધુ-ઓમાં સંસ્કૃત ભાષાનું શાસ્ત્રીય જ્ઞાન બીજા સંપ્રદાયોની સરખા-મણીમાં વધતું થાય છે, તેનું મૂળ કારણ કંઈ પણ હોય તો તે સ્વા-મીજીનો ઉપલો વિશાળ અભિપ્રાય જ છે. અલબત્ત, આ અભિપ્રાયને જાહેરમાં મૂકતી વખતે તેના ઉપર ઘણી કડવી અને સખ્ત ટીકાઓ થતી પણ સ્વામીજીનું મન એવું નબળું નહોતું કે કડવી ટીકાથી ડર ખાઈ જાય. તેમનો એક જ સિદ્ધાંત હતો કે કોઈ પણ અભિપ્રાય વિચાર્યા વગર બાંધવો નહિ, ચારે તરફનું જ્ઞાન મેળવી જમાનાને ઓળખી તર્કના વિશાળ પ્રદેશમાં બુદ્ધિને દોડાવીને અભિપ્રાય મક્કમ બાંધવો. તેની સામે ચાહે તેટલી કડવી ટીકાઓ થાય તોપણ તેથી પાછા હઠવું નહિ.

सर्वथा स्वहितमाचरणीयमित्यादि ॥

સ્વામીજીનો કાઠીઆવાડમાં વિહાર.

સ્વામીજી આ શ્લોકના તત્ત્વને બરાબર ઉપયોગમાં લેતા અને એમ સમજતા કે જે લોકો આજે ટીકા કરે છે તે જ લોકો થોડા વખત પછી જો તે માર્ગ નિષ્કંટક અને ઉન્નતિસાધક હશે તો તે માર્ગે ચાલશે. આ વાત આજે અનુભવસિદ્ધ થઈ છે કે જે લોકો સંસ્કૃત ભાષા તરફ અભાવની નજરે જોતા હતા તે લોકો છૂટથી હવે સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરે છે. અસ્તુ. પ્રસ્તુત પ્રસંગ ઉપર આવીએ. સૂત્રનું વાચન પ્રાયઃ પૂર્ણ થયું તે દરમ્યાન પંડિત શ્રી **દોલતરામજી** મહારાજને **ઝાલાવાડ** અને **કાઠીઆવાડ**નો પ્રદેશ બતાવવા સારૂ તેમની સાથે સ્વામીજીએ તે પ્રદેશમાં વિહાર કર્યો અને **જેઠમલજી** મહારાજ **પાલણપુર** તરફ પધાર્યા. મહાત્માશ્રીને **માળવા** તરફ જવા વિચાર થયો ત્યારે તે પાછા **લીંબડી** પધાર્યા અને **લીંબડી**નો ગ્રંથભંડાર ખુલ્લો મૂકી પંડિતશ્રીને વિનતિ કરી કે આ ભંડારમાં જે પુસ્તકો આપની પસંદગીનાં હોય તે પુસ્તકો સ્વીકારી દાસને કૃતાર્થ કરો. મારા ઉપર આપે જે ઉપકાર કર્યો છે તેનો બદલો કોઈ રીતે હું વાળી શકું તેમ નથી તોપણ મારી આટલી વિનતિ સ્વીકારશો અને તે નિમિત્તે મને યાદ કરશો તો હું મને પોતાને કૃતાર્થ થયો સમજીશ.

સ્વામીજીએ **સુરત**થી લાવેલાં પુસ્તકોમાંથી પંડિતશ્રીએ સારાં સારાં પુસ્તકો પસંદ કર્યાં અને સ્વામીજીની અત્યંત ખુશાલી વચ્ચે તે પુસ્તકો સ્વીકાર્યાં. સ્વામીજીની કૃતજ્ઞતા અને ઉદારતાનો આ એક અનુકરણીય દૃષ્ટાંત છે. પુસ્તકને પ્રાણતુલ્ય માનનારાઓ જો આ

દાખલાનું તાત્ત્વિક રહસ્ય સમજે તો તેથી ઘણો લાભ થઈ શકે. પંડિત શ્રી દોલતરામજી મહારાજ, સાધુજી તેમ જ સંઘની સંમતિ લઈ આ તરફના વિહારથી પોતાને થયેલો અતુલ સંતોષ અને અપરિમિત આનંદ જાહેર કરી પોતા તરફ ઉત્પન્ન થયેલી તમામ લોકોના પ્યારની લાગણી વચ્ચે ઘણા સત્કાર સહિત માળવા તરફ વિદાય થયા. સ્વામીજી તથા શ્રાવકોએ જતી વખતે તેમને ઘણું જ માન આપ્યું અને કેટલેક સુધી સાથે ગયા. છેવટે ભવિષ્યના સમાગમ માટે પરસ્પર ચાહના દર્શાવી પ્રેમીના વિરહથી ઉત્પન્ન થતી ઉદાસીયુક્ત ચહેરે પાછા વળ્યા.

પ્રકરણ ૨ જું.

સામાજિક કર્તવ્ય જીવન.

સંવત ૧૮૩૯ ની સાલમાં વિદ્યાર્થી જીવનની પૂર્ણાહુતિ થતાં વિશેષ કર્તવ્યજીવનની શરૂઆત થઈ. માનસિક વ્યવસાયમાં સામાજિક વ્યવસાયનું મિશ્રણ થયું. વિદ્યાર્થી અવસ્થામાં ઉદ્‌ભવેલા પણ સંયોગોની અપર્યાપ્તિથી સુસ્ત રહેલા સામાજિક ઉન્નતિના સંસ્કારો પુનઃ જાગૃત થયા. વિચારોમાં ચળવળ થઈ. સામાજિક સુધારણા સત્વર કયે રસ્તે થાય એ વિચારે સૌથી પહેલી જગ્યા લીધી. મગજના વિશાલ પ્રદેશમાં તેને પુરતો અવકાશ, ખોરાક અને સહાયતા મળી. હૃદયની હિમ્મત અને પરોપકારની બુદ્ધિ એ બંને તેમના સહચારી થયા. ગૃહસ્થ વર્ગની નૈતિક અને ધાર્મિક સુધારણા તેમ જ મુનિવર્ગની ચારિત્ર્યસુધારણા એ ત્રણે તેમની કર્તવ્યબુદ્ધિનાં ક્ષેત્ર બન્યાં. આ કર્તવ્યક્ષેત્રમાં સતત ઉદ્યત રહેવાની આંતર્ ઉત્કંઠા પ્રદીપ્ત થઈ. મુનિવર્ગની ચારિત્ર્યસુધારણાને માટે ખેતશી શેઠની સલાહ લીધી પણ શેઠ તરફથી એવી સલાહ મળી કે આપનો વિચાર અત્યુત્તમ છે, સુધારણા થવાની પુરતી જરૂર છે, પણ બીજા સાધુઓની મનોવૃત્તિ જોતાં તે વિચાર તરતમાં પાર પાડવા જતાં ધારેલું પરિણામ આવવાનો સંભવ ઓછો જણાય છે; માટે ધીમે ધીમે કામ લેવું ઠીક પડશે; થોડે થોડે સમજુતીથી કાર્ય લેવા હું પણ પ્રયાસ કરૂં છું અને આપ પણ પ્રયાસ ચાલુ રાખશો. આ સલાહ દીર્ઘદર્શિતાયુક્ત અને હિતાવહ હતી જેથી સ્વામીજીએ એ દિશાના

વિચારને હાલ તુરતને માટે લક્ષ્યમાં રાખીને પોતાની વિદ્યાનો લોકોને લાભ આપવા અને પરોપકારની ધારણા પાર પાડવા પ્રથમ **હાલાર** તરફ વિહાર કર્યો.

હાલાર એ પોતાની જન્મભૂમિનો પ્રદેશ હોવા ઉપરાંત ત્યાંના ગામડાના વતનીઓ પ્રાયે ખેડુત વર્ગના હોવાથી તેમનામાં ધાર્મિક સંસ્કાર પાડવાની જરૂર હતી. થોડો વખત તે પ્રદેશમાં વિચર્યા અને **નવાનગર** પધાર્યા. ત્યાં એક બીજું નિમિત્ત પ્રાપ્ત થયું. **માંડવી**ના નગરશેઠ કલ્યાણજી **જે**ઠા સ્વામીજીના દર્શન કરવા **નવાનગર** આવ્યા, તેમણે એવા સમાચાર આપ્યા કે **રતલામનિવાસી** ગેરૂલાલ નામે એક બ્રાહ્મણ કે જે અમારો આડતીઓ છે અને તેરાપંથીના સાધુ **ભિ**ખનજીનો ચુસ્ત ભક્ત છે, અને દયા દાન ઉત્થાપવાની જેની શ્રદ્ધા છે, તે **વાગડ**ને રસ્તે **માંડ**વી આવતાં ઘણા શ્રાવકો અને ત્યાં વિચરતા સાધુઓના મનમાં કુયુકિતજાળથી પોતાની શ્રદ્ધાની છાપ પાડી ઘણાએકનાં તેણે મન ડામાડોળ કરી દીધાં છે, માટે મહેરબાની કરી આપ ત્યાં પધારી શંકાનિવારણ કરી શ્રદ્ધા સુધારો. આ વિનતિએ સ્વામીજીનું ધ્યાન ખેંચ્યું; **હાલાર**માં હજી થોડો વખત વધારે વિચરવાની ઇચ્છાનું સ્થાન કચ્છ તરફના પરોપકારમય પરિણામજનક વિહારની ઇચ્છાએ લીધું.

સ્વામીજીનો કચ્છમાં વિહાર.

સંવત્ ૧૮૩૬ માં સ્વામીજીએ કચ્છ તરફ વિહાર કર્યો. કચ્છમાં જે સાધુઓ તે વખતે વિચરતા હતા તે ધર્મદાસજી મહારાજના સંપ્રદાયના જ હતા. પ્રથમ આ દેશમાંથી સંવત્ ૧૭૭૨ માં કચ્છ દેશ તરફ સાધુજી-ગયા હતા અને થોડાં વર્ષ પછી પાછા આ દેશમાં

આવ્યા હતા. ત્યારબાદ કેટલેક વર્ષે પૂજ્ય મૂલચંદજી સ્વામીના શિષ્ય ઈંદ્રિરજી સ્વામી અને સોમચંદજી સ્વામી કચ્છમાં ગયા, અને ઘણાં વર્ષ તેઓ કચ્છમાં રહ્યા. ત્યાં થોભણજી, કરસનજી વગેરે કેટલાએક તેમના શિષ્ય થયા અને તે કચ્છમાં જ રહેલા હતા. સ્વામીજી જ્યારે કચ્છમાં પધાર્યા ત્યારે સ્વામી થોભણજી, કરસનજી, માંડણજી, ડાયાજી વગેરે ચારથી છ સાધુઓ ત્યાં વિચરતા હતા. સંપ્રદાય એક હોવાથી આહાર પાણી ભેળા હતા. માત્ર આ તરફથી કોઈ વખતે જે સાધુઓ જતા તે પરદેશી સાધુ કહેવાતા અને વધારે વખત ત્યાં રહેતા તે કચ્છી સાધુ કહેવાતા એટલો જ ભેદ હતો. અલબત્ત, શ્રદ્ધામાં અમુક બોલ વિષે થોડો ફેરફાર થયો હતો; એક તો શ્રાવકોને સામાયક વગેરે વ્રત આઠ કોટિએ કરાવવાં એ માન્યતામાં ભેદ પડયો હતો. ધર્મદાસજી મહારાજના સંપ્રદાયમાં દરેક સ્થળે છ કોટિનું પ્રવર્તન હોવા છતાં આંહિ આઠ કોટિના પ્રવર્તનની શરૂઆત કેમ થઈ હશે ? એનું મૂળ તપાસતાં બે અભિપ્રાય ઉપસ્થિત થાય છે. કચ્છમાં હાલ વિચરતા વયોવૃદ્ધ મહાત્મા શ્રી વજપાળજી સ્વામીને આ સંબંધમાં પૂછતાં તેમના તરફથી એવો અભિપ્રાય મળ્યો કે પરદેશથી પહેલવહેલા આ દેશમાં સાધુઓ જ્યારે આવ્યા ત્યારે તેમના પહેલાં એકલપાત્રીયા શ્રાવકો કચ્છમાં હતા અને તે આઠ કોટિએ સામાયક વગેરે કરાવતા જેથી પરદેશી સાધુઓએ પણ ગમે તે કારણથી તેનું જ અનુકરણ કર્યું. શ્રાવકોની આઠ કોટિની પ્રવૃત્તિમાં કાંઈ સુધારો ન કરતાં એમણે એમ જ ચલાવ્યું. બીજાઓનો એવો અભિપ્રાય છે કે હરીઆપુરી ધર્મસિંહ મુનિના સંપ્રદાયના આવશ્યક સૂત્રની પ્રત ઉપરથી કચ્છમાં વિચરતા સાધુઓએ આઠ કોટિની પ્રવૃત્તિ કરાવી.

વિશેષ તપાસ કરતાં જણાય છે કે એકલપાત્રીયા શ્રાવકોની શ્રદ્ધા આઠ કોટિની હોય એમ સિદ્ધ થતું નથી, પણ છ કોટિની શ્રદ્ધા હતી એમ સાબીત થાય છે. જામનગરમાં હજી પણ એકલપાત્રીયા પક્ષના શ્રાવકો છે અને તેમનો ઉપાશ્રય પણ છે, તે પણ છ કોટિએ જ વ્રતાચરણ કરે છે; જેથી એકલપાત્રીયાના વારસા તરીકે આઠ કોટિની શરૂઆત માનવા કરતાં દરીઆપુરીના આવશ્યકની પ્રત ઉપરથી આઠ કોટિની શરૂઆત માનવાનો અભિપ્રાય વધારે માનનીય જણાય છે. ગમે તેમ હો પણ આ વખતે એક તરફ આઠ કોટિની શ્રદ્ધા અને બીજી તરફ ગેરૂલાલે ફેલાવેલી તેરાપંથીની શ્રદ્ધાથી વધારે ભિન્નતા થવા માંડી હતી. આ ભિન્નતાને આગળ વધતી અટકાવવા અને તેના મૂળને કાઢી નાંખવા સ્વામીજીએ પ્રયાસ ચાલુ કર્યો. તેરાપંથીની શ્રદ્ધા વધારે ભયંકર અને ઉન્માર્ગપ્રવર્તક જાણી પ્રથમ તેના ઉપર જ લક્ષ્ય રાખ્યું. વાગડમાં અને કુચ્છમાં સંવત્ ૧૮૩૬–૩૭–૩૮ ત્રણ વરસ રહી તેરાપંથીની કુયુક્તિઓના શલ્ય, યુક્તિ અને શાસ્ત્રીય દાખલાથી, દૂર કરી સુધારો કર્યો. ત્રણ વરસમાં જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં ખોટી શ્રદ્ધા રહેવા દીધી નહિ; માત્ર વાગડના બે ચાર ગામોમાં બેલા, ફતેગઢ વગેરે સ્થળે ન જવાયું ત્યાં તે શ્રદ્ધાનો પડઘો રહી ગયો જે હજીસુધી ચાલુ છે.

કુચ્છની આ મુસાફરી દરમ્યાન ધોળકાના રહીશ તલકશી અને કુતીયાણાના રહીશ રવજી એ બે જણે સ્વામીજી પાસે દીક્ષા લીધી. એકે સંવત્ ૧૮૩૭ માં ભુજમાં અને બીજાએ ૧૮૩૮ માં લીધી. તે ઉપરાંત કાંડાકરા ગામના રહીશ જ્ઞાતે ઓસવાલ નાગજી શાહ અને તેમના પુત્ર દેવરાજ એ બંનેના મન ઉપર સ્વામીજીના અસરકારક બોધની સચોટ અસર થતાં સંસારનું સ્વરૂપ અસાર અને તુચ્છ

સમજી ઉપાધિમય પ્રવૃત્તિમાર્ગને ત્યજવાનો બંનેનો વિચાર થયો. થોડા વખતના સહવાસથી વૈરાગ્યનો દૃઢ પાશ લાગતાં તે વિચાર એક દૃઢ નિશ્ચયરૂપ થયો; ત્યારે તે બંને ઉમેદવારો અનુભવ લેવા સ્વામીજીની સાથે ફરવા લાગ્યા.

સંવત્ ૧૮૩૯ ની સાલમાં સ્વામીજી કચ્છમાંથી પુનઃ **ઝાલાવાડ કાઠીયાવાડ** તરફ પધાર્યા. બે વરસના અરસામાં ગામોગામના લોકોને લાભ આપતા સંવત્ ૧૮૪૧ ની સાલમાં **ગોંડળ** પધાર્યા. બંને ઉમેદ-વારોને પણ અનુભવ લેતાં લગભગ ત્રણ વરસ થવા આવ્યા. મનની પુરતી મજબૂતાઈ અને વૈરાગ્યનો રંગ પાકો જણાયો. કુળ અને ગોત્રની યોગ્યતા સાથે પ્રકૃતિની પણ યોગ્યતા જાણી તેમના કુટુમ્બીઓની અનુજ્ઞા મળતાં હવે દિક્ષા લેવાની બંનેના મનમાં ઉતાવળ થઈ. **ગોંડળ**ના શ્રાવ-કોનો આગ્રહ થતાં સંવત્ ૧૮૪૧ ના ફાગણ સુદ ૫ ના રોજ સ્વામી-જીએ **ગોંડળ**માં બંને ઉમેદવારોને દિક્ષા આપી પોતાના શિષ્ય બનાવ્યા. **ગોંડળ**થી **ધોરાજી** પધાર્યા, ત્યાં સ્વામીજીના ગુરૂ મહારાજ **હીરાજી** સ્વામીને કસર થતાં ઘણા ઉપાયો લીધા પણ આખરે તે વ્યાધિએ **હીરાજી** સ્વામીના સ્થૂલ દેહનો ભોગ લીધો. ગુરૂવિરહથી ઉદાસ થયેલા સ્વામીજીના મને વિહારની દિશા બદલાવી. **લીંબડી**થી વિહાર કર્યે આજ છ વર્ષ થવા આવ્યાં; વિહાર કરતી વખતે **ખેતશી** શેઠે સલાહ આપી હતી કે આપના સદ્વિચારને પાર પાડવામાં કાંઇ કાળનું બળ જોઇશે અને ધીમે ધીમે બીજા સાધુઓને સમજાવીને તે વિચારને અમલમાં મકવાની અનુકૂળતા ઘણે ભાગે હું કરી આપીશ. આ સલાહ સ્વામી-જીના મનમાંથી વિસ્મૃત થઈ નહોતી; કાળનું બળ મળી ચૂકયું હતું. હવે સાંપ્રદાયિક સુધારણાનો સવાલ સત્વર હાથમાં લેવાનો મનમાં વિચાર થયો, જેથી તેમણે **લીંબડી** તરફ વિહાર કર્યો.

આ વખતે લીંબડી સંપ્રદાયમાં સાધુઓની સંખ્યા ત્રણસોની હતી પણ સાંપ્રદાયિક વ્યવસ્થા જોઇએ તેવી સુંદર નહોતી. કેટલેક દરજ્જે અવ્યવસ્થા થયેલી હતી અને તેને લીધે આચાર વિચારમાં પણ વિચિત્રતા થઈ ગઈ હતી. કુદરતી નિયમ એવો છે કે "ચડતી ત્યાં પડતી" અને "પડતી ત્યાં ચડતી." ચડતી પડતીનું ચક્ર હમેશ ફર્યાં કરે છે. જે જે દેશો ચક્રની ચડતી બાજુના પ્રકાશથી ચળકતા હતા ત્યાં આજે પડતી બાજુની કાળાશ પ્રસરી રહી છે અને જ્યાં કાળાશ હતી ત્યાં ચડતીનો ઉજ્જવલ પ્રકાશ ચળકી રહ્યો છે. જ્યારે જ્યારે અવનતિ પોતાની પરિસીમાએ પહોંચે છે, ત્યારે ત્યારે તેને હડસેલી દૂર ફેંકનાર નરવીર ગમે ત્યાંથી પ્રકટ થાય છે. આ પ્રમાણે મહાત્મા શ્રી અજરામરજી સ્વામી વિહાર દરમ્યાન મોટા મોટા સાધુઓને મળ્યા અને તેઓના અભિપ્રાય લીધા; પોતાનો અભિપ્રાય પણ જણાવ્યો પરન્તુ કેટલીક બાબતમાં આજના જુના વિચાર અને નવા વિચારવાળાઓની પેઠે અંતર પડવા લાગ્યું, એટલું જ નહિ પણ જુની રોશનીવાળાઓમાં પરસ્પર આંતરો વિશેષ પ્રતીત થવા લાગ્યો. તે અંતર દૂર કરવા માટે કોશીષ જારી રાખી. ચારે તરફથી સમજુતી કરાવવા લાગ્યા પણ સંધાન થયું નહિ. કરેલો પ્રયત્ન લગભગ નિષ્ફળ ગયો તોપણ પ્રયાસ ચાલુ રાખ્યો; એક વાર નહિ તો બીજી વાર, બીજી વાર નહિ તો ત્રીજી વાર, પણ ઉદ્યોગ ચાલુ રાખ્યાથી કાર્ય સિદ્ધ થશે. ખરૂં જ કહ્યું છે કેઃ—

उद्योगिनं पुरुषसिंहमुपैति लक्ष्मीः ।
दैवं प्रधानमिति कापुरुषा वदन्ति ॥

दैवं निहत्य कुरु पौरुषमात्मशक्त्या ।
यत्ने कृते यदि न सिद्ध्यति कोऽत्र दोषः ॥ १ ॥

અર્થાત્–યત્નથી હરકોઈ શક્ય કાર્ય સિદ્ધ થઈ શકે છે; યત્ન કરતાં સિદ્ધ ન થાય તો યત્નમાં કાંઈ ખામી હોવી જોઈએ. ખામી શોધી દૂર કરી પુનઃ પ્રયત્ન કરવાથી અવશ્ય કાર્ય સિદ્ધ થઇ શકે. એટલા માટે મહાત્માશ્રી ધીરજ અને હિંમત રાખી કંટાળ્યા વગર પ્રયત્નમાં આગળ વધ્યા.

વિહાર કરતાં કરતાં જ્યારે સ્વામીજી વઢવાણ પધાર્યા ત્યારે ત્યાં તેમને *ઈચ્છાજી સ્વામી મળ્યા. ઈચ્છાજી સ્વામી આ વખતે **લીંબડી** સંપ્રદાયના ગાદીપતિ હતા, અને આચાર્ય પદવીધર કહાનજી સ્વામી હતા. ઈચ્છાજી સ્વામીના શિષ્ય એક રામજી સ્વામી હતા પણ તેમનું વધારે પરિબલ નહોતું જેથી કેટલાએક તેમની ઇર્ષ્યા કરવા લાગ્યા. કાંઇકિ ખટપટ જેવું જણાતાં અશ્રેયનું કારણ જાણી તેઓ **લીંબડી**થી વિહાર કરી વઢવાણ આવેલા હતા. તેઓ સ્વભાવે સરલ અને ભદ્રિક હતા અને અજરામરજી સ્વામીના ગુરૂ પૂજ્ય **હીરાજી** સ્વામી, તેમના ગુરૂ વાલજી સ્વામી અને તેમના ગુરૂ ગુલાબચંદજી સ્વામીના ગુરૂ ભાઈ થતા હતા. અમુક ખટપટથી તેમને **લીંબડી**થી વિહાર કરવો પડચો છે એ હકિકત જ્યારે સ્વામીજીના જાણવામાં આવી ત્યારે ઈચ્છાજી સ્વામીને દિલાસો આપ્યો કે "તમે ફીકર ન કરો. હું ન્યાયનો પક્ષપાતી છું.

*ધર્મદાસજી મહારાજ પછી તેમના શિષ્ય મૂલચંદજી મહારાજ આચાર્ય અને ગાદીધર હતા. તેમના પછી આચાર્ય પદવીએ કાનજી સ્વામી હતા અને ગાદીધર પચ્ચાણજી સ્વામી હતા; પચ્ચાણજી સ્વામી પછી ઈચ્છાજી સ્વામી ગાદીએ આવ્યા.

આપને મળેલા અન્યાયથી હું ઘણો દિલગીર થઉં છું પણ ગમે તેમ કરી અઘટિત ખટપટ દૂર કરવા આપને પુરતી મદદ આપીશ.”

ખરેખર, જેના અંતઃકરણમાં ન્યાય માર્ગને માન આપવાની વૃત્તિ જાગૃત રહે છે તે મહાન્ પુરૂષો પોતાની દૃષ્ટિએ અન્યાયને એક ક્ષણ-ભર પણ જોઇ શકતા નથી. પોતાના દિકરા તરફથી પોતાના દુશ્મનને અન્યાય અપાતો જોઇ દુશ્મનને નહિ પણ દીકરાને અન્યાયના બદલા તરીકે સખ્ત શિક્ષા આપનાર સજ્જન પુરૂષોના અનેક દાખલાએ ભુત-કાળને યાદ કરાવનારા ઇતિહાસોમાં આપણે જોઇએ છીએ. પરોપકાર-પરાયણ પરમાર્થી પુરૂષોની ધીરજનો આ જ માર્ગ છે.

યતઃ

निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु ।
लक्ष्मीः समाविशतु गच्छतु वा यथेष्टं ।।
अद्यैव वा मरणमस्तु युगान्तरे वा ।
न्यायात्पथः प्रविचलन्ति पदं न धीराः ।। १ ।।

અર્થ—ન્યાયના માર્ગને નિશ્ચલતાથી વળગી રહેનારા ધીર પુરૂષો લોકોની નિન્દાથી ડરતા નથી, તેમજ લોકો તરફથી સ્તુતિની ચાહના કરતા નથી, પૈસાની પરવા કરતા નથી અને મોતનો જરા પણ ભય રાખતા નથી. કીર્તિની કે કોઈ પણ જાતની લાલચ રાખ્યા વગર કર્તવ્યની ધૂનમાં મચ્યા રહે છે તે જ ખરેખરા ધીર પુરૂષ છે. એ પ્રમાણે સ્વામીજીએ આ ધૈર્ય વ્રતની ધોંસરી મૂળથી જ ઉપાડેલી હતી. આથી પૂજ્ય શ્રી ઇચ્છાજી સ્વામીને અવલંબનરૂપ આશ્વાસન મળવાની સાથે ઘણો આહ્લાદ ઉત્પન્ન થયો. થોડા દિવસ વઢવાણ રહી તુરત સ્વામીજી

પૂજ્ય શ્રી ઈચ્છાજી સ્વામી ઠાણા બેની સાથે–દશ સાધુ સહિત લીંબડી પધાર્યા. એક તરફ સાધુઓમાં અંદર અંદરની ખટપટ, બીજી તરફ આચાર-વિચારમાં થયેલા ફેરફાર: આ બંને કારણોને લઈને સતેજ થયેલી સ્વામીજીની વૃત્તિએ ઉપદેશદ્વારા શ્રાવકોને જાગૃત કરવાનો માર્ગ અખત્યાર કર્યો. સાંપ્રદાયિક સુધારણાનો સવાલ સંઘમાં ચર્ચાવા લાગ્યો–ચળવળનો ચંચળ પવન ચારે તરફ પ્રસરવા માંડયો. સ્વામીજીએ ખેતશી શેઠને સૂચના આપી કે આઠ વરસ વ્યતીત થયાં પણ હજી સ્થિતિમાં કાંઈ સુધારો થયો નથી. વૃદ્ધ સાધુજીઓના વિચારનું વાતાવરણ હજી એમનું એમ જ છે. કાળના વિલંબ ઉપર રાખેલી આશા તો વ્યર્થ ગઈ જણાય છે તોપણ હજુ પ્રયાસ કરવો જોઇએ; કોઈ રીતે એકતાથી કામ પાર પડે તે વધારે સલામતીભરેલું છે. કોઈ પણ રસ્તે આપણી ધારણા પાર પડે તો સુલેહની સાંકળને તોડી નાંખવાની નથી પણ તેને મજબૂત બનાવવાની છે માટે સાધુઓને તેડાવી પરિષદ્ ભરવાની કોશેષ કરો. ખેતશી શેઠને ઉપલાં વચનો ઘણાં જ ગંભીર અને હિત-સૂચક લાગ્યાં. તે વચનોને વધાવી લઈ સંઘના આગેવાનોની સાથે એકમત થઈ બધા સાધુજીને તેડાવ્યા.

સાધુસંમેલનમાં સ્વામીજીની સુધારણા.

સંવત્ ૧૮૪૫ માં સાધુસમુદાયનું સંમેલન થયું. સ્વામીજીએ સુધારણાની બત્રીસ કલમોનો એક ખરડો તૈયાર કર્યો હતો તે સાધુસમુદાયની સમક્ષ મૂકવામાં આવ્યો; હેતુઓ સમજાવવામાં આવ્યા; પુનઃ પર્યાલોચનાપૂર્વક ખાસ મુદ્દાઓ ચર્ચી નિરૂપણ કરવામાં આવ્યું; પણ તેનું પરિણામ કંઈ આવ્યું નહિ. અંદર અંદરનો રોગ વૃદ્ધિંગત થયો હતો, અંતર જુદાં પડયાં હતાં, ઈર્ષ્યાનું બળ વિશેષ જામ્યું હતું,

તે રોગ દૂર થયા વિના ધારેલું પરિણામ લાવવાનો સંભવ ઓછો જણાયો. સમજુતી માટે ઘણી કોશેષ કરી. લાગતા વળગતા માણસોની મારફત વિષ્ટિ ચાલી; પણ નવીન રોશનીની છાયાવાળા વિચારો જુની રોશની સાથે બંધબેસતા થયા નહિ. જ્યારે ધારેલી દિશાએ પ્રયત્ન પાર પડ્યો નહિ ત્યારે બીજી દિશાએ કાર્ય સાધવાનો વિચાર ઉદ્દ્ભવ્યો; તે માર્ગ જોકે કંઈક ભયાવહ હતો તો· પણ જો તે માર્ગ ન લેવાય તો બીજી રીતે સુધારણા અને ક્રિયોદ્ધાર બની શકતા નહોતા, તેથી પહેલે માર્ગે બને ત્યાંસુધી સુલેહનો માર્ગ અખત્યાર કરી તે જ માર્ગે ધારણા પાર પાડવી પણ કદાચ ઉપર ઉપરની દવાથી અંદરનો રોગ ન મટે તો કાપકુપના ઉપાયો લઇને પણ આંતર્ દરદ દૂર કરવું, તે વિના કંઈ પણ પરિણામ આવી શકશે નહિ; માટે આખરે બીજો માર્ગ અખત્યાર કર્યા વિના આની આ સ્થિતિ જારી રાખવી એ શ્રેયસ્કર નથીઃ આ પ્રમાણે ધારી છેવટ અન્તિમ ઉપાયો લઇને પણ સુધારણા કરવાના મૂળ નિશ્ચય ઉપર આવ્યા. ખેતશી શેઠને બત્રીસ કલમોનો ખરડો આપી પોતાનો છેવટનો અભિપ્રાય જણાવ્યો અને તાકીદે કાર્ય પાર પાડવાની સલાહ આપી.

કલમો વાંચતાં શેઠનો પણ એવો મક્કમ અભિપ્રાય બંધાઈ ગયો કે "આ કલમો વર્તમાન સમય જોતાં બહુ અગત્યની છે. તે પ્રમાણે થશે તો જ ભવિષ્યમાં સાંપ્રદાયિક વ્યવસ્થા સુસ્થિત થશે, માટે આ કલમો તો પળાવવી જ જોઇએ." એકેકને જુદી જુદી રીતે સુધારણાની અગત્ય અને બત્રીસ કલમોની શ્રેષ્ઠતા ઠસાવવા બનતો પ્રયત્ન કર્યો પણ જ્યારે તે વાત ગમે તે કારણને લીધે મગજમાં ઉતરી નહિ ત્યારે પહેલે માર્ગે નિરૂપાય બની, બીજો માર્ગ લેવા શેઠે અંતિમ નોટીસ

આપી કે "સર્વના હિત માટે બાંધેલા સુધારણાના ધારાઓ પાળવા આપનું અંતઃકરણ હા ભણતું હોય તો આપ સર્વ અમારા શિરછત્ર છો; નહિતો તેમ માનવા અમારૂં અંતઃકરણ અમને ના પાડે છે. અમને કોઈ જાતનો પક્ષપાત નથી કે કોઈની સાથે સગપણ નથી, અમે માત્ર ગુણના ગ્રાહક છીએ અને અમારો તમારો ગુણનો જ સંબંધ છે. ગુણને લીધે જ પૂજ્ય પૂજક ભાવ બંધાયેલો છે. સાધુ અને શ્રાવકની પરસ્પર પિતા પુત્રની ભાવના હોવી જોઇએ. શ્રાવકની ભૂલ હોય તે સાધુ ચેતવે અને સાધુની ભૂલ હોય તો હિતબુદ્ધિથી શ્રાવક નિવેદિત કરે. ચતુર્વિધ સંઘની અધઃસ્થિતિ અટકાવવા આપનો પ્રયત્ન કદાચ કમ હોય તો અલબત્ત અમારે તેવી ખામીઓ આપની રૂબરૂમાં દર્શાવવી અને જો તે વાત ન રૂચતી હોય તોપણ પરાણે રૂચાવવી એ અમારી ફરજ છે અને તે અદા કરવા ફરીથી પણ નમ્રતાપૂર્વક આપને અરજ કરીએ છીએ કે એકદેશી વિચાર કે કદાગ્રહને છોડી શ્રેયની વાત માન્ય રાખો." એ પ્રમાણે બહુવાર નમ્ર આજીજી કરી પણ તે વાત ગ્રાહ્ય થઈ નહિ. પરિણામ જુદું જ આવ્યું. ઘણા સાધુઓ આ વિચારથી છુટા પડી ગયા. કાંઈક અભિમાનની શ્રેણી ઉપર ચડી જવાનું પગલું આ પરિણામને વિશેષ આભારી હતું. માનવૃત્તિ માણસને સારાસારના વિચાર ઉપર જવા દેતી નથી. શ્રેયાશ્રેયનો ખ્યાલ બાંધવા જેટલી ધીરજનું ખરચ કરવામાં તે આડે આવે છે. હિતના માર્ગમાં અહિતનું વિપર્યાસ કરાવે છે અને સમાજની ઉથલપાથલ કરી નાંખે છે. આથી મોટા સાધુઓના મનમાં પણ એવો ખ્યાલ બંધાઈ ગયો કે આજકાલની દિક્ષાવાળા સાધુ ધારા બાંધે અને તેની સત્તાથી અમે તેને અમલમાં લાવીએ ત્યારે અમારી તો કાંઈ કિંમત જ નહિ કે? ધારા પાળવા હશે તો કયાં અમને બાંધતા આવડતા નથી? આવા

ખ્યાલથી સાધુસમાજમાં મોટો વિક્ષેપ પડી ગયો. **લીંબડીનું** સ્થાનક અને સંપ્રદાય ભલે **લીંબડીના** શેઠ સંભાળે, એવા વિચાર ઉપર તેઓ આવી ગયા; તે વખતે સ્વામીજીએ ઘણી નમ્ર અરજ સાથે આજીજી કરી પણ બહાર નીકળી ગયેલી તલવાર પાછી મ્યાનમાં આવી નહિ. એક વસ્તુના અનેક ખંડ થઈ ગયા, એક સંપ્રદાયના ઘણા સંપ્રદાય થઈ પડ્યા. એક શ્રદ્ધા છતાં વાતની વાતના મમત્વમાં કામ આગળ વધી ગયું એટલે પૂજ્યશ્રી **વનાજી** સ્વામીના શિષ્ય આચાર્ય મહારાજ શ્રી **કાનજી** સ્વામી પોતાના વલણના કેટલાક સાધુઓની સાથે ત્યાંથી વિહાર કરી **બરવાળા** તરફ પધાર્યા. પૂજ્યશ્રી **પચ્ચાણજી** સ્વામીના શિષ્ય મહારાજ શ્રી ડુંગરશી સ્વામી **ગોંડળ** તરફ, પૂજ્યશ્રી **વણારસજી** સ્વામીના શિષ્ય મહારાજ શ્રી ઉદેસંગજી તથા **જેસંગજી** સ્વામી સંસાર પક્ષે બંને ભાઈ હતા, અને તેમની જન્મભૂમિ **મારવાડ** હતી, તેઓ **ચુડા** તરફ, પૂજ્ય શ્રી **વિઠલજી** સ્વામીના શિષ્ય મહારાજ શ્રી **વસરામજી ધ્રાંગધ્રા** તરફ અને પૂજ્ય શ્રી **ભુખણજી** સ્વામીના શિષ્ય મહારાજ શ્રી **નાગજી** સ્વામી **સાયલા** તરફ પધાર્યા. આવી રીતે જ્યાં જ્યાં જેનું જેનું વિશેષ વલણ અને પરિચય હતાં ત્યાં ત્યાં પધારી તેમણે ગાદી સ્થાપી, સંપ્રદાયનું બંધારણ બાંધ્યું. એક સંપ્રદાયમાંથી **લીંબડી, ગોંડળ, બરવાળા, ચુડા, ધ્રાંગધ્રા** અને **સાયલા** એમ છ સંપ્રદાય થયા !

લીંબડી, ધ્રાંગધ્રા અને **ગોંડળ** એ ત્રણ સંઘાડામાંથી વળી કેટલાએક વખત પછી એકેક સંઘાડો જુદો પડયો. એટલે છમાં ત્રણનો ઉમેરો થતાં **ઝાલાવાડ કાઠીઆવાડમાં ધર્મદાસજી** મહારાજના આ નવ સંપ્રદાયો જુદા જુદા થયા. ત્રણસો સાધુઓની છ કટકે

વહેંચણી થતાં તલપદ લીંબડીમાં માત્ર સાત સાધુઓ અને કંકુબાઈ પ્રભૃતિ થોડાંક આર્યાઓ રહ્યાં! પૂજ્ય શ્રી ઈચ્છાજી સ્વામી ૧, પૂજ્ય શ્રી કાનજી સ્વામી ૨, મહાત્મા શ્રી અજરામરજી સ્વામી ૩, તલકસી સ્વામી ૪, રવજી સ્વામી ૫, નાગજી સ્વામી ૬, અને દેવરાજજી સ્વામી ૭. આ સાત સાધુઓમાં પૂજ્ય શ્રી ઇચ્છાજી સ્વામી મ્હોટા હતા. તેમના મનોભંગનું જે કારણ હતું તે દૂર કર્યું અને તેમને લીંબડી સંપ્રદાયની ગાદીએ બેસાડયા તથા આચાર્ય પદવી મહાત્મા શ્રી અજરામજી સ્વામીને શ્રી સંઘે સંવત્ ૧૮૪૫ માં સોંપી. સુધારા વધારાથી બત્રીસ કલમો સાથે નવીન વ્યવસ્થા ચાલુ થઈ. પૂજ્ય શ્રી ઈચ્છાજી સ્વામીના શિષ્ય રામજી ઋષિ કોઈ પણ કારણસર ઉદેપુર તરફ પધાર્યા અને ત્યાં જ સ્થાયી ભાવ કર્યો. તેમનાથી એક સંપ્રદાય ચાલ્યો જે ઉદેપુર સંપ્રદાયના નામથી પ્રચલિત છે.

નવીન બંધારણથી થોડી સંખ્યામાં પણ આચારની બહુ મજબૂતી થઇ. પરસ્પરની ચાહનાપૂર્વક બધાના એક વિચાર થવાથી ઐકયનો પાયો બહુ દૃઢ થયો. થોડી સંખ્યાનો પણ ભવિષ્યમાં આબાદી સાથે વિજય થશે એવી આશાનાં કિરણોનો અરૂણોદય થયો. અવ્યવસ્થા દૂર થઇ ગઇ. કચરો નીકળી જતાં માર્ગ સાફ થાય તેમ ભિન્નતા અને અંદર અંદરની ખાસાપીસીરૂપ ખળભળાટ દૂર થવાથી ઉત્ક્રાંતિ અને આબાદીનો પંથ તદ્દન સાફ થયો; તે પંથમાં કમર કસી ઉભા રહી મહાત્મા શ્રી અજરામજી સ્વામી વિશાળ હૃદય અને દૂરદર્શિપણાથી શાસનનો વિજયવાવટો ફરકાવવા લાગ્યા.

નવ્ય વ્યવસ્થા બંધાયા પછી લગભગ એક વરસ સુધી ઝાલાવાડ કાઠીઆવાડમાં મુનિમંડળ સાથે વિહાર કરી જૈનશાસનની ઉન્નતિ અને

જૈન શાસ્ત્રનો મહિમા વધારી સંવત્ ૧૮૪૬ની સાલમાં સ્વામીજીએ પુનઃ કચ્છ દેશ તરફ વિહાર કર્યો. રણ ઉતરી વાગડમાં વાંઢીઆ ગામે તે પધાર્યા. તે વખતે કચ્છના કારભારી વાઘા પારેખ ઉપર રાવસાહેબની કાંઇક ખફા નજર થઈ હતી તેથી પારેખ વાંઢીઆમાં તેમના સગાને ત્યાં ગુપ્ત રહ્યા હતા. સ્વામીજી તે જ જગ્યામાં બહાર ઉતરેલા હતા તેથી તે દિવસે આપેલી દેશના પારેખે બરાબર સાંભળી અને વાણીની મધુરતા તથા છટાથી પારેખનું મન આકર્ષાયું. જે મુખારવિંદની વાણી સાંભળી તે મુખારવિંદના દર્શન કરવા ચિત્તમાં ચટપટી જાગી. પ્રસિદ્ધ થવાની બીકથી પારેખ દિવસના ભાગમાં લાભ લઈ શકયા નહિ પણ રાત્રિના ભાગમાં બીજા માણસો ગયા પછી એકાન્તનો પ્રસંગ લઈ દર્શન સમાગમનો લાભ લેવા તે બહાર નીકળ્યા. મહાત્માશ્રીના ચરણારવિન્દમાં મસ્તક નમાવી સન્મુખ બેઠા. વૃદ્ધ સાધુઓના મોઢેથી એમ સાંભળ્યું છે કે સ્વામીજીએ કર્ણપિશાચિકા વિદ્યાની સાધના કરી હતી તેના બળથી અજાણ્યા માણસનું નામ ઠામ અને તેના અંતર્ના વિચારો પણ તે કેટલેક દરજ્જે જાણી શકતા હતા, તેથી વાઘા પારેખનું નામ નિશાન લઇ આગમન પ્રયોજન તેની સાથે વાતચીત કર્યા વગર કહી દેવાથી પારેખના મનમાં અતિ વિસ્મય થવાની સાથે સ્વામીજીની અદ્ભૂત શક્તિ માટે પુરતી ખાત્રી બંધાઈ. આધુનિક વિજ્ઞાનવાદીઓની દૃષ્ટિએ કદાચ આ વાત ચમત્કારિક અને અમાન્ય જણાય, તોપણ એટલી વાત તો બીનતકરાર છે કે સ્વામીજીના અસરકારક અને યુક્તિયુક્ત શાસ્ત્રીય બોધથી પારેખના મનમાં અપૂર્વ પ્રેમભાવ ઉત્પન્ન થયો હતો. સાક્ષાત્ સમાગમથી અને થોડી વાતચીતથી તો પારેખના અંતઃકરણને આનંદદાયક આશ્વાસન મળવાથી અતિ પૂજ્યભાવ પેદા થયો. સ્વામીજીએ તેની ભૂતકાલીન અને આધુનિક

સ્થિતિનો વાતચીત ઉપરથી અનુભવ મેળવી ચંદ્રની અન્યોક્તિથી નીચે પ્રમાણે બોધ આપ્યો.

वसंततिलका वृत्त.

नैकान्ततो वनतिरुन्नतिरत्र चास्ति
तिस्रोभवन्त्यनुदिनं तरणेरवस्थाः॥
एवं तवापि मुखमब्ज किमत्र शोचो
यद्वासरे भवति पाण्डु पलाशकल्पं ॥ १ ॥
सानास्ति संपदिह नास्ति यतो विपत्तिः
साप्येत्रमास्ति नहि या न सुखावसाना॥
ये मध्यभावमुपयान्ति सदेति बुध्वा
कस्तान्निवारयति संचरतो यथेष्टं ॥ २ ॥

હે ચંદ્ર! દિવસે તારૂં બિંબ નિસ્તેજ બની જાય છે, અર્થાત્ દિવસે મારી પડતી અને સૂર્યની ચડતી થાય છે એમ માની તું શોચ કરે છે તે વૃથા છે; થોડી સમજણનું તે પરિણામ છે. તું જરા લાંબી દૃષ્ટિથી જો તો ખરો કે સૂર્યની એક દિવસમાં કેટલી દશા પલટાય છે? સવારે ઉદય, બપોરે પૂર્ણ આબાદી અને સાંજે તદ્દન પડતી થઈ જાય છે. અરે! સૂર્ય તો શું પણ એવો એકે પદાર્થ સંસારમાં દેખાતો નથી કે જેની ચડતી પછી પડતી અને પડતી પછી ચડતી ન થતી હોય! ચડતી પડતીનું ચક્ર નિરંતર ફર્યા કરે છે અને દુનિયાનો દરેક પદાર્થ તેના ઘેરાવામાં આવ્યા વગર રહેતો નથી. આ દુનિયામાં એવી કોઈ સંપત્તિ નથી કે જેની પાછળ વિપત્તિ ડોકિયાં કરતી ન હોય, તેમ

એવી કોઈ વિપત્તિ નથી કે જેને છેડે સંપત્તિ વળગેલી ન હોય. માટે ધીરજ રાખ, શાંત થા. સૂર્યની વૃત્તિનું અનુકરણ કર ! જો,

उदये सविता रक्तो रक्तश्चास्तमये तथा
संपत्तौ च विपत्तौ च महतामेकरूपता ॥ १ ॥

અર્થ—"સૂર્યનો ઉદય અને ચડતી થાય છે ત્યારે પણ તેનું મુખ રાતું હોય છે. રતાશ એ ખુશાલીનું ચિન્હ છે. જેમ ચડતીમાં ખુશાલી રહે છે તેમ પડતીમાં અર્થાત્ અસ્તસમયે પણ ખુશાલીના ચિન્હ તરીકે તેના મુખ ઉપર લાલાશ રહે છે. સંપત્તિ અને વિપત્તિની જ્યાં એક જ ભાવે ખરીદ થાય એ એક મહત્તાનું લક્ષણ છે." ચંદ્રની અન્યોક્તિથી આપેલો ઉપલો બોધ પારેખની વૃત્તિને અક્ષરશઃ લાગુ પડયો. આંતર્ વૃત્તિ તેનું મનન કરતી હતી તેટલામાં સ્વામીજીએ કહ્યું કે–હે ભદ્ર ! આ કચ્છી કહેવત કેવા ઉંચા અર્થનો બોધ આપે છેઃ–

બોદીં ખારા બોદીં ખટા બોદીં મઠાઈ મઠ,
સભે દીં સરખડા રાજા રામ ન દઠ. ૧

હે પારેખ ! સાંભળ સાંભળ, જો આ શ્લોકમાં શું કહ્યું છેઃ–

यात्येकतोऽस्त शिखरं पतिरौषधीना–
माविष्कृतोऽरुणपुरःसर एकतोऽर्कः ॥
तेजोद्वयस्य युगपद्व्यसनोदयाभ्यां ।
लोकोऽनियम्यत इवात्मदशान्तरेषु ॥ १ ॥

અર્થ—એક તરફ ચંદ્રમા કે જે થોડા વખત પહેલાં આકાશના મધ્ય ભાગમાં અપરિમિત તારાઓ ઉપર એકલછત્રું સામ્રાજ્ય ભોગ-

વતો પ્રકાશિત થઈ રહ્યો હતો તે હમણાં અસ્તના શિખર ઉપર પહોંચી ચૂકયો છે. અરે! હમણાં જ જોતજોતાંમાં તે અસ્ત–અદૃશ્ય–મૃતપ્રાય થઇ જશે, ત્યારે તે જ વખતે બીજી તરફ અરૂણ સારથીને આગળ મોકલી સૂર્યનારાયણ પુરતા પ્રકાશની સાથે પૃથ્વીને પ્રકાશિત બનાવવાની તૈયારી કરીને ચંદ્રના તેજનો પરાભવ કરતો પ્રકટ થવા આવ્યો છે! અહો કેટલી બધી વિચિત્રતા!! બંને તેજઃપુંજસ્વરૂપ હોવા છતાં એક જ સમયે એકનો અભ્યુદય ત્યારે બીજાનો અસ્ત! એકને સંપત્તિ અને બીજાને વિપત્તિ પ્રાપ્ત થઇ છે! એ પણ એ જ સૂચવે છે કે અમારી પેઠે દરેક મનુષ્યની શુભ કે અશુભ દશાનું પરિવર્તનચક્ર ફર્યા જ કરે છે. હે પારેખ! આ દાખલાઓ ઉપરથી વસ્તુસ્થિતિનો જરા ઉંડો વિચાર કરી દિલગીરીને દૂર કર. હિમ્મત રાખી ધર્મ ઉપર એકવૃત્તિ ધર તેથી સર્વ રીતે ભદ્ર થશે. “ભદ્ર થશે” એ વચન તેના હૃદયમાં બરાબર ચોંટી રહ્યું, હૃદયમાં સાક્ષાત્ પ્રતિબિંબિત થયું હોય એમ પ્રતીત થયું. તે વચનમાં વચનસિદ્ધિની છાયા પડેલી હોય એમ પારેખના મને નિશ્ચય રૂપે માન્યું અને તત્કાલ તે રૂપે ગ્રહણ કરી લીધું કે તથાસ્તુ, ધર્મનો પ્રભાવ મોટો છે; મને તો આપના વચનથી જ “ભદ્ર થશે” એમ હું ખાત્રીથી સ્વીકારૂં છું. આટલું કહી અંતર્માં શુદ્ધ ભાવનાપૂર્વક શ્રદ્ધા રાખી વંદન કરી પારેખ સ્વસ્થાને ગયા. પણ મનમાં જે સબલ શ્રદ્ધા રહી તે શ્રદ્ધામાં જરા પણ શૈથિલ્ય નહોતું. ભાવના ઘણી વિશુદ્ધ હતી તે તરત ફલીભૂત થઇ. રાવશ્રીના મનમાં પારેખ વિષે ગુસ્સાનું જે કારણ ઊભું થયું હતું તે દૂર થઈ ગયું અને અમુક કામમાં પારેખની જરૂર પડી, જેથી દરબારે પારેખની શોધ માટે માણસો મોકલ્યાં. પારેખને આ ખબર મળતાં તે ઘણા ખુશ થયા અને ફરી સ્વામીજીનાં દર્શન

કરી " આપના પરમ પ્રભાવથી જ મારી આપદ્ દૂર થઇ છે, " એમ આભારની લાગણી પ્રદર્શિત કરી પોતે એક દેરાવાસી ગૃહસ્થ હોવા છતાં પણ સ્વામીજી પ્રત્યે ગુરૂભાવની લાગણી ઉત્પન્ન થઈ, તેથી ભુજ પધારવા વિનતિ કરી.

સ્વામીજી—ભુજના દેરાવાસી ભાઇઓએ સ્થાનકવાસી સાધુઓને ભુજમાં પેસવા ન દેવા માટે દરબાર પાસેથી લેખ કરાવી લીધો છે. તો અમારાથી શી રીતે આવી શકાય ?

પારેખ—ગુરૂ મહારાજ ! તેના માટે હું બંદોબસ્ત કરીશ. કોઈ રીતે આપને હરકત આવવા નહિ દઉં. મહેરબાની કરી આપ જરૂર ત્યાં પધારશો.

સ્વામીજી—બહુ સારૂં, યોગ્ય બંદોબસ્ત થતાં શ્રેયના કારણ જેવું જણાશે તો અવસરે આવવાનું બની શકશે.

ઘણી આજીજીપૂર્વક વિજ્ઞપ્તિ કરી પારેખ ભુજ ગયા અને દરબારની નિઘાહ નજર થતાં પુનઃ પોતાના હોદ્દા ઉપર ચડી ગયા, અને માનપાન પણ વધારે મેળવ્યું.

સંપત્તિની શ્રેણી ઉપર ચડયા પછી પણ ગુરૂ મહારાજના પરમપ્રભાવની પ્રસાદીનો કંઇક અંશે પણ બદલો વાળવાની પારેખના મનની ઇચ્છા કંઇ ઓછી થઈ નહોતી અને તેના માટે પ્રયત્ન કરવા પણ ચૂક્યા નહોતા. દેરાવાસીના આગેવાન ગૃહસ્થોને ખાનગીમાં તેડાવી પ્રતિબંધક પત્ર રદ કરવા ઘણી રીતે સમજાવ્યા છતાં ન સમજ્યા ત્યારે પારેખે વિચાર્યું–" ઠીક છે, આગળ ઉપર જોઈ લેઇશું. મારી સત્તાથી હાલ આ લોકો બહાર પડીને અટકાયત કરી શકશે નહિ; એકવાર ગુરૂ મહારાજ અહીં પધાર્યા પછી બધું સારૂં થઈ રહેશે."

સ્વામીજી ધીમે ધીમે વિહાર કરતા અંજાર મુંદ્રા થઇ માંડવી પધાર્યા, અને તે સાલનું ચોમાસું માંડવીમાં પસાર કર્યું. વાઘા પારેખના વારંવાર વિનતિપત્રો કલ્યાણજી જેઠા ઉપર આવતા જેથી ચોમાસું ઉતર્યા પછી માંડવીથી માનકુવે પધાર્યા. ત્યાં થોડા દિવસ રહી જ્યારે માનકુવેથી ભુજ જતા હતા ત્યારે પારેખને અગાઉથી ખબર પડતાં, પારેખે નગારાં નિશાનથી હાથી ઘોડાની સાથે ધામધુમથી સામૈયું કરવાની પેરવી કરી હતી, તે જોઇને સ્વામીજી રસ્તામાંથી માનકુવા તરફ પાછા વળ્યા. તેમને પાછા વળતા જોઇ પારેખના મનમાં વિસ્મયની સાથે નિરાશા પેદા થઈ. પારેખ તરત જ સ્વામીજીને ભેટયા અને પાછા વળવાનું કારણ પૂછ્યું ત્યારે સ્વામીજીએ ખુલાસો કર્યો કે " હે ભદ્ર! તમે ભક્તિભાવના ઉછરંગથી આ તૈયારી કરી પણ અમારો વ્યવહાર જુદો છે. આવી રીતથી અમે ન આવીએ. તમારી વિનતિ ધ્યાનમાં છે. વખત મળ્યે અમે પોતે આવી જઈશું." પારેખે અજાણપણાને લીધે થયેલી ભૂલની ક્ષમા માગીઃ "હવેથી તેમ નહિ કરતાં સાદી રીતે આપના વ્યવહાર પ્રમાણે વર્તીશ. પણ આપ તરત ભુજ પધારો." એમ કહી પારેખ ભુજ તરફ ગયા, અને સ્વામીજી પણ માનકુવેથી પુનઃ તુરત ભુજ પધાર્યા.

દેરાવાસી લોકોએ અંદર અંદર ખટપટ ઉઠાવી પણ પારેખની બીકથી તેઓ આગળ પગલાં ભરી શકયા નહિ. સ્વામીજીના વિદ્વત્તાયુક્ત બોધની છટાથી જ્યારે લોકોનું આકર્ષણ થયું અને ચારે તરફ ખ્યાતિ પ્રસરવા લાગી ત્યારે કેટલાએક વિઘ્નસંતોષીઓએ ઈર્ષ્યા અને ધર્મદ્વેષના બળથી એક પ્રપંચની જાળ રચી. એક ભોજકને તૈયાર કરી કોઈ પણ માણુસ ન હોય તેવે વખતે સ્વામીજી પાસે તેને મોકલ્યો.

તેણે કહ્યું, મહારાજ! તમારા રહેવાથી અહીં ઘણું અશ્રેય થશે. કેટલાએક માણસો ઉશ્કેરાઈ જઈ ઝનુન ઉપર આવી ગયા છે અને મારામારી થશે તેના નિમિત્તભૂત તમે થશો. હું તમારા હિતમાટે કહું છું કે જો તમે વિહાર કરી જશો તો બધું સમાધાન થઈ જશે.

સ્વામીજી આવી ખટપટના ફંદથી દૂર રહેવાની ઇચ્છાથી તુરત ભુજથી વિહાર કરી **માનકુવે** પધાર્યા. પાછળથી **વાઘા** પારેખને ખબર પડતાં તપાસ કરી ખટપટીઆને ખોળી કાઢયા. રાવશ્રીના મનની પ્રસન્નતાના સમયનો લાભ લઈ પારેખે પ્રતિબંધક લેખને રદ કરાવવાની રજા મેળવી યુક્તિ રચી. દેરાવાસી આગેવાનોને તેડાવ્યા અને કહ્યું કે અમુક બાંધકામ માટે રૂપીઆ વીશ લાખની દરબારને જરૂર છે માટે વ્યાજે તેટલા રૂપીઆ પુરા પાડો. આ હુકમથી તે ગૃહસ્થો ચમકયા. મનમાં સમજી ગયા કે આપણા વર્ગમાંના અમુક માણસોએ સ્થાનકવાસીના સાધુને ઉઠાડવા કરેલી ખટપટનું આ પરિણામ છે. ધાર્મિક દ્વેષે આ ખટપટને જન્મ આપ્યો છે અને તેથી પારેખના મનમાં આપણા પ્રત્યે આ કટાક્ષ ઉત્પન્ન થયો છે. આ કટાક્ષાંકુરને શમાવવાની જરૂર છે, નહીંતો તેનાં કડવા ફળ આપણને ચાખવાં પડશે. આવા વિચારથી પારેખને પ્રણિપત કર્યા ત્યારે પારેખે કહ્યું કે "સ્થાનકવાસી સાધુઓને આંહિ ન આવવા દેવાનો લેખ રદ કરી મારા ગુરૂ મહારાજને વિનવી **માનકુવે**થી અહીં તેડી લાવો." દેરાવાસી આગેવાનોએ તે કબુલ કર્યું અને **માનકુવે**થી સ્વામીજીને હાથે પગે લાગી આજીજી કરી તેડી લાવ્યા. ત્યાં સમાધિથી થોડા દિવસ રહી ચાતુર્માસ્યક્ષેત્ર ખુલ્લું કર્યું અને ધર્મનો ઘણો મહિમા વધાર્યો.

શહેરોમાં અને ગામડાંઓમાં વિહાર કરી ઘણા માણસોના મનને

સદ્બોધની સરસ બુદ્ધિનું પાન કરાવી પરાઙ્મુખ પ્રવૃત્તિથી અટકાવી રસ્તે લાવ્યા. જ્યાં જ્યાં સ્વામીજી વિહાર કરતા ત્યાં ત્યાંથી અનીતિ, અધર્મ, જુલ્મ, વ્યસન વગેરે દોષોને દૂરનો પ્રદેશ શોધવાની જરૂર પડતી અને ત્યાં ધર્મનો વિજયધ્વજ ફરકતો. અધર્મની સીમામાં ધર્મનું રાજ્ય પ્રવર્તતું. સ્વામીજીએ આ વખતે કચ્છમાં બે વરસ રહી ધર્મની સીમા વિશાળ બનાવી. કચ્છમાં વિચરતા સાધુઓની માન્યતામાં થયેલો થોડોક ફેરફાર ધીમે ધીમે દૂર થઈ જશે એવી ધારણાથી તે ભેદને વધારે ન છંછેડતાં સુલેહને સંપૂર્ણ રીતે જાળવી કચ્છની મુસાફરી સમાપ્ત કરી તે પુનઃ ઝાલાવાડ તરફ પધાર્યા. થોડા વખતમાં સાધુ અને આર્યાઓની સંખ્યામાં વધારો થયો. તે વધારો પણ "યેન કેન પ્રકારેણ" નહોતો, કિન્તુ વ્યવસ્થા પુરસ્સર જ હતો. વ્યવસ્થા એવી બાંધેલી હતી કે "દિક્ષાના ઉમેદવારની જાતિ, કુળ, પ્રકૃતિ, બુદ્ધિ અને વૈરાગ્ય તપાસવાં. જાતિ અને કુળ નિષ્કલંક હોવાં જોઇએ. પ્રકૃતિ શાંત, સરલ, ઇર્ષ્યા તથા કદાગ્રહ વગરની, નમ્ર અને સુશીલ હોવી જોઇએ. સાધારણ યા વિશેષ શાસ્ત્રનો અભ્યાસ કરી શ્રોતાઓના મનમાં સારી છાપ પાડી શકે તેવી બુદ્ધિ અને પ્રતિભા હોવી જોઇએ. વૈરાગ્ય પણ મોહગર્ભિત અને દુઃખગર્ભિત ન હોય કિન્તુ જ્ઞાનગર્ભિત સંસારનું અસાર રૂપ સમજીને જ વિરક્ત વૃત્તિ ઉત્પન થઈ હોય તેવા ઉમેદવારની જ દિક્ષાને માટે પસંદગી કરવી; એટલું જ નહિ પણ દિક્ષિત થયા પછી તેને એક બાહોશ નિષ્પક્ષપાતી ઉપાધ્યાય (નિખિલ શાસ્ત્રનો સાર સમજી દિલસોજીથી દરેક લાયક વિદ્યાર્થીને અભ્યાસ કરાવનાર)ની દેખરેખ હેઠળ રાખી બીજી કોઈ પણ પ્રવૃત્તિમાં જોડયા સિવાય અખંડપણે અભ્યાસ કરાવવો. કોઇ પણ રીતે તેની વર્તણુકમાં ફેરફાર પડે કે સંયમ વૃત્તિને ધક્કો લાગે તેવી પ્રકૃતિ જોવામાં આવે તો તરત જ તે સડો દૂર થાય તેવા ચાંપતા ઉપાયો લેવા. તેને

શીખામણુ આપી સમજાવી તેવી ખામી દૂર કરાવવી. એક વારની ભૂલને માટે દયાની સાથે સાદી શિક્ષા, બીજી વારના ભૂલને માટે સખ્ત ઠપકો અને સાધારણુ શિક્ષા, ત્રીજી વારની ભૂલને માટે પુરતી શિક્ષા કરવી, તેમ છતાં ભૂલની સુધારણા ન થાય તો ચોથી વાર તેનો પક્ષ ખેંચ્યા વગર તે સડાવાળા પાનને પાનની થોકડીથી દૂર કરવું-" કે જેથી બીજા પાનને હાનિ ન પહોંચે." ઉમેદવાર અને નવદિક્ષિતને માટે આવી તરેહની ઉત્તમ વ્યવસ્થા હોવાને લીધે સાધુસમાજની સંખ્યામાં જે વધારો થતો હતો તે એવો નહોતો કે જેથી સાંપ્રદાયિક બંધારણની અવ્યવસ્થા, આચારની શિથિલતા, ઇર્ષ્યાભાવજન્ય પરસ્પર ખાસાપીસી કે ખટપટ ઉભી થાય. કિન્તુ તેથી બંધારણની મજબૂતાઈ, મોટાં અને નાનાંઓમાં પરસ્પર ગાઢ સંબંધ અને સંપની દ્દઢતા થઇ હતી, તથા જૈન શાસનના અભ્યુદયને માટે દરેકના મનમાં જાગૃતિ થઈ હતી. વીરશાસનને જયવંતું બનાવવા માટે સંયુક્ત બળનો જમાવ અને ધર્માભિમાન ઉત્પન્ન થયો હતો, અને તે બધું સંપ્રદાયના નેતા અને આ ચરિત્રના નાયક સુવ્યવસ્થા નૌકાના ચાલક કપ્તાનની બાહોશીભરેલી બુદ્ધિની ચાલાકીને આભારી હતું. જોકે, એક ગુરૂના બધા શિષ્ય કરવાની તેરાપંથીઓની પદ્ધતિ મુજબ લીંબડી સંપ્રદાયની પદ્ધતિ નહોતી, કિન્તુ જુદા જુદા ગુરૂના શિષ્ય થવાની રીતિ ચાલુ હતી, તોપણ સ્વામીજીની એવી નિષ્પક્ષપાતવાળી લાગણી હતી કે જેથી કોઈના પણ મનમાં એવો ભેદ નહોતો જણાતો કે આ મારા અને આ મારા નહિ. સર્વના મનમાં એવો જ ભાવ હતો કે અમે બધા વીરશાસનને જયવંતું બનાવનારા સગા ભાઇઓ જ છીએ અને એક ગુરૂના જ શિષ્યો છીએ. આવી રીતે ગુરૂ અને શિષ્યોના મનમાં બંધુભાવ અને પ્રેમભાવ ઉત્પન્ન થયો હતો તે મહાત્મા શ્રી

અજરામરજી સ્વામીની ઉદાર અને દિલસોજીભરેલી લાગણીનો જ પ્રભાવ હતો. સર્વ સાધુમંડળની પ્યારભરેલી લાગણી અને સ્નેહભરેલી દૃષ્ટિ વચ્ચે સામાજિક સુધારણા અને સાંપ્રદાયિક વ્યવસ્થારૂપી નૌકાને વિઘ્નરૂપી ખડકોમાંથી સહીસલામત પસાર કરી અભિપ્રેત બિંદુ ઉપર પહોંચાડવા આપબળ ઉપર ઝુઝી સ્વામીજી જ્યારે ફતેહમંદ થયા, ત્યારે સ્વામીજીનો પ્રભાવરૂપ સૂર્ય સજ્જન પુરૂષોના હૃદયકમળને ખીલાવતો, વીરવાક્યરૂપ અમૂલ્ય રત્નોની ખરી પિછાન કરાવતો, કર્કશ કુતર્કવાદી જનોની આંખો અંજાવતો, પાખંડી જનોના મદને ગાળતો, નિષ્પક્ષપાત દૃષ્ટિથી નિર્મિત સિદ્ધાંતરૂપ છોડવાને ઉછેરતો, ચારે તરફ પ્રકાશવા લાગ્યો. ખ્યાતિ અને કીર્તિરૂપ કિરણો દેશદેશાવરમાં સર્વત્ર પ્રસરી સર્વ લોકોની દૃષ્ટિને સ્વામીજી તરફ ખેંચવા લાગ્યાં.

સ્વામીજીનો આ વખત અભ્યાસી મુનિમંડળને અભ્યાસ કરાવવામાં, શ્રોતૃવર્ગની ઉન્નતિ માટે અસરકારક બોધ આપવામાં, પૂછવા આવનાર માણસોની શંકાના ખુલાસા કરવામાં, પ્રતિદિન નિયમિત સમયે ધ્યાન ધરવામાં અને શેષવિહિત દિનકૃત્ય આચરવામાં પસાર થતો હતો. સ્વામીજી વખતની ઘણી જ કિમ્મત સમજતા હતા જેથી અભ્યાસી મંડળને ખાસ ભલામણ એ કરતા કે, “ મુનિઓ ! જરા પણ વખતને વ્યર્થ ગુમાવશો નહિ. સુવર્ણ, હીરા કે મોતીની ખાણ કરતાં પણ વખતની કિમ્મત વધારે છે. મૂર્ખ માણસોને નહિ પણ બુદ્ધિમાન્ વિવેકી પુરૂષોને વખત જેવી બીજી કોઇ ઉપયોગી ચીજ નથી. તમે જુઓ છો કે જે માણસો વખતને વ્યર્થ ન ગુમાવતાં સદુદ્યોગમાં મચ્યા રહી પુરૂષાર્થની રકમ વખતને ધીરે છે, તે માણસો વખત પાસેથી તાત્કાલિક લાભ કેવો મેળવી શકે છે. બાહ્ય દૃષ્ટિએ

જોઇએ તો એક ઘડીમાં હજારો રૂપીઆનો લાભ મેળવે છે. આત્મિક સાધનમાં અને પરમાર્થ કાર્યમાં વખતને ધીરેલી રકમનો બદલો એટલો બધો મળે છે કે તેનો હિસાબ જ થઈ શકે નહિ. માત્ર વ્યાજનો જ લાભ મેળવવા ઇચ્છનારા માણસો વખતને સદ્બુદ્ધિપ્રયોજ્ય થોડા પણ પુરૂષાર્થની ધારણા કરે તો તેથી વ્યાજ તો શું પણ હજારગણો લાભ મેળવી શકે. હીરાનો ઝરો કે મોતીની વૃષ્ટિ ક્યાંય થતી હોય તો તેની જ માત્ર ઉપમા વખતને આપી શકાય. આવો કિમ્મતી વખત ફોકટની વાતચિતોમાં, ઉંઘમાં કે આલસ્યમાં વ્યર્થ ન ગુમાવતાં આવશ્યક દિનકૃત્ય ઉપરાંત શાસ્ત્રાભ્યાસ, શાસ્ત્રીય ચર્ચા, સામાજિક સુધારણા અને પરોપકારના વિચાર કરવામાં અને ભૂલતા માણસોને માર્ગે ચડાવવા અસરકારક બોધ આપવામાં પસાર કરવો. કહ્યું છે કેઃ—

शास्त्राभ्यासविनोदेन, कालो गच्छति धीमतां ॥
व्यसनेन च मूर्खाणां, निद्रया कलहेन वा ॥ १ ॥

અર્થાત્—શાસ્ત્રીય અભ્યાસ વિગેરે સદુદ્યોગમાં જે વખતનો સદુપયોગ કરે છે તે જ બુદ્ધિમત્તાનું લક્ષણ છે. પણ નિદ્રા, કલહ, વ્યસન કે આલસ્યમાં જે કિમ્મતી વખતને ગુમાવે છે એ એક મૂર્ખતાનું જ ચિન્હ છે."

ઉપલી હિતશિક્ષાથી સર્વ મુનિઓના મનમાં વખતની મહત્તા પૂરેપૂરી સમજાયાથી, સર્વ મંડળ સદુદ્યોગમાં નિરંતર મચ્યું રહેતું. બેદરકારી કે ઉપેક્ષા તો ત્યાં પગભર પણ ટકી શકતી નહિ. સ્વામીજીના શિષ્યમંડળમાં સૌથી વધારે બુદ્ધિમાન્ વિનીત સુશીલ શાન્ત સ્વભાવી અને વિદ્યાર્થી શિષ્યને છાજે તેવા દરેક સદ્ગુણથી ભૂષિત દેવરાજજી

સ્વામી હતા. તેમની ઉમ્મર નાની હતી, પણ બુદ્ધિ પ્રૌઢ હતી. ગુરૂભક્તિ એ બુદ્ધિ ખીલવવા અને જ્ઞાન સંપાદન કરવાનો મહામંત્ર સમજતા હતા. સાધ્વાચાર અને વિનય પાઠનાં વિધિ વાક્યો દરેકની સ્મરણપોથીમાં નોંધી લેવામાં આવ્યાં હતાં; અને નીચેનાં વાક્યો દરેક શિષ્યને અભ્યાસપાઠ તરીકે શિખવવામાં આવ્યાં હતાં; તે આ પ્રમાણેઃ—

अणुसासिउ न कुप्पेज्जा, खंतिं सेवेज्ज पंडिए ।
खुड्डेहिं सह संसग्गं, हासं कीडं च वज्जए ॥

ઉ. અ. ૧. ગાથા ૯.

અર્થ—દરેક શિષ્યે ગુરૂની હિતશિક્ષા ધ્યાન આપીને સાંભળવી, વિચારવી, હૃદયમાં ઉતારવી અને તેને વર્તનમાં મૂકવી. શિષ્યના દુર્ઘટ હૃદયની મોટી ભૂલોને ભુંસવા માટે કદાચ હિતશિક્ષા કઠિન પ્રહારયુક્ત હોય તોપણ વિનીત શિષ્યે તે શિક્ષા મારા હિત માટે જ છે એમ ધારી શાંતિથી સાંભળવી પણ સાંભળતાં લેશ માત્ર પણ કોપ ન કરવો અને મનમાં ખેદ ન ધરવો; કિન્તુ શુભ વિચારણાથી મનને સમજાવી ક્ષમા રાખવી. ભવ્યો ! જે માણસનું વર્તન અને મન ક્ષુદ્ર—નીચ હોય તેવાઓનો કદિ પણ—એક ક્ષણ માત્ર પણ સંસર્ગ ન કરવો અને હાંસ્ય કે ક્રીડાના પ્રસંગથી હમેશ દૂર રહેવું.

જ્યારે જ્યારે શિષ્યવર્ગને સ્વામીજીની સમીપે શાસ્ત્રવાચન વગેરેનો પ્રસંગ પડતો ત્યારે ત્યારે આ નીચેની ગાથાઓનો અક્ષરશઃ ઉપયોગ થતો હતો.

न पक्खओ न पुरओ नेव किच्चाण पिठओ।
न जुंजे ऊरुणा ऊरुं सयणे नो पडिस्सुणे ॥
नेव पल्हत्थियं कुज्जा पक्खपिंडं च संजए।
पाए पसारिएवावि न चिट्ठे गुरुणंतिए ॥

ઉ. અ. ૧ ગાથા ૧૮-૧૯.

અર્થ—શિષ્યે ગુરૂ પાસે અધ્યયન લેતી વખતે વા અન્ય પ્રસંગે ગુરૂને પડખે સમાન પંક્તિએ બેસવું નહિ તેમ જ દર્શને આવનાર ગુરૂમુખ ન અવલોકી શકે તેવી રીતે અગાડી પણ બેસવું નહિ; ગુરૂની પુંઠે ન બેસવું, જોડાજોડ ગુરૂની જાંઘને દબાવી પણ ન બેસવું, ગુરૂ કાંઇ હુકમ કરે ત્યારે આસન કે શયન ઉપર બેસીને જ તેનો સ્વીકાર ન કરવો કિન્તુ તેના ઉપરથી ઉઠી ઉભા થઈ બે હાથ જોડી "તથાસ્તુ" ઇતિ સ્વીકાર કરવો. ગુરૂની સમીપે બેસતાં પગ ઉપર પગ ચડાવવો નહિ. પલાંઠી બીડી કે પગ લાંબા કરી બેસવું નહિ.

आसणगओ न पुच्छेज्जा नेव सिज्जागओ कया।
आगम्मु कुडुओसन्तो पुच्छेज्जा पंजली उडो ॥

ઉ. અ. ૧. ગાથા ૨૨.

અર્થઃ—જ્યારે ગુરૂ મહારાજની પાસે સૂત્ર અર્થ સંબંધી કંઈ પણ સવાલ પુછવાનો હોય ત્યારે આસન કે પથારી ઉપર પડયા પડયા ન પુછવું જોઇએ, કિન્તુ આસન શયનને મુકી ગુરૂની સન્મુખ ઉભા રહી અથવા શાન્ત ચિત્તે ઉત્કુડુક આસને બેસી બે હાથ જોડી મસ્તકે અડાડી પ્રશ્ન પૂછવો.

શાસ્ત્રમાં બતાવેલ વિધિનું યથાર્થ રીતે આ શિષ્યમંડળમાં પરિપાલન થતું હતું. હમેશનું દિનકૃત્ય અને વિનયવિધિનાં વાકયો દરેકને અભ્યસ્ત થઈ રહ્યાં હતાં. ટુંકામાં શિષ્યમંડળની દરેક પ્રવૃત્તિ સ્વામીજીની દેખરેખ હેઠળ પૂર્ણ વ્યવસ્થાપુરસ્સર ચાલતી હતી. ટુંકાં ટુંકાં શાસ્ત્રીય વિધિવાકયો એ જ તેમના કાયદા હતા, અને સ્વામીજીની શિક્ષણપદ્ધતિને લીધે ઉત્પન્ન થયેલી ઉંચી લાગણી એ જ તે કાયદાનો બરાબર અમલ કરાવનારી શક્તિ હતી. સ્વામીજીની તીખી નજર જ કાયદા ભંગના ગુન્હાની પુરતી સજા હતી. આવી સુવ્યવસ્થાને લીધે સર્વ કોઈ પોતપોતાના સત્કાર્યમાં હમેશ સાવધાન રહેતા; તેથી આ મુનિમંડળ જે કાંઈ કાર્ય કરવાનું મનમાં ધારતું તે કાર્ય તરત જ પાર પડતું. ઐક્ય અને સદુદ્યોગ એ બે ચીજ જ્યાં એકઠી થાય ત્યાં શું શું ન બની શકે? અશક્યપ્રાય: જેવું હોય તે પણ ઉપલી સંયુક્ત બે ચીજથી શક્ય થઇ શકે છે. તે બે વસ્તુના બળથી જ પ્રકૃત મુનિમંડળ ભવ્ય જનોને શાસનરાસક બનાવવાના અને મહાવીર પ્રભુના પ્રૌઢ પ્રતાપનો પ્રચાર કરવાના સ્વામીજીએ ઉપાડેલા કાર્યમાં બહુ સહાયભૂત થયું; તેથી સ્વામીજીના પ્રયાસને ઘણી સફળતા મળી. ઝાલાવાડ, કાઠીઆવાડ અને ગુજરાતના તમામ પ્રદેશમાં સ્વામીજીએ અભ્યાસી મુનિમંડળ સાથે વિહાર કર્યો એટલું જ નહિ પણ માળવા, મેવાડ અને મારવાડ સુધી પોતાની વિજયી મુસાફરી લંબાવી પોતાના વિદ્યાગુરૂ પરોપકારી પૂજ્ય શ્રી દોલતરામજી મહારાજનાં ફરી દર્શન કરવા દૂરના પ્રદેશમાં પધાર્યા અને જેપુર શહેરમાં એક ચાતુર્માસ તેમની સાથે રહ્યા. તે જ્યાં જ્યાં પધાર્યા ત્યાં ત્યાં તેમના પ્રતાપનો સૂર્ય આગળથી પ્રકાશી રહ્યો હતો; તેથી લોકોનું ઘણું જ આકર્ષણ થતું હતું. તેઓનાં હૃદયમાં યુક્તિયુક્ત શાસ્ત્રીય બોધથી

ધાર્મિક સત્ય સિદ્ધાંતોની છાપ પાડી ધર્મના સંસ્કારોથી અવાસિત અનેક અંતઃકરણો જૈન ધર્મના દૃઢ સંસ્કારોથી વાસિત બનાવ્યાં; બાળરાગી અને અરાગી જનોને ધર્મના દૃઢ પ્રેમી કર્યા; તે પણ એકબીજાની નિન્દા કે આક્ષેપનો બોધ આપીને નહિ પણ બીજાની નિન્દા વગરના નિષ્પક્ષપાતી સરલ અને સીદ્ધો બોધ આપીને ધર્મનો મહિમા વધાર્યો. જૈનના બીજા ફિરકાની શ્રદ્ધાવાળા જનોને શ્રદ્ધાના વિશેષ ફેરફારરૂપ કારણ સિવાય તે ફિરકાની શ્રદ્ધા ઉતરાવી પોતાના ફિરકાની શ્રદ્ધા બેસાડવાનો પ્રયત્ન કરવાની પદ્ધતિ, સ્વામીજીને બિલકુલ પસંદ નહોતી, તેમ તેવી પ્રવૃત્તિમાં તે કદી જોડાતા નહિ; પણ તટસ્થ રહી શાસ્ત્રીય વિષયનો ન્યાયપુરસ્સર સત્ય બોધ આપીને જ, સુજ્ઞ જનોના ચિત્તને પોતા તરફ આકર્ષતા. કંઠની મીઠાશ અને વાણીની મધુરતાને લીધે વ્યાખ્યાનમાં દરેક વર્ગનાં મનુષ્યો હાજરી આપતાં. સામ્યભાવપૂર્વક શાન્ત અને વૈરાગ્યમય બોધથી અન્યધર્મી લોકો પણ સ્વામીજીને પૂજ્ય બુદ્ધિથી માનતા અને ગ્રાહ્યભાવથી તેમનો બોધ સાંભળી દુરાગ્રહ યા વૈષમ્યને છોડી વ્રત નિયમ અંગીકાર કરતા. ઘણા અન્ય લોકોને સ્વામીજીએ મદિરા, માંસ, જુગાર, ચોરી, પરદારાગમન વિગેરેના નિયમો કરાવ્યા હતા અને તેથી જ સ્વવર્ગીય તેમ જ અન્યવર્ગીય લોકોને સ્વામીજી એકસરખી રીતે પ્રિય થઇ પડ્યા હતા. આદેયનામકર્મની પુણ્યપ્રકૃતિ એવી નિર્મિત થયેલી હતી કે કોઈ પણ માણસ તેમનું વચન અમાન્ય કરતું નહિ. ટુંકામાં કહીએ તો વચનસિદ્ધિને લીધે લોકો તેને એક સિદ્ધ પુરૂષ મહાત્મા તરીકે ગણતા હતા. આવા ઉંચા પ્રકારની કારકીર્દ વચ્ચે તેઓશ્રીએ ઘણા અન્ય ધર્મી લોકોને સ્વધર્મપરાયણ બનાવ્યા. નિરૂક્ત દેશોમાં ધર્મ અને નીતિના સિદ્ધાન્તોનો પ્રજામાં ફેલાવો કરી પરસ્પર સંપ સુલેહમાં ઘણો વધારો

કર્યો. મુનિઓ વિહાર કરી શકે યા ચાતુર્માસ રહી શકે તેવાં ઘણાં ક્ષેત્રો ખુલ્લાં કર્યા અને જૈન સમાજમાં ધર્મશ્રદ્ધા, શાસ્ત્રરસિકતા, ભક્તિભાવ, નીતિની મજબૂતાઇ, સુલેહશાંતિ અને વાત્સલ્યભાવનો દૃઢ પાયો નાંખ્યો.

બીજી તરફ સ્વામીજીના શિષ્યમંડળમાં તીક્ષ્ણ બુદ્ધિમાન્ મહાત્મા શ્રી દેવરાજજી સ્વામી પણ વ્યાકરણ, કાવ્ય, સાહિત્ય, ન્યાય વિગેરે શાસ્ત્રોનો અભ્યાસ કરી ધર્મશાસ્ત્રનું સારૂં જ્ઞાન મેળવી પૂજ્યશ્રીની શિક્ષણપદ્ધતિ હેઠળ રહી, પરમાર્થ કેમ કરવો? સહનશીલતા અને ધીરજ કેમ રાખવી? પ્રકૃતિ ઉપર જય કેમ મેળવવો? સ્વાર્થવૃત્તિ કેમ ભૂલી જવી? સતત સદુદ્યોગમાં કેમ મચ્યા રહેવું? વખતની એક નિમેષને પણ સત્કાર્ય કે સદ્વિચારણા વગર વ્યર્થ જવા ન દેવી: વિગેરે અનુભવના દરેક પાઠના અક્ષરે અક્ષર ઉકેલી સામાજિક સુધારણાના સત્કૃત્ય રૂપ રંગભૂમિ ઉપર ઊભા રહેવા તૈયાર થયા. ઉમ્મરની સાથે બુદ્ધિમાં પ્રૌઢતા ઉત્પન્ન થઇ. તેમની ઉપદેશક વાણી પણ જનમનરંજક હોવા ઉપરાંત ચતુર જનના ચિત્તને આકર્ષણ કરનાર બની એક ધર્મગુરૂ અને ઉપદેશકને છાજતા સર્વ ગુણો એકત્ર ગુંફિત થયા. પોતાના શિષ્યગણમાં ચળકતા એક તારાનો અનુપહત સુંદર પ્રકાશ જોઈ સ્વામીજીના મનમાં ઘણો સંતોષ થયો. મારો આંતરિક ઉદ્દેશ અને આરંભેલ સુધારણાનું સત્કાર્ય મારા પછી પણ તેવી ને તેવી રીતે જ ચાલુ રહી શકશે એ અભિનવ આશાએ મનમાં આહ્લાદના તરંગને વધારે વેગ આપ્યો. વિહારની વેગવાળી વૃત્તિને વિરામ પમાડી સાંપ્રદાયક બાહ્યકાર્યનો ઔપાધિક બોજો ઓછો કરી નાંખવાની ઇચ્છા ઉત્પન્ન થઇ, અને સાંપ્રદાયિક કાર્યભાર વહન કરી શકે તેવા તૈયાર થયેલ

મુખ્ય શિષ્યને તે કાર્ય સોંપવાની અભિલાષા થઇ. એકદમ નહિ તો થોડે થોડે હવે મારે આ કાર્યથી મુક્ત થઇ નિરૂપાધિક નિવૃત્તિ મેળવવા આત્મચિંતન, મનન, નિદિધ્યાસનમાં ઉપસ્થિત થવું એ વિચાર નિર્ણયાભિમુખ થયો.

દેવરાજજી સ્વામીની ઉમ્મર બત્રીસથી ચોત્રીસ વરસની થવા આવી છે અને પ્રવ્રજ્યાકાળ વીસ વરસનો થવા આવ્યો છે. સ્વામીજીની ઉમ્મર પણ પીસ્તાલીસ વરસ ઉપર લગભગ પચાસ વરસની થવા આવી છે. કચ્છ, કાઠીઆવાડ, ઝાલાવાડ, ગુજરાત, માળવા, મેવાડ અને મારવાડ સુધી લાંબી લાંબી મુસાફરીઓ પણ કરી દેશ દેશાન્તરનો લાભ આપી ઘણા માણસોને ધર્મપરાયણ બનાવ્યા છે. ટુંકામાં ચારે તરફ જૈનધર્મનો વિજય વાવટો ફરકાવ્યો અને જુસ્સાવાળા પવિત્ર અંતઃકરણમાં જે જે શુભ ધારણાઓ હતી તે ઘણે ભાગે પાર પાડી. સંપ્રદાયની વ્યવસ્થા પણ પુરેપુરી થઇ છે. વર્તમાનમાં જે કાંઇ સાધુઓની સંખ્યા છે તેમનાં અંતઃકરણ ઐક્યરંગથી રંગાયલાં છે. એક સત્તાએ સર્વ કાર્ય સુવ્યવસ્થિત રીતે થાય છે. કોઈના પણ મનમાં કોઈ રીતે અસંતોષ ઉપજે તેવું કંઈ કારણ જોવામાં આવતું નથી. જુદા થયેલા સંપ્રદાયો પણ સૌ સૌ પોતપોતાની દિશામાં કાર્ય કરી રહેલા છે. સર્વત્ર શાંતિ અને સુલેહનો પવન પ્રસરી રહ્યો છે. સર્વ પ્રકારે સમયની સાનુકૂળતા વચ્ચે સ્વામીજીએ સંવત્ ૧૮૬૦ દરમ્યાન પચાસ વરસની ઉમરે સામાજિક જીવનમાંથી પસાર થઈ આધ્યાત્મિક જીવન ભોગવવાની શરૂઆત કરી.

પ્રકરણ ૩ જું.

આધ્યાત્મિક જીવન.

અધ્યાત્મ એટલે શું?

गतमोहाधिकाराणामात्मानमधिकृत्यया ।
प्रवर्तते क्रिया शुद्धा तदध्यात्मं जगुर्जिनाः ॥ १ ॥

અર્થઃ—અનંતાનુબંધી ચતુષ્ટય દર્શનત્રિક વગેરે મોહનીયની પ્રકૃતિઓનું થતું દબાણ જેણે ઓછું કર્યું છે અથવા સર્વથા દૂર કર્યું છે તેવા પુરૂષોની આત્મિક દૃષ્ટિથી વા જ્ઞાનભાવથી જે કંઈ ક્રિયા થાય છે તેનું નામ અધ્યાત્મ કહેવાય છે. **आत्मानमधिकृत्य इत्यध्यात्मं इति व्युत्पत्तेः ।**

આનંદઘનજી શ્રેયાંસજીનની સ્તુતિ કરતાં કહે છે કેઃ—

નિજ સ્વરૂપ જે ક્રિયા સાધે, તેહ અધ્યાત્મ કહીયે રે;
જે ક્રિયા કરી ચઉગતિ સાધે, તે ન અધ્યાત્મ લહીયે રે ॥ ૧ ॥

ટુંકામાં, બાહ્ય બાધાધક અને પૌદ્ગલિક વસ્તુઓ તરફથી મનને પાછું ખેંચી સ્વસ્વરૂપ તરફ વાળવાની જે શુભ ક્રિયા તે અધ્યાત્મક્રિયા અને તે ક્રિયાથી સ્વસ્વરૂપમાં સ્થિરતા સંપાદન કરી સ્વાનુભવ કરવો તે અધ્યાત્મ જ્ઞાન કહેવાય. સદરહુ જ્ઞાન અને ક્રિયામાં જીવનનો સમય પસાર કરવો તે "આધ્યાત્મિક જીવન" કહી શકાય.

આધ્યાત્મિક જીવન કોણ ગાળી શકે?

शान्तो दान्तः सदा गुप्तो मोक्षार्थी विश्ववत्सलः ।
निर्दंभां यां क्रियां कुर्यात् साध्यात्मगुण वृद्धये ॥ १ ॥

અર્થઃ—જેની પ્રકૃતિ શાંત હોય, વિષયાસક્તિથી વેગળા રહી ઇંદ્રિયોપર જીત મેળવી હોય, મન વચન અને કાયાને પાપથી ગોપવેલ હોય, મોક્ષ સિવાય બીજી કાંઇ ઇચ્છા ન હોય, જે કાંઈ ક્રિયા કરે તેમાં ડોળ કે દંભ બિલકુલ ન હોય, તેવો પુરૂષ જ અધ્યાત્મજીવન ગાળવાને અધિકારી બને છે અને તેમાં આગળ વધી શકે છે. તેથી ઉલટું—

क्षुद्रो लोभरतिर्दीनो मत्सरी भयवान् शठः ।
अज्ञो भवाभिनंदी स्यान्निष्फलारंभसंगतः ॥ १ ॥
आहारोपधि पूजर्द्धि गौरवप्रातिबंधवतः ।
भवाभिनंदी यां कुर्यात् क्रियां साध्यात्मवैरिणी ॥२॥

અર્થઃ—ક્ષુદ્ર સ્વભાવી, લોભી, દીન, મત્સરી, બીકણ, કપટી, અજ્ઞાની, અને સંસારમાં આસક્ત બનેલ માણુસ કદાચ અધ્યાત્મજીવનમાં પ્રવેશ કરવા ધારે તો તેનો પ્રયાસ નિષ્ફળ છે. તેમજ જે ભવાભિનંદી, ખાનપાન, વસ્ત્ર, પાત્ર, પૂજા, ગૌરવ, કીર્તિ અને મોટાઈ વગેરેની લાલસાથી કાંઈ પણુ ચારિત્ર્યાદિક ક્રિયા કરે છતાં પણુ તે ક્રિયા અધ્યાત્મજીવનની પોષક નહિ પણુ શોષક બને છે; એટલે તેવા માણુસો અધ્યાત્મજીવન ગાળવાને લાયક બનતા નથી.

સ્વામીજીના સ્વભાવની રચના મૂળથી અધ્યાત્મજીવન ગાળવાને લાયક જ હતી. વિદ્યાર્થી જીવન અને સામાજિક જીવનમાં પણુ આધ્યાત્મિક જીવનનું મિશ્રણુ તો હતું જ, કેમકે આગલા બંને પ્રકારના

જીવનમાં અધ્યાત્મગુણપ્રતિબંધક કે અધ્યાત્મગુણનાશક દોષો હતા જ નહિ. અધ્યાત્મગુણવૈરિણી-દાંભિક ક્રિયા માટે તેમના મનમાં હમેશ તિરસ્કાર હતો. તેઓ મનમાં માનતા હતા અને ઉપદેશમાં પણ તેમ જ જણાવતા હતા કેઃ-

दंभो मुक्तिलतावह्नि र्दंभो राहुः क्रियाविधौ ।
दौर्भाग्यकारणं दंभो दंभोऽध्यात्मसुखार्गला ॥ १ ॥
दंभो ज्ञानाद्रिदंभोलि र्दंभः कामानलेहविः ।
व्यसनानां सुहृद् दंभो दंभश्चौरो व्रतश्रियः ॥ २ ॥

અર્થ—કોઇ પણ જાતનો ડોળ અથવા દંભ તે મુક્તિરૂપી વેલડીમાં અગ્નિ નાંખવા બરાબર છે. સદાચાર અને સદનુષ્ઠાનરૂપ ચંદ્રમાને કલંકરૂપ રાહુસમાન છે, દૌર્ભાગ્યનું કારણ છે અને આધ્યાત્મિક સુખને અટકાવનાર ભોગળ છે. તે જ્ઞાનરૂપ પર્વતને ભેદી નાંખનાર વજ્ર અને કામાગ્નિને દીપ્ત કરનાર ઘી છે. તે વ્યસનોનું મિત્ર અને વ્રતની લક્ષ્મીને લૂંટનાર ચોર છે.

दंभेन व्रतमास्थाय यो वांछति परं पदं ।
लोहनावं समारुह्य सोऽब्धेः पारं यियासति ॥ ३ ॥

અર્થ—જે માણસ માત્ર માન પાન ગૌરવ કે પૂજાની ખાતર દંભથી વ્રત ધારણ કરી પરમપદ પામવાની ઇચ્છા રાખે છે, તે લોઢાની નાવમાં બેસી સમુદ્ર તરવાની ઇચ્છા રાખવા બરાબર છે.

किं व्रतेन तपोभिर्वा दंभश्चेन्न निराकृतः ।
किमादर्शेन किं दीपैर्यद्यांध्यं न दृशोर्गतं ॥४॥

અર્થ—જો એક દંભને દૂર કર્યો નહિ તો અંગીકાર કરેલ વ્રતો અને આચરેલ તપોનુષ્ઠાન શું ફળ આપી શકવાનાં હતાં ? નહિ જ; જેની આંખમાં જ જોવાની શક્તિ કે તેજ નથી તેની પાસે દર્પણ કે દીવો શું કામનાં છે ?

केशलोच घराशय्या भिक्षा ब्रह्मव्रतादिकं ॥
दंभेन दूष्यते सर्वं त्रासेनेव महामणिः ॥९॥

અર્થ—ગમે તો કેશનો લોચ કરે, જમીન ઉપર જ પથારી કરે, ભિક્ષાચરીથી નિર્વાહ ચલાવે અને બ્રહ્મચર્યાદિ વ્રત ધારણ કરે, પણ તેની સાથે જો એક દંભ સેવવામાં આવે તો ઉપર બતાવેલી બધી ક્રિયા ત્રાસ દોષથી મહામણિની પેઠે દૂષિત થાય છે; માટે દંભને દૂર કરો. થોડી શક્તિ હોય ને થોડી ક્રિયા થઇ શકે તો તેટલી, પણ દંભરહિત કરો. રૂપીઆમાં રૂપું હશે તો જ તેની કિમ્મત છે પણ છાપ માત્રની કિમ્મત નથી. બહારનો દેખાવ અને અંદર પોલંપોલ એવો દંભ તે ખોટો સિક્કો જ છે. દંભથી કપટ અને અસત્યનું સેવન થાય છે અને તેથી કરેલું કષ્ટ પણ પાણીના પૂરમાં તણાઇ જાય છે. આચરેલ અનુષ્ઠાન પણ ઝેરમય બની જાય છે. એટલા માટે જે કાંઇ યથાશક્તિ કરવું તેમાં ડોળ કે આડંબર કરવો નહિ, જેટલું હોય તેટલું જ બતાવવું.

સ્વામીજીના અંતઃકરણમાં નિર્દંભ અને નિષ્કપટ વૃત્તિના મૂલથી સંસ્કાર હતા. વિદ્યાર્થી જીવનમાં ઉચ્ચ શિક્ષણથી તે સંસ્કારો સ્ફુરાયમાન થતા હતા અને સામાજિક જીવનમાં નિર્દંભતાના બીજાઓને અપાયેલ ઉપદેશની પોતાના ઉપર પણ થએલી અસરથી તે સંસ્કારો

વિકસ્વર થઈ નવપલ્લવિત થયા હતા અને આધ્યાત્મિક જીવનની શરૂઆતમાં તો તેમાં શાન્તિ અને સમાધિની કળીઓ પણ ફૂટી નીકળી હતી.

મમતાત્યાગ.

આત્મલક્ષી પુરૂષોને આત્મજ્ઞાનમાં પ્રવેશ કરતાં અટકાયત કરનાર દોષોમાંનો મમતા એ એક મોટો દોષ છે. જેટલે અંશે મન ઉપર મમતાનો પાશ લાગેલો હોય છે તેટલે અંશે મનમાં અશુદ્ધિ અને અસ્થિરતા ઉત્પન્ન થાય છે અને તે સ્થિરતા તથા શુદ્ધિનો નાશ કરે છે કે જે સમાધિ અને શાંતિના માર્ગમાં ખાસ જરૂરનાં સાધનો છે. ગૃહસ્થીઓને તો મમતાના અપારમિત સ્થાનકો છે; પણ ઘરબાર, કુટુમ્બ કબીલો ત્યજી દિક્ષિત થયેલા મુનિઓ પણ જો જરા અવકાશ આપે તો તેમને માટે પણ મમતાનાં અનેક સ્થાન ઉભાં થાય છે. વસ્ત્ર, પાત્ર, પુસ્તક, શિષ્ય, ગચ્છ, સંપ્રદાય વગેરેમાં અસદ્‌ગ્રહ થાય છે તો તે બધાં કરોળીયાને જાળ, માખીને બળગમ અને હાથીને પંકની પેઠે મમત્વ અને દ્વેષબંધનાં સ્થાનક નીવડે છે. ધન, ધરા, દારા વગેરેનું મમત્વ જેમ મોટી લડાઈઓ-બંડ જગાડી હજારોના જાનમાલની પાયમાલી કરી મહાન્ કર્મબંધનું કારણ બને છે તેમ ત્યાગી વર્ગને ઉપરોક્ત મમત્વ પણ કાંઈ થોડું નુકસાનકર્તા નથી. તેથી ગુણ, અવગુણ કે સત્યાસત્ય પારખવાની દૃષ્ટિ બંધ થાય છે. વિપર્યાસ ગ્રહ એટલે ગુણીમાં અવગુણો અને અવગુણીમાં ગુણો કલ્પવાની વૃત્તિ થાય છે. માની લીધેલ પરપક્ષના ગુણી પુરૂષોમાં દોષારોપણ કરી તેમના અવર્ણવાદ નિન્દા કરવાની પ્રવૃત્તિ થાય છે. તેથી પરસ્પર દ્વેષ અને વૈરભાવ વૃદ્ધિંગત થાય છે અને ભવિષ્યની સંતતિને તે વૈરભાવનો વારસો મળે છે. તેથી દ્વેષની પરંપરાબદ્ધ શૃંખલા થાય

છે અને તે શૃંખલામાં ઘણા જીવો બંધાઈ જઈ સંકુચિત દષ્ટિવાળા બને છે. એટલા માટે મમતા એ કાંઈ થોડી ભયંકર ચીજ નથી, કિન્તુ પરિણામે અત્યન્ત અશુભજનક દુર્ગુણ છે.

ममतान्धो हि यन्नास्ति तत्पश्यति न पश्यति ॥
जात्यन्धस्तु यदस्त्येतद्भेद इत्यनयोर्महान् ॥ १ ॥

ભાવાર્થ—મમતા એ માણસને અંધ બનાવે છે પણ તે અંધતા જાત્યન્ધ (જન્મથી અંધ)ની અંધતા કરતાં વિલક્ષણ છે કેમકે જન્માંધ માણસ જે વસ્તુ છે તેને દેખી શકતો નથી એટલે તે અજ્ઞ રહે છે પણ મમતાથી અન્ધ થએલ તો જે વસ્તુ વસ્તુગતે નથી તેને વસ્તુગતે જુએ છે એવા મિથ્યાગ્રહથી ગ્રસ્ત બને છે.

સ્વામીજીના મન ઉપર મમત્વનો પાશ પહેલેથી જ ઓછો હતો અને પછી જેમ જેમ શાસ્ત્રીય જ્ઞાનામૃતનું પાન થતું ગયું તેમ તેમ તેનાં પડ ઉતરતાં ગયાં. સામાજિક જીવન પણ નિર્મમત્વ દશાને અનુકૂળ જ પસાર થયું, અને જે અવસ્થાનું વર્ણન પ્રકૃત ચાલે છે તે અવસ્થામાં તેનાં બધાં પડ ઉતરી ગયાં હતાં તેથી અંતઃકરણ સ્વચ્છ અને સ્થિર બનેલું હતું. દરેક જાતની ઉપાધિ રદ કરી હતી. સંઘાડાનો ભાર પણ મહાત્મા શ્રી દેવરાજજી સ્વામીએ ઉપાડી લીધો હતો અને તે પણ સમર્થ હતા જેથી તે તરફની ચિન્તા પણ રહેવા પામી નહોતી. આથી એકાન્ત સ્થિરતા પ્રાપ્ત થઈ હતી.

સમતા.

त्यक्तायां ममतायाश्च समता प्रथते स्वतः ॥
स्फटिके गलितोपाधौ यथा निर्मलतागुणः ॥ १ ॥

અર્થ—મમતારૂપ મળનો જો ત્યાગ થાય છે તો સમતા ગુણ સ્વતઃએવ ઉપલબ્ધ થાય છે. જેમ સ્ફટિકની પાસે જવાકુસુમાદિ ઉપાધિ રહેવાથી તેની નિર્મલતા દબાઈ જઈ અન્ય રંગ પ્રતીત થાય છે પણ તે ઉપાધિ દૂર કરવામાં આવે તો સ્વતઃસિદ્ધ સ્ફટિકની નિર્મળતા પ્રકટ થાય છે. સમાધિ દશામાં આ ગુણની ખાસ જરૂર રહે છે. શાંતિ અને સ્વાસ્થ્યનું તેજ મૂળ કારણ છે.

यदुक्तं

दूरे स्वर्गसुख मुक्ति पदवी सादवीयसी ॥
मनः संनिहितं दृष्टं स्पष्टं तु समतासुखं ॥ १ ॥
दृशोः स्मरविषं शुष्येत् क्रोधतापः क्षयं व्रजेत् ॥
औद्धत्यमलनाशः स्यात् समतामृतमज्जनात् ॥ २ ॥

અર્થ—સ્વર્ગ અને મોક્ષનું સુખ તો દૂર છે. તેનો હમણાં આપણે અનુભવ કરી શકીએ નહિ, પણ તે જ પ્રકારનું તેવા જ નમુનારૂપ એક સુખ આપણી પાસે જ છે કે જેનો અનુભવ કરવા ધારીએ તો હમણાં જ કરી શકીએ. તે સુખ સમતા યા સામ્યભાવના સાનિધ્યથી ઉત્પન્ન થતી મનની પ્રસન્નતા વા આત્મિક પ્રસન્નતાના ઝરામાંથી ઉછળતા આનંદામૃતના કળિઆરૂપ છે; તે સમતા યા પ્રસન્નતારૂપ અમૃતના ઝરામાં સ્નાન કરવાથી વિકારદૃષ્ટિનું વિષ વિનષ્ટ થાય છે. ક્રોધજન્ય તાપ ક્ષીણ થાય છે અને ઉદ્ધતાઇ રૂપ મેલ ઉતરી જાય છે. તેથી સ્વચ્છ વસ્ત્રની પેઠે અંતઃકરણ ઉજ્જવલ બને છે એટલે તેના ઉપર મનમાનતી આત્મિક દૃષ્ટિની છાપ પાડી શકાય છે.

સ્વામીજીના વિશુદ્ધ અંતઃકરણમાં સામ્યભાવને રહેવા માટે પુરતી

જગ્યા મળી હતી, એટલું જ નહિ પણ જ્ઞાનામૃતના સિંચનથી વયની પરિપકવતા સાથે સમતા ગુણ પણ પરિપક્વ થયો હતો. સામાજિક જીવનમાં આ ગુણની મદદથી સ્વવર્ગ અને અન્ય વર્ગના શ્રોતાઓ ઉપર સત્સબોધની સચોટ અસર કરી શકયા હતા અને સર્વ વર્ગ તરફથી એકસરખી પ્રિયતા સંપાદન કરવામાં શક્તિમાન્ થયા હતા; તેમ જ શિષ્યવર્ગને પણ સામ્યદૃષ્ટિને લીધે સુવ્યવસ્થા તંત્રમાં એકસરખી રીતે નિયુક્ત કરી તેમના તરફથી સમતોલપણે પૂજ્યભાવ પ્રાપ્ત કરી શકયા હતા. જ્યાં જ્યાં સ્વામીજી વિચર્યા અને બોધ કર્યો ત્યાં ત્યાં મધ્યસ્થભાવ અને ભ્રાતૃભાવનો સ્થાયી ભાવ થયો તે પણ આ ગુણને આભારી છે. તેમના ઉપદેશમાં નીચેના શ્લોકોનો ભાવ વારંવાર સ્ફુરતો હતો.

आसंबरोय सेयंबरोय बुद्धोव अहव अन्नो वा ॥
समभाव भावि अप्पा लहइ मोक्खं न संदेहो ॥ १ ॥

અર્થ—શ્વેતાંબર હોય ચાહે દિગંબર હોય, બુદ્ધ હોય અથવા અન્ય હોય પણ જેની દૃષ્ટિ **आत्मवत् सर्वभूतेषु** જેવી થઇ છે અર્થાત્ જેનો આત્મા સમભાવના ઝરામાં તલ્લીન થએલો છે તે માણસ નિઃસંદેહપણે સિદ્ધિપદ મેળવી શકશે.

अर्गला नरकद्वारे मोक्षमार्गस्य दीपिका ॥
समता गुणरत्नानां संग्रहे रोहणावनिः ॥ २ ॥

અર્થ—નરકના દરવાજાને બંધ કરવાની ભોગળ જો કાંઈ હોય તો તે સમતા છે. મોક્ષમાર્ગમાં પ્રકાશ કરનાર દીવો પણ તે જ છે.

ગુણરૂપ રત્નોનો સંગ્રહ કરવામાં રોહણ (હિમાચાલ) પર્વત જો કોઈ હોય તો તે પણ સમભાવ જ છે.

मोहाच्छादितनेत्राणामात्मरूपमपश्यतां ॥
दिव्याञ्जनशलाकेव समता दोषनाशकृत् ॥ ३ ॥

અર્થ—જેનાં દિવ્ય ચક્ષુ મોહના આવરણથી આચ્છાદિત થએલાં છે અને તેથી જેઓ આત્મસ્વરૂપને જોઈ શકતા નથી તેવા પુરૂષોના મોહ પડલને તોડવા અને અજ્ઞાનરૂપ આંધ્યનો અપહાર કરવા દિવ્ય અંજનશલાકાનું કામ કરનાર પણ સમભાવ જ છે કે જેનાથી બીજા પણ ઘણા દોષોનો નાશ થાય છે.

चारित्र पुरुषमाणाः समताख्यामता यदि ॥
जनानुधावनावेशस्तदा तन्मरणोत्सवः ॥ ४ ॥
संत्यज्य समतामेकां स्याद्यत्कष्टमनुष्ठितं ॥
तदीप्सितकरं नैव बीजमुप्तमिवोषरे ॥ ५ ॥

ભાવાર્થ—ચારિત્ર્યને જો આપણે પુરૂષનું રૂપક આપીએ તો તે પુરૂષને સમતા એ પ્રાણને સ્થાને છે અર્થાત્ ચારિત્ર્યરૂપી પુરૂષના સમતા એ પ્રાણ છે. પ્રાણ એ જ માણસનું જીવન છે તેમ ચારિત્ર્યનું જીવન સમતા છે તે પુરૂષના સમતારૂપ પ્રાણ જો નીકળી ગયા તો પછી ચારિત્ર્ય એક મુડદા જેવું નિર્માલ્ય બની જાય છે અને તેવી સ્થિતિમાં આચરેલ અનુષ્ઠાનથી ખારી જમીનમાં વાવેલા બીજની પેઠે ઇષ્ટ ફળ મળી શકતું નથી.

આવા ઉચ્ચ ઉપદેશની શ્રોતૃવર્ગ ઉપર જેમ અસર થઈ હતી

તેમ પોતા ઉપર તો વિશેષતર થઇ હતી એટલે સમતાગુણ ઉત્કર્ષ-ભાવને પામ્યો હતો.

વૈરાગ્ય.

વૈરાગ્ય એ મનઃસ્થિરતા અને સમાધિનું એક મુખ્ય અંગ છે. તેના ત્રણ પ્રકાર છે. દુઃખગર્ભ-૧, મોહગર્ભ-૨, અને જ્ઞાનગર્ભ-૩.

૧. ઇચ્છિત વિષયની અપ્રાપ્તિથી મનમાં ઉદ્વેગ થતાં સંસાર ઉપરથી મન ઉતરી જાય અને ઉદાસીનતા થાય તે દુઃખગર્ભ વૈરાગ્ય. આ વૈરાગ્ય લાંબો વખત ટકતો નથી. ઇચ્છિત વસ્તુ મળવાનો સંભવ થતાં તરત તેનું મન તે તરફ ઢળે છે અને વૈરાગ્યથી વિનિપાત થાય છે. આ વૈરાગ્યવાળાને શુષ્ક તર્કાદિક અથવા વૈદ્યકાદિક ગ્રંથ ભણવાની રૂચિ થાય પણ સિદ્ધાન્ત સમજવાની પ્રીતિ થતી નથી. થોડું પણ જ્ઞાન મળે તો અખર્વ ગર્વની ગુમાનીમાં મસ્ત બની જાય છે. વેષમાત્ર ધારણ કરે પણ આંતરિક વૃત્તિ જુદી જ રહે છે.

यदुक्तं

वेषमात्रभृतोप्येते गृहस्थान्नातिशेरते ॥
न पूर्वोत्थायिनो यस्मान्नापि पश्चान्निपातिनः ॥ १ ॥
गृहेऽन्न मात्र दौर्लभ्यं लभ्यन्ते मोदका व्रते ॥
वैराग्यस्यायमर्थो हि दुःखगर्भस्य लक्षणम् ॥ २ ॥

અર્થઃ—સંસારમાં મહેનત કરતાં પણ પેટપુરતું અનાજ મળતું નથી અને સાધુ થાય તેને મનમાનતાં ભોજન મળે છે માટે સાધુ થઉં તો ઠીક, એમ માત્ર ખાવાની લાલચે કે તેવી બીજી કોઇ લાલ-

સાથી સંસારથી ખિન્ન થઇ સાધુનો વેષ માત્ર ધારણ કરી લે છે, તેવા વેષધારીની કંઈ કિમ્મત નથી. તેના કરતાં ગૃહસ્થાશ્રમી સારો કે જે પહેલો ચડયો નથી અને પછી જેને પડવું નથી; આ વૈરાગ્યને શાસ્ત્રકારો દુઃખગર્ભિત વૈરાગ્ય કહે છે.

૨. કોઇને સ્ત્રીપુત્રાદિ પ્રેમપાત્રના વિયોગથી અથવા કુશાસ્ત્રના અભ્યાસથી સંસાર પ્રત્યે ઉદાસીનતા થાય તે મોહગર્ભિત વૈરાગ્ય. અજ્ઞાન કષ્ટ કરનાર કે બાલતપસ્વીઓનો વૈરાગ્ય પણ ઘણે ભાગે આ પ્રકારનો જ હોય છે. આમાં મોહ સમુદ્‌ભવ ઘણા દોષોનો સંભવ છે તેથી આ વૈરાગ્ય પણ ઉતરતી કોટિનો છે.

૩. આત્મા-કર્મ તે બેનો સંબંધ, તેના હેતુઓ, દુઃખનાં કારણો અને દુઃખમાંથી છુટવાના ઉપાયો વગેરે વસ્તુતત્ત્વ સમજી કરી હેય જ્ઞેય ઉપાદેયની હદ પીછાની હેયને ત્યજવા, ઉપાદેયને આદરવા અને સત્ય માર્ગે ચાલવા સંસારથી ઉદાસીન થાય તે જ્ઞાનગર્ભિત વૈરાગ્ય કહેવાય છે.

આગળ કહેવાઈ ગયું છે તેમ પ્રથમથી જ સ્વામીજીનો વૈરાગ્ય દુઃખગર્ભિત નહિ પણ જ્ઞાનગર્ભિત હતો અને પ્રતિદિવસે જ્ઞાન-પ્રકાશથી તેની ઉત્કટતા થતી હતી, તેથી તેમની વૃત્તિ હમેશ અંતર્મુખ રહ્યા કરતી હતી. તે આત્મચિંતનમાં નિમગ્ન રહેતા હતા. આત્મપ્રસાદથી મનમાં, વાણીમાં અને ચહેરા ઉપર હમેશ પ્રસન્નતા રહેતી હતી. આ વખતે કોઈ પણ ગૃહસ્થ તેમના સમાગમમાં આવતા ત્યારે ઉપદેશ તરીકે સ્વામીજીના મુખમાંથી જે ઉદ્‌ગારો નીકળતા તે નીચેના શ્લોકના ભાવને લગતા હતાઃ—

देहे विमुह्य कुरुषे किमघं न वेत्सि ।
देहस्थएव भजसे भवदुःखजालं ॥
लोहाश्रितोहि सहते घनघातमग्नि- ।
र्बाधानतेऽस्य च नभोवदनाश्रयत्वे ॥ १ ॥

અર્થ—હે ભદ્ર ! આ ક્ષણભંગુર દેહમાં મોહ પામીને શામાટે પાપકર્મ કરે છે ? શું નથી જાણતો કે દેહ એ એક ઉપાધિ છે અને તે દુઃખનું મૂળ છે, કેમકે દેહમાં રહેલો જ જીવ ભવનું દુઃખ ભોગવે છે. અગ્નિ જો લોઢાનો આશ્રય કરે છે તો ઘણના ઘા સહન કરવા પડે છે પણ આકાશની પેઠે અનાશ્રિત જ રહે તો કંઈ ઘા સહન કરવા પડે ? ? નહિ જ. અગ્નિને જેમ લોહની ઉપાધિ છે તેમ જીવને દેહની ઉપાધિ છે તેથી દુઃખ સહેવાં પડે છે.

અહો ! આ સંસાર ખરેખર કારાગૃહ સમાન છે. અરેરે ! બીચારા પામર પ્રાણીઓ ફરી ફરીને તેમાં ફસાય છે અને બંધનમાં પડે છે. યતઃ

प्रियास्नेहो यस्मिन्निगडसदृशो यामिकभटो ।
पमः स्त्रीयो वर्गो धनमभिनवं बंधनमिव ॥
सदा मेध्या पूर्णं व्यसनबिलसंसर्गविषमं ।
भवः कारागेहं तदिह न रतिः कापि विदुषाम् ॥ १ ॥

અર્થ—જે સંસારમાં સ્ત્રીઓનો સ્નેહ એ બાંધવાની સાંકળ જેવો છે, કુટુમ્બી વર્ગ પ્હેરેગીર સુભટના સરખો છે અને ધનમાલ તે વિલક્ષણ બેડી બરાબર છે તે સંસાર સદા એક કેદખાનું જ છે કે જે

હમેશ અપવિત્ર વસ્તુથી પરિપૂર્ણ અને અનેક દુઃખરૂપ રાફડાથી વિષમ થએલ છે. તે કેદખાનામાં નિવાસ કરવાની કોણ વિદ્વાન્ પુરૂષ ઇચ્છા કરે ? અપિતુ, કોઈ નહિ.

આવા ઉદ્‌ગારોથી એમ પ્રતીત થતું હતું કે સ્વામીજીનું અંતઃકરણ વૈરાગ્યની ઉચ્ચ દશાએ પહોંચેલું હતું અને જ્યારે જ્યારે ચિત્ત-વૃત્તિ બહિર્મુખ થતી કે વિક્ષિપ્ત થતી ત્યારે ત્યારે નીચે પ્રમાણે ઉદ્‌ગારો નીકળતાઃ-

चेतोर्थये मयि चिरत्नसखप्रसीद ।
किं दुर्विकल्पनिकरे क्षिपसे भवे मां ॥
बद्धोञ्जलिः कुरु कृपां भज सद्विकल्पान् ।
मैत्रीं कृतार्थयतो नरकाद्बिभेमि ॥ १ ॥

रे चित्त वैरि तव किं नु मयापराधं ।
यद्दुर्गतौ क्षिपसि मां कुविकल्पजालैः ॥
जानासि मामयमपास्य शिवेस्ति गन्ता ।
तर्त्किं न सन्ति तव वासपदं ह्यसंख्याः ॥ २ ॥

અર્થ—હે ચિત્ત ! તું મારો જુના વખતનો મિત્ર હોવાથી તને પ્રાર્થના કરૂં છું કે તું મારા ઉપર પ્રસન્ન થા અને જે દુષ્ટ વિકલ્પો મને બિલકુલ પસંદ નથી તે વિકલ્પની જાળમાં મને ફેંક નહિ. હાથ જોડી તને વિનંતિ કરૂં છું કે તું કૃપા કરી સત્ય વિકલ્પોને જ સેવ અને આપણી વચ્ચેની મિત્રતા મારૂં હિત સાધીને સફળ કર. કેમકે દુષ્ટ વિકલ્પથી પ્રાપ્ત થતી દુર્ગતિની મને બહુ બીક છે. (૧)

સહચારી થઇને પણ દુશ્મન જેવું કામ કરનાર હે ચિત્તવૈરિ! મેં તારો શું અપરાધ કર્યો છે કે તું કુવિકલ્પના વિક્ષેપમાં મને ધકેલી દે છે? તું એમ જાણે છે કે મારો સહચારી મને મૂકી એકલો મોક્ષમાં જશે માટે એને હેરાન કરી મોક્ષ જવા ન આપું અને મારા સહવાસમાં જ રાખું ? એમ ધારતો હો તો તે વાજબી નથી, કારણકે મારા વિના તારો સહવાસ કરનાર બીજી અસંખ્ય વ્યક્તિઓ છે તેનાથી શું તને તૃપ્તિ થતી નથી ? હવે હું તમામ વિષયોથી વિમુખ થઇ અંતર્મુખ થઉં છું માટે તુ તારી અસત્ પ્રવૃત્તિને મૂક અને નિવૃત્ત થઈ તદ્દન શાંતિ ભજ. (૨)

વૈરાગ્યની આવી ઉત્કટ દશામાં પૂર્ણ શાન્તિની સાથે તદ્દન શાંત નિવૃત્તિમાં અને સત્તત્વવિચારણામાં સ્વામીજીનું જીવન પસાર થાય છે. નિવૃત્તિ સ્થિતિમાં જલધિના સ્થિર જલની પેઠે સ્વામીજીના ઉપાધિરહિત શાંત અંતઃકરણમાં ચિન્તાનો એક પણ તરંગ ઉઠવા પામતો નહિ. આવી સામ્યતાવાળી શાંત દશામાં યોગના અંગ સુસાધ્ય થઈ પડે એ સહજ સમજાય તેવું છે.

યોગ.

'યોગ' શબ્દ ગીતામાં જેમ જ્ઞાનયોગ અને કર્મયોગમાં વિભક્ત થએલ છે તેવો રીતે જૈન શાસ્ત્રમાં જ્ઞાન અને ક્રિયા એ અર્થમાં વ્હેંચાઈ ગએલ છે. જૈન સાધુઓની પ્રવ્રજ્યા, યોગના પ્રથમ અંગ યમથી જ શરૂ થાય છે અને પ્રાણાયામ સિવાયનાં બીજાં સાત અંગો પણ પ્રાયે પ્રવ્રજ્યાના પંથમાં પૂર્ણપણે પર્યવસાન પામે છે. યોગનાં આઠ અંગો આ પ્રમાણે છેઃ—યમ ૧, નિયમ ૨, આસન ૩, પ્રાણાયામ ૪, પ્રત્યાહાર ૫, ધારણા ૬, ધ્યાન ૭, સમાધિ ૮.

तत्राहिंसासत्यास्तेयब्रह्मचर्यापरिग्रहा यमाः ॥

પાતંજલ યોગદર્શન. દ્વિ. પાદ. સૂત્ર ૩૦ મું.

અર્થ—તેમાં અહિંસા, સત્ય, અસ્તેય (અદીધું ન લેવું), બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ મહાવ્રત યમ કહેવાય છે.

शौचसंतोषतपः स्वाध्यायेश्वरप्रणिधानानि नियमाः ॥

પા. ૨. સૂત્ર ૩૨ મું.

અર્થ—શૌચ, સંતોષ, તપઃ, સ્વાધ્યાય અને ઇશ્વરપ્રણિધાન એ પાંચ નિયમ ગણાય છે.

स्थिरसुखमासनं ॥

પા. યો. દ. પા. ૨ સૂ. ૪૬ મું.

અર્થ—સ્થૈર્ય સંપાદન કરનાર અને સુખકર જે બેસવાનો પ્રકાર તે આસન.

શ્રી હેમચંદ્રાચાર્યકૃત યોગશાસ્ત્રમાં ચતુર્થ પ્રકાશમાં તેવાં આસનો નીચે મુજબ કહ્યાં છેઃ-

पर्यंक वीर वज्राब्ज भद्र दंडासनानि च ।
उत्कटिका गोदोहिका कायोत्सर्गस्तथासनम् ॥

યો. પ્ર. ૪; શ્લો. ૧૨૪.

અર્થ—તે પર્યંકાસન ૧, વીરાસન ૨, વજ્રાસન ૩, અબ્જાસન ૪, ભદ્રાસન ૫, દંડાસન ૬, ઉત્કટિકાસન ૭, ગોદોહિકાસન ૮, કાયોત્સર્ગ ૯, છે.

આ સિવાય બીજાં પણ આસનો બતાવ્યાં છે પણ તેમાંથી

जायते येन येनेह विहितेन स्थिरं मनः ।

तत्तदेव विधातव्यमासनं ध्यानसाधनम् ॥

અર્થાત્—જે જે આસનથી મનની સ્થિરતા સંપાદિત થાય અને ધ્યાન સિદ્ધ થાય તે આસન ઇષ્ટ સમજવું.

प्राणायामो गतिच्छेदः श्वासप्रश्वासयोर्मतः ।

रेचकः पूरकश्चैव कुंभकश्चेति सत्रिधा ॥

હે. યો. પ્ર. ૫ મો. શ્લોક. ૪

અર્થ—શ્વાસોચ્છ્વાસની ગતિને અટકાવવાનો પ્રયત્ન તે પ્રાણાયામ રેચક, પૂરક અને કુંભક, એમ ત્રણ પ્રકારે છે.

यत्कोष्ठादतियत्नेन नासा ब्रह्मपुराननैः ।

बाहिः प्रक्षेपणं वायोः स रेचक इति स्मृतः ॥

समाकृष्य यदा पानात् पूरणं स तु पूरकः ।

नाभिपद्मे स्थिरीकृत्य रोधनं स तु कुंभकः

હે. યો. પ્ર. ૫ મો. શ્લો. ૭–૮.

અર્થ—કોઠામાંથી ઘણા પ્રયત્નપૂર્વક નાસિકા, બ્રહ્મરંધ્ર અને મુખે કરી વાયુને બહાર કાઢવો તેને રેચક પ્રાણાયામ કહ્યો છે. બહારથી પવનને ખેંચીને અપાન (ગુદાદ્વાર) પર્યંત કોઠામાં પૂરવો તે પૂરક અને નાભિકમળમાં સ્થિર કરીને તેને રોકવો તે કુંભક કહેવાય છે.

स्वविषया संप्रयोगे चित्तस्य स्वरूपानुकार इवेन्द्रियाणां प्रत्याहारः

પા. યો. દ. પા. ૨. સૂ. ૫૪.

અર્થ—ધ્યાન અથવા ચિત્તવૃત્તિનિરોધ–સમયે ઇન્દ્રિયો પોત-પોતાના વિષયમાં તદ્દાકાર ન થતાં ચિત્તવૃત્તિને અનુસારે અર્થાત્ વિ-ષયોથી વિરામ પામી ધ્યાનાનુકૂલ ચિત્તને જરી પણ ખલેલ ન પહોં-ચાડે; ઇન્દ્રિયોની તે સ્થિતિને પ્રત્યાહાર કહે છે.

तत्र प्रत्ययैकतानता ध्यानम् ॥

પા. યો. દ. પા. ૩ સૂ. ૨ જું.

અર્થાત્—બાહ્ય અને આભ્યંતરની કોઇ પણ ધ્યેય વસ્તુ ઉપર ચિત્તને ધરવું, બીજા વિષયોથી ખેંચી એક જ ધ્યેય ઉપર સ્થાપવું, તે ધારણા. ધારણાના દેશમાં ધ્યેયવિષયક પ્રતીતિની એકતાનતા અર્થાત્ ધ્યેય વસ્તુને આલંબન કરનાર વૃત્તિની એકાગ્રતા તે ધ્યાન. આર્ત, રૌદ્ર, ધર્મ અને શુક્લ ધ્યાનના ભેદથી અથવા પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત એ ધ્યેયના ભેદથી ચાર પ્રકારે છે તેમાં આર્ત અને રૌદ્ર હેય તથા ધર્મ અને શુક્લ ઉપાદેય છે. પિંડ એટલે કોઈ પણ વસ્તુ તેમાં મનને પરોવવું તે પિંડસ્થ, તેની ચાર ધારણાઓ છે. ૧ પાર્થિવી, ૨ આગ્નેયી, ૩ મારૂતી, ૪ વારૂણી. તેમાં ક્ષીરસમુદ્રની વચ્ચે જંબુદ્વીપ જેવડા સહસ્ત્રપત્ર કમળને ધ્યાવે, તેની વચ્ચે મેરૂ પર્વત જેવડી કર્ણિકા અને તેના ઉપર સફેદ સિંહાસન ઉપર બેઠેલ અને કર્મનો નાશ કરવા ઉદ્યત થએલ આત્માને ચિંતવવું, તે પાર્થિવી ધારણા. ૧.

જાણે કે નાભિમાં સોળ પત્રવાળા કમળની કર્ણિકામાં "અર્હં" એવા અક્ષરો કોતરાયેલા છે; તેમાં રેફમાંથી ધૂમશિખા અને અગ્નિની જ્વાળાઓ નીકળે છે અને તે અધોમુખી કમળના આઠ કર્મરૂપ પાંદ-ડાંને બાળી ભસ્મ કરે છે એવી રીતે ધ્યાવવું, તે આગ્નેયી ધારણા. ૨.

કર્મને બાળીને થયેલ ભસ્મને ઉડાડનાર વેગવાન્ પવનને ધ્યાવવો અને તેના અભ્યાસથી આત્માને શાંત કરવો તે વાયવી ધારણા. ૩.

અમૃત સમાન આનંદની વૃષ્ટિથી જાણે રજ કે મલ ધોવાઇને સ્વચ્છ થાય છે એમ ધ્યાવવું તે વારૂણી ધારણા. ૪.

આ ચાર સિવાય પણ બીજી અનેક ધારણાઓ થઈ શકે છે.

"પદસ્થ" એટલે પંચપરમેષ્ઠિ આદિ પવિત્ર પદોના અવલંબનથી મનને સ્થિર કરવામાં આવે યા ધ્યાન ધરવામાં આવે તે પદસ્થ ધ્યાન.

"રૂપસ્થ"—સમવસરણમાં બેઠેલ અતિશયોથી યુક્ત મોક્ષ સંપત્તિ પામવાને સન્મુખ થયેલ તીર્થંકરાદિકનું સ્વરૂપ ચિંતવી તેના ઉપર મનને સ્થિર કરવું તે રૂપસ્થ ધ્યાન.

"રૂપાતીત"—સર્વથા કર્મરહિત અમૂર્ત નિરંજન નિરાકાર સિદ્ધ પરમાત્માનું ધ્યાન કરવું અર્થાત્ તન્મય હું છું એવી રીતે ભેદની ભીંતને તોડી એકાગ્ર થવું તે રૂપાતીત ધ્યાન.

અભ્યાસ અને વૈરાગ્યના બળથી ધ્યાનની પરિપકવતા અર્થાત ધ્યાતા પોતાને ભૂલી જઇ ધ્યેયમય થઈ જાય તે સમાધિ.

ઉપર કહેલાં યોગનાં અંગો પૈકી યમ, નિયમ, આસન અને પ્રત્યાહાર એ અંગોનો જૈન મુનિઓને પ્રથમથી જ અભ્યાસ કરવો પડે છે અને દિક્ષિત થયા પછી તો તે અંગો સાધ્ય હોવાં જ જોઇએ. તે અંગોમાં જેટલી ખામી તેટલી મુનિપણામાં ખામી ગણાય છે. છેલ્લાં ત્રણ અંગોનો અભ્યાસ અધિકારી પરત્વે થઇ શકે છે.

સ્વામીજી માન, મદ, મમત્વ, લાલસા, આસક્તિ વિગેરે પ્રતિબંધક દોષોને દૂર કરવાથી અને સંતોષ, સમતા, શાંતિ, વૈરાગ્ય વિગેરે

સદ્ગુણોને આદરવાથી પૂર્ણ અધિકારપર પહોંચેલા હતા, તેથી સંપૂર્ણ શાંતિ અને સ્વાસ્થ્ય વચ્ચે ધ્યાનની શ્રેણી ઉપર આરૂઢ થઈ સમાધિની શુદ્ધ દિશા તરફ પ્રયાણ કરવા લાગ્યા. જ્યાંસુધી વિહાર કરવા જેટલી શરીરશક્તિ હતી ત્યાંસુધી વિહાર કરી સંવત્ ૧૮૬૫ ની સાલમાં છપ્પન વરસની ઉમ્મરે સંધરણી વાનું દરદ થવાથી લીંબડીમાં સ્થિર વાસ રહ્યા. સાથે દેવરાજજી સ્વામી અથવા બીજા સાધુઓ રહેતા. આ સમયે લીંબડી સંપ્રદાયના સાધુઓ અને સંઘમાં સુલેહસંપ અને સ્વાસ્થ્ય ખરેખર નમુનેદાર હતાં. સંઘમાં જાહોજલાલી પણ તેવી જ હતી. સંપત્તિ અને આબાદી વૃદ્ધિંગત થતી હતી, અને અભ્યુદય પોતાની શ્રેણી ઉપર ચડચો હોય તેમ પ્રતીત થતું હતું. પરમ શાંતિનો સમય પ્રચલિત હતો. સ્વામીજી ઉચ્ચ અને ઉચ્ચતર દશામાં લીંબડી પાંચ વરસ સ્થિર વાસો રહ્યા. સંવત્ ૧૮૭૦ ના ચોમાસામાં શારીરિક વ્યાધિ થયો. આ વખતે દેવરાજજી સ્વામી કચ્છમાં હતા. સ્વામીજીએ અગાઉથી તેમને બોલાવવા ચેતવણી આપી હતી અને તેઓશ્રીએ પણ ઝાલાવાડ તરફ કચ્છથી પ્રયાણ કર્યું, પણ રણને કાંઠે આવતાં રણમાં પાણી આવી જવાથી પાછા વળવું પડચું હતું અને તેથી તેમને ઘણો ખેદ થયો.

સ્વામીજીએ મનોરાજ્ય ઉપર જીત મેળવેલી હોવાથી શારીરિક દુઃખને કર્મના કરજ ચુકવવાનું એક સાધન સમજી ઘણી ખુશીથી તે વ્યાધિને વધાવી લઇ શારીરિક વ્યથામાં પણ શાંતિમાં ઝીલતા હતા. છેવટે સર્વ જીવોને શુદ્ધ ભાવથી ખમાવી;

खामेमि सव्वेजीवा सव्वेजीवा खिमंतु मे ।
मित्ती मे सव्वभूएसु वेर मज्झं न केणइ ॥

એવા ધ્વનિનો ઉચ્ચાર કરતાં, આલોવી, પ્રતિક્રમી, નિઃશલ્ય થઈ, અનશન આદરી, પરમ સમાધિ ભાવમાં સંવત્ ૧૮૭૦ ના શ્રાવણ વદ એકમની રાત્રે એક વાગ્યાને સુમારે સ્વામીજીના શાન્તાત્માએ આ જીવન મુસાફરી ખતમ કરી—પરલોકપ્રયાણ કર્યું.

ઉપસંહાર.

માનુષિક જીવનના જે જે ઉચ્ચ હેતુઓ છે અને જે ક્રમ પ્રમાણે તે હેતુઓને પાર પાડવા જોઇએ તે તે હેતુઓ તેવા ક્રમ પ્રમાણે સ્વામીજીએ પાર પાડયા. બાલ્યાવસ્થામાં જ સંસારની અસારતા સમજી સંસારનો ત્યાગ, દૃઢ વૈરાગ્ય, વિદ્યા સંપાદનની ઉચ્ચ અભિલાષા અને પ્રયાસ, ગુરૂ ભક્તિથી અન્યને પણ પ્રસન્ન રાખી તેમની પાસેથી વિદ્યોપાર્જન, શાસ્ત્રનિપુણતા, સામાજિક સુધારણાના વિચારો, સલાહસંપની ઉચ્ચ અભિલાષા, વ્યવહાર અને સદાચારની શુદ્ધિ માટે પ્રબલ ઇચ્છા, શિષ્યવર્ગ ઉપર સમાન દૃષ્ટિ અને તેમને સુધારવા ભણાવવાની ઉંડી લાગણી, સંઘ અને સમાજનો અભ્યુદય સાધવા પ્રબળ પ્રયાસ, શાંતિ, સંતોષ, પ્રંસન્નતા, સમાન ભાવ, પ્રેમભાવ, નિરભિમાન વૃત્તિ, આત્મદૃષ્ટિ, આધ્યાત્મિક જીવનની ઉચ્ચ દશા, ધ્યાન અને સમાધિઃ આ સદ્ગુણોને લઇને સ્વામીજીએ મનુષ્યનું જીવન ઉચ્ચતર બનાવી સાર્થક કર્યું, એટલું જ નહિ પણ ભવિષ્યના મુનિઓને ઉચ્ચ જીવન ગાળવાનો પોતાના જીવનનો અચ્છો નમુનો મુકતા ગયા. વિદ્યા અને જ્ઞાનવૃદ્ધિના પગથીઆં બાંધતા ગયા. સદાચાર અને સદનુષ્ઠાનની સીધી સડક તૈયાર કરી આપણા ઉપર એટલો ઉપકાર કરી ગયા છે કે કોઇ રીતે તેનો બદલો વળી શકે તેમ નથી. તેમના પરલોકવાસને આજે સો વરસ થવા આવ્યાં છે પણ તેમાં સવળું અવળું ઘણું પરિવર્તન થઈ ગયું

છે. અફસોસનો વિષય છે કે જેવી સંપની સ્થિતિ સ્વામીજી મૂકી ગયા હતા તેવી સ્થિતિ આજે રહેવા પામી નથી; તે સંપની શૃંખલા તુટી ગઈ છે અને તેની સાથે અભ્યુદયનાં અન્ય અંગો પણ પ્રાયે અસ્તવ્યસ્ત થયાં છે. સ્વામીજીના અનુયાયીઓને હું એક વિનતિ કરીશ કે તેમણે સ્વામીજીની અભ્યુદયની લાગણી અને સુંદર ભવિષ્ય જોવાની તેમની અભિલાષાને માન આપવાની ખાતર જે ઉદ્દેશથી તેમણે આત્મભોગ આપ્યો હતો, સુવ્યવસ્થા કરી હતી, તે ઉદ્દેશ ધ્યાનમાં રાખી સુવ્યવસ્થા કરવાની સાથે આત્મભોગ નહિ તો સ્વાર્થ-ત્યાગની ઉંડી લાગણી રાખી પરસ્પર સંપની શૃંખલા જોડી સંપ્રદાયની સર્વ વ્યક્તિઓને એક આત્માનાં અંગો માની ઉદાર બુદ્ધિ વાપરી અભ્યુદયનાં સાધનો મેળવવાં, કર્તવ્યના માર્ગમાં ટટાર થઈ ચાલવાને તૈયાર થવું જોઇએ. **सुज्ञेषु किं बहुना । ॐ शान्तिः शान्तिः शान्तिः॥**

સમાપ્ત

पंडित श्री रत्नचंद्रजी स्वामीरचित

भक्तामर पादपूर्तिरूप

श्री अजरामर-स्तोत्रम् ॥

वसंततिलका।

ज्योतिर्निधाय हृदये परमं विशुद्धं।
नत्वा च शासनपतेश्चरणारविन्दम् ॥
कुर्वेऽजरामरगुरुस्तवनं यथार्थं।
भक्तामरान्तिमपदार्पित पूर्तिरूपम् ॥ १ ॥

ભાવાર્થ—સર્વોત્કૃષ્ટ અને સર્વાંશે વિશુદ્ધ આત્મજ્યોતિને હૃદયમાં ધારણ કરી અને શાસનનાયક વીર પ્રભુના ચરણકમળને નમન કરી પ્રાચીન ભક્તામરની પાદપૂર્તિરૂપ યથાર્થ ગુણકીર્ત્તનાત્મક અજરામરજી સ્વામીનું સ્તવન કરૂં છું. ૧.

વૈરાગ્ય ઉત્પત્તિનું નિદાન.

यज्ज्योतिरेककिरणः शरणागतानां।
भित्त्वान्धकारपटलं निबिडं समूलम् ॥
रत्नत्रयं जनयति प्रकटं सुबुद्धा।
वालम्बनं भवजले पततां जनानाम् ॥ २ ॥

श्रुत्वेति बोधवचनानि विरक्तमातु।
वैराग्यवासितमना जननीमवक्ताम्॥
त्यक्त्वा प्रवृत्तिकुटिलं निखिलं प्रपञ्चं।
स्तोष्ये किलाहमपि तं प्रथमं जिनेन्द्रम्।
युग्मम् ॥ ३ ॥

ભાવાર્થ—"જે પ્રભુની જ્યોતિનું એક કિરણ, શરણે આવેલ અનેક પુરૂષોનાં અજ્ઞાનરૂપ મજબૂત અંધકાર પડળને જડમૂળથી ભેદી કરી તેઓની સુબુદ્ધિમાં સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન, સમ્યક્ચારિત્રરૂપ ત્રણ રત્ન કે જે સંસારસમુદ્રમાં પડતાં પ્રાણીઓને આલંબનરૂપ છે તેની સ્ફુરણા કરાવે છે." વિરક્ત માતા (કંકુબાઈ)નાં ઉપલાં બોધવચનો શ્રવણ કરી, મનન કરતાં જ મનમાં વૈરાગ્ય ઉત્પન્ન થતાં આપે માતાને કહ્યું કે હું પણ કુટિલ પ્રવૃત્તિમય સમસ્ત જગત્ વ્યવહારને ત્યજી દઈ તે (જેની જ્યોતિનું એક કિરણ અંધકારને ભેદી રત્નોની પ્રતીતિ કરાવે છે) સનાતન પ્રભુની બંદગી કરીશ અર્થાત્ તમારી સાથે હું પણ નિવૃત્તિમય ધર્મ અંગીકાર કરીશ. ૨-૩.

ઉચ્ચ સંયમવૃત્તિને લાયક આત્મિક વીર્યની ખીલવણી.

बाल्येपि संयमरुचिस्तव बोधपूर्वा।
विज्ञापयत्यमलवीर्यविकाशमुच्चम्॥

शत्रुं बलिष्ठभटलक्षवृतं हि शूरा ।
दन्यः क इच्छति जनः सहसा ग्रहीतुम् ॥४॥

ભાવાર્થ—હે નરવીર! બાલ્યાવસ્થામાં જ વસ્તુસ્થિતિવિચારણાપૂર્વક સંયમ લેવાની આપને જે રૂચિ ઉત્પન્ન થઇ, તે રૂચિ જણાવે છે કે આપના આત્મપ્રદેશમાં નિર્મળ વીર્યની ઉંચા પ્રકારે ખીલવણી થયેલી છે, અર્થાત્ સમજણપૂર્વક ઉચ્ચ વૈરાગ્યવૃત્તિ આત્મિક વીર્યના જે લક્ષ્યબિન્દુને આભારી છે તે લક્ષ્યબિન્દુએ જન્માન્તરના ક્ષયોપશમજનક પ્રયાસથી આપ પહોંચી ગયા છો. એ બીના સકારણ અનુમાનથી નિશ્ચિત થાય છે. યતઃ લાખો બલિષ્ઠ સુભટોથી ઘેરાયેલા દુશ્મનને એકદમ પકડવાનું સાહસ કરનાર ખરો શૂરો નથી એમ કોણ કહી શકશે ? ૪.

વીર્યની ખીલવણીથી થયેલ પરાક્રમની સિદ્ધિ.

प्रायोऽस्त्यशक्यमिह नो पुरुषार्थभाजां ।
संसाधितं मतमिदं स्वनिदर्शनेन ॥
कृत्वा निरर्थकमदो वचनं परेषां ।
को वा तरीतुमलमम्बुनिधिं भुजाभ्याम् ॥५॥

ભાવાર્થ—"નાવાદિકની મદદ વિના કેવળ ભુજાવડે મહાસાગર તરવાને કોણ શક્તિમાન્ છે ? (વ્યંગ્યાર્થ) સાગર તરવાની માફક દુષ્કર ચરિત્ર બાલ્યાવસ્થામાં બાળશક્તિવડે પાળવાને કોણ સમર્થ છે ?"

(સંસારમાં અટકાવવાની ખાતર કહેલ) બીજા સંબંધીઓના ઉપલા વાકયની, પુરૂષાર્થસાધક પોતાના દાખલાથી નિરર્થકતા સાધી બતાવી, પુરૂષાર્થસાધકોને આ દુનિયામાં પ્રાયે કંઈ અશકય નથી એ મત (સિદ્ધાંત) આપે સિદ્ધ કરી બતાવ્યો. અર્થાત્ બાલ્યપણુમાં પણુ દુષ્કર કાર્યની મુસ્કેલીથી આપ ડગ્યા નહિ, પણુ હિમ્મતથી દુષ્કર કાર્યને સુકર બનાવી પુરૂષાર્થની ખરી કિમ્મત આંકી બતાવી. ૫.

વિચારોની વિશાલતાનું દિગ્દર્શન.

सामाजिकोन्नतिविचारविकाशनार्थं ।
चेतस्तवार्पयदलं स्वबलप्रवाहम् ॥
युक्तं तदेव जनको विषमं प्रदेशं ।
नाभ्येति किं निजशिशोः परिपालनार्थम् ॥६॥

ભાવાર્થ—હે મુનીન્દ્ર! સમાજની યા સંઘની ઉન્નતિ કેમ થાય અને અવનતિનો ફેલાવો કરનારાં અવનવાં કારણો તુરત કેમ દૂર થાય એ વિચાર પ્રથમ દૃષ્ટિએ જ આપના હૃદયમાં ઉત્પન્ન થયો તેની પુરતી રીતે ખીલવણી કરવા સારૂ આપના હૃદયે આત્મિક બળની નિર્ઝરણુમાંથી પોતાને મળતું ઉત્તમ જાતિનું પોષક બળ સમગ્ર ખરચી નાંખ્યું, અર્થાત્ ઉત્પન્ન થયેલ વિચારને ઉછેરવા અને કાર્યસાધક બનાવવા હૃદયે તેને પુરતું પોષણુ આપ્યું તે ઉચિત જ કર્યું, કેમકે પિતા પોતાના પુત્રને ઉછેરવા, કેળવવા કે તેનો ઉદ્ધાર કરવા ગમે તેવા વિષમ પ્રદેશમાં જવાનું હોય ને ગમે તેવી મુસ્કેલીઓ વેઠવાની હોય તો શું તેનાથી પાછા હઠવાનો વિચાર સરખો પણુ કરે છે? નહિ જ. ૬.

વિચારની બલવત્તાથી કાર્યની સિદ્ધિ.

स्वोद्देशसिद्धिफलको यदभूद्विचार ।
स्तत्रास्ति कारणमलं दृढनिश्चयस्ते ॥
यन्मोदते परभृतो ह्युदिते वसन्ते ।
तच्चारुचूतकलिकानिकरैकहेतु ॥ ७ ॥

ભાવાર્થ—હે મુનીન્દ્ર! જેમ વસંત ઋતુનો ઉદય થતાં કોયલ એકદમ આનંદિત થાય છે તે વસન્ત ઉપરના પ્યારને લીધે નહિ પણ સુંદર આંબાની મંજરીના આસ્વાદને લીધે, તેમ ઉન્નતિના ઉદ્દેશથી ઉત્પન્ન થયેલ વિચાર, કારણસામગ્રીથી પરિપકવ દશાનું ચુંબન કરી ઉદ્દેશ પાર પાડનાર નિવડયો, તે વિચારભૂમિની સુંદરતાને લઇને નહિ પણ ઉદ્ભવેલ વિચાર પાર પડે નહિ ત્યાંસુધી મજબૂતપણે તેને વળગી રહેવાની આપની દૃઢ નિશ્ચયવાળી ટેવને લઈને. ૭.

આત્મિક ઉચ્ચ ભૂમિના અધિકારની પ્રાપ્તિ.

श्रेयःपथप्रकटनप्रवरप्रदीपं ।
सत्त्वस्वभावमवलम्ब्य तमः प्रतीपम् ॥
दूरीकृतं दुरितभावगतं त्वयारं ।
सूर्यांशुभिन्नमिव शार्वरमन्धकारम् ॥८॥

ભાવાર્થ—હે મુનીન્દ્ર! રાત્રિના અંધકારને ભેદનાર સૂર્યનાં કિરણોની માફક પ્રકાશિત સાત્વિક સ્વભાવ કે જે કલ્યાણનો માર્ગ

બતાવવામાં પ્રવર દીપરૂપ છે તેને અવલંબીને પાપની સીમાએ પ્હોંચેલ તમોગુણને આપે તરત જ દૂર કરી દીધેલ છે, અર્થાત્ જે ભૂમિમાં સત્વની પ્રધાનતા અને તમોગુણની ગૌણુતા અથવા નષ્ટતા છે તે એકાગ્રભૂમિ, દિક્ષા લીધા પછી તરત જ આપે સાધ્ય કરી લીધી છે. ૮.

સત્ત્વગુણના ઉત્કર્ષથી બુદ્ધિની સ્થિરતા અને તીક્ષ્ણુતા.

अध्यापकैकवचनं तव बुद्धिमाप्तं ।
गंभीरतां विविधतां भजते च दार्ढ्यम् ॥
पात्रस्य गौरवमिदं नलिनीदले य ।
न्मुक्ताफलद्युतिमुपैति ननूदबिन्दुः ॥९॥

ભાવાર્થ—હે મુનીન્દ્ર, અધ્યાપકનું એક પણ વચન આપની બુદ્ધિરૂપ પાત્રમાં સંક્રાંત થઇ ગંભીરતા, વિચિત્રતા અને સ્થિરતાને ભજે છે; અર્થાત્ એક વાક્યમાંથી નયોની અપેક્ષાએ અનેક ગહન અને ગંભીર અર્થ આપની બુદ્ધિ ગ્રહણ કરે છે. તે ખરેખર પાત્રનું જ ગૌરવ છે કેમકે સૂકી પૃથ્વી ઉપર પડી સુકાઈ જનાર પાણીનું બિંદુ જો નલિનીના પાંદડા ઉપર પડે છે તો મોતીની શોભા ધારણ કરે છે તે શું પાણીના બિંદુની મહત્તા છે? ના. ના. નલિની પત્રનો જ તે મહિમા છે. ૯.

બુદ્ધિની તીક્ષ્ણુતાને લીધે પ્રાપ્ત કરેલી વિદ્વત્તામાં સમાયેલી આકર્ષણશક્તિ.

त्वं यत्र यत्र विषये व्यहरस्तदीया ।
स्त्वद्दर्शनेन मनुजा अभवन्प्रहृष्टाः ॥

सूर्योदये त्वरितमेव भवन्ति किं नो ।
पद्माकरेषु जलजानि विकाशभाञ्जि ॥१०॥

ભાવાર્થ—હે મુનીન્દ્ર ! જેમ સૂર્યનો ઉદય થતાં વેંત જ સરોવર વિગેરેમાં રહેલાં કમળો એકદમ પ્રફુલ્લિત થાય છે, તેમ આપ જે જે સ્થાનમાં વિહાર કરતા, ત્યાંના દરેક વર્ગનાં મનુષ્યો આપના દર્શનથી અત્યંત ખુશ થતાં, સૂર્યમાં કમળને વિકસિત કરવાની આકર્ષણશક્તિ છે, તેમ તમારા દર્શનમાં સમસ્ત વર્ગને આહ્લાદ ઉપજાવનારી કોઈ આકર્ષણશક્તિ છે. ૧૦.

વિદ્વત્તાનું પરિણામ પરોપકાર.

ये स्वार्थसाधनपरा स्त्वमतद्गणीय ।
स्तन्नायक स्त्वमसि ये प्रवणाः परार्थे ॥
रीतिः सतामियमहो स कथं महात्मा ।
भूत्याश्रितं य इह नात्मसमं करोति ॥ ११ ॥

ભાવાર્થ-હે મુનીન્દ્ર ! જેઓ સ્વાર્થ સાધવામાં જ તત્પર થયેલા છે, તેઓના ગણમાંના આપ એક નથી. પણ આપ તો તેઓના નાયક છો કે જેઓ ખરી કાળજીથી પરમાર્થના કાર્યમાં નિશદિન મચ્યા રહે છે. ખરેખર સત્પુરૂષો કે મહાપુરૂષોની એ જ પરમાર્થના વ્યસનની રીતિ હોવી જોઇએ. જે જ્ઞાનાદિક સંપત્તિ પામીને પોતાને આશ્રિત જાતિ યા નબળી વ્યક્તિને પરમાર્થબુદ્ધિથી આશ્રય આપી આત્મસમાન

નથી બનાવતો, અર્થાત્ નબળા અંગને સુધારવા જેટલું પોતાની જ્ઞાનાદિ સંપત્તિનું ખરચ કરતો નથી, તે માણસ શું મહાત્મા પુરૂષોની પંક્તિમાં બેસવાને લાયક ગણાય છે? નહિ જ. ૧૧.

જનસમાજ ઉપર સત્ય બોધની છાપ.

सन्मार्गशोधनपरा बहवो मनुष्या।
मिथ्यामतं परिगृहीतमपि त्यजन्तः॥
बोधामृतं तव वपुः सुजले हि लब्धे।
क्षारं जलं जलनिधे रसितुं क इच्छेत्॥१२॥

ભાવાર્થ—હે મુનીન્દ્ર! સત્ય માર્ગની શોધ કરવા તત્પર થયેલ ઘણાં મનુષ્યો, ચિર કાળથી ગ્રહણ કરેલ મિથ્યામાર્ગને છોડી સન્માર્ગને ગ્રહણ કરતાં તમારા બોધરૂપ અમૃતનું પાન કરતા હતા. ખરેખર તે યુક્ત જ હતું કેમકે સુંદર સ્વાદિષ્ઠ મિષ્ટ પાણીની પ્રાપ્તિ થયા પછી સમુદ્રનું ખારૂં પાણી પીવાને કોણ ઇચ્છા કરે? ૧૨.

શરીરના બાહ્ય સ્વરૂપમાં પણ આકર્ષકશક્તિ.

नो काञ्चनस्य रचना मणिभूषणं नो।
नालंकृतेः कृतिरपि प्रकृतिस्तथापि॥
काप्येवमत्र रुचिरास्ति ययेति भाति।
यत्ते समानमपरं नहि रूपमस्ति॥ १३॥

ભાવાર્થ—હે મુનીન્દ્ર! આપના શરીરની ઘટનામાં સુવર્ણની રચના નથી, તેમજ આપના સ્થૂલ શરીરનું સ્વરૂપ મણિજડિત ભૂષણરૂપ નથી, અલંકારોની કૃતિ પણ તેમાં નથી, તેમ છતાં આપના શરીરનું રૂપ જોઈ લોકોને એમ પ્રતીત થાય છે, કે હાલમાં જેવું આપનું બાહ્ય સ્વરૂપ લોકોને આકર્ષક છે, તેવું અન્ય જનોનું નથી. આ ઉપરથી એમ અનુમાન થાય છે કે આપના કાર્મણ શરીરમાં નામકર્મની કોઈ અદ્‌ભૂત રમણીય પ્રકૃતિની જ રચના થયેલી છે, અર્થાત્-શુભ વર્ણ, સુભગ નામ, યશઃકીર્ત્તિનામ વિગેરે નામકર્મની શુભ પ્રકૃતિઓના પ્રાબલ્યને લીધે અદ્વિતીય લોકપ્રિયતા આપે મેળવી છે. ૧૩.

મુનિશ્રીના શુદ્ધ હૃદયનો બોધ અને તેનાથી થયેલી અસર.

नैकान्ततो वनतिरुन्नतिरत्र चास्ति ।
तिस्रो भवन्त्यनुदिनं तरणेरवस्थाः ॥
एवं तवापि मुखमब्ज किमत्र शोचो ।
यद्वासरे भवति पाण्डुपलाशकल्पम् ॥१४॥

सा नास्ति संपदिह नास्ति यतो विपत्तिः ।
साप्येवमस्ति नहि या न सुखावसाना ॥
ये मध्यभावमुपयान्ति सदेति बुद्ध्वा ।
कस्तान्निवारयति सञ्चरतो यथेष्टम् ॥ १५ ॥

इत्यादि बोधममलं तव धैर्यबीजं ।
श्रुत्वा च येऽविचलधर्मपथं प्रपन्नाः ॥
तान् कोप्यलं चलयितुं नहि नात्र चित्रं ।
किं मंदराद्रिशिखरं चलितं कदाचित् ॥१६॥
त्रिभिः कुलकम् ॥

ભાવાર્થ—હે મુનીન્દ્ર! વિપત્તિમાં આવી પડેલ ભુજના કારભારી વાઘા પારેખને સમજાવવાના હેતુથી ચંદ્રને ઉદ્દેશીને આપે સામાન્ય અને વિશેષ જે બોધ આપ્યો તે ખાસ મનન કરવાલાયક છે, તે બોધ આ પ્રમાણે હતો:–" હે ચંદ્ર! આ દુનિયામાં એકાન્તથી કોઈની અવનતિ કે ઉન્નતિ થતી નથી; અર્થાત્ જેની ઉન્નતિ થઈ હોય તેની કાયમ ઉન્નતિ રહેતી નથી અને અવનતિ થઇ હોય તો કાયમ અવનતિ રહેતી નથી; કિન્તુ અવનતિમાંથી ઉન્નતિ અને ઉન્નતિમાંથી અવનતિ થાય છે. જો, જો, આ સૂર્ય તરફ દૃષ્ટિ કર; આ વખતે તે કેવો રક્ત છે, તેની કેવી ચડતી છે, બપોર સુધી ચડતી ને ચડતી રહેશે, પણ મધ્યાન્હ પછી પડતી થવા માંડશે તે સાયંકાળે તદ્દન અસ્ત થઇ જશે. આમ એક દિવસમાં સૂર્યની ત્રણ અવસ્થા થાય છે તો હે ચંદ્ર! એવી જ રીતે તારૂં પણ બિંબ દિવસના ભાગમાં ખાખરાના પાંદડા જેવું નિસ્તેજ થઈ જાય છે તેમાં ખેદ શું કરવો? ધીરજ રાખ, થોડા વખતમાં ફરી તારો ઉદય થશે, અને તારા પ્રતિપક્ષીનો અસ્ત થશે; કેમકે અહીં તેવી કોઈ સંપત્તિ નથી, કે જેની પછવાડે વિપત્તિનો પડદો તૈયાર થયેલ ન હોય, તેમજ એવી કોઇ વિપત્તિ નથી,

કે જેનું પર્યવસાન સુખના ગર્ભમાં ન હોય. ઉપર કહેલ વસ્તુસ્થિતિનું રહસ્ય બરાબર સમજી, જે લોકો હમેશ પ્રાપ્ત સ્થિતિમાં મશગુલ રહી મધ્યમપણાની હદને ઉલ્લંઘતા નથી, અર્થાત્ સામ્યભાવનું આલંબન કરે છે, તેઓને ઇષ્ટ સ્થાનના લક્ષ્યબિંદુએ (મોક્ષપદે) સંચાર કરતાં કોઇ અટકાવી શકતું નથી, અર્થાત્ ઉન્નતિ અને અવનતિમાં હર્ષ શોક ન માનતાં સમભાવની સ્થિતિમાં રહેનારાઓ જ આત્મિક આનંદનું યથેષ્ટ આસ્વાદન કરી શકે છે." વાઘા પારેખને ઉદ્દેશીને ચંદ્રની અન્યોક્તિરૂપે વાંઢીઆ ગામમાં કરેલો ઉપલો બોધ સાંભળીને કેવળ પારેખ જ ધર્મચુસ્ત થયા એટલું જ નહિ પણ બીજા પણ જે માણસો નિર્વઘ નિર્દોષ વાણીમય ધીરજના બીજને રોપનાર અસરકારક આપનો બોધ સાંભળી અવિચલ જૈન ધર્મના દૃઢ હિમાયતી થયા તે એટલા તો ધર્મચુસ્ત થયા કે તેઓને માણસ તો શું પણ દેવસરિખા પણ ધર્મથી જરાએ ચલાયમાન ન કરી શકે, આ બીના કાંઇ આશ્ચર્ય ઉપજાવનારી નથી. યતઃ ગમે તેવો પ્રચંડ પવન નીકળે તોય તેથી મેરૂ પર્વતનું શિખર શું કદાપિ ચલાયમાન થશે? નહિ જ થાય, તેમ આપના બોધની અસરથી માણસોના મનમેરૂના શિખરની પેઠે અડગ અને અચલ બને છે, જેથી તે ડોલાયમાન ન થાય એ કાંઈ આશ્ચર્ય નથી. ૧૪-૧૫-૧૬.

મુનિશ્રીનો પ્રભાવ.

त्वद्बद्धशुद्धनियमप्रतिपत्तिकाले।
सत्ताऽस्य का लघुमुनेरिति ये जजल्पुः ॥
दृष्ट्वा प्रभात्वमवदंस्तव तेपि पश्चा-।
द्दीपोऽपरस्त्वमसि नाथ जगत्प्रकाशः ॥१७॥

ભાવાર્થ—હે મુનીન્દ્ર! સાધુઓના આચારની વિશેષ શુદ્ધિને માટે આપે શુદ્ધાશયથી બાંધેલી કલમો લીંબડીના સંઘ સમક્ષ સાધુ-વર્ગમાં પસાર કરાવતી વખતે જે સાધુઓ એમ બોલી ઉઠયા હતા, કે આ લઘુ મુનિનું શું જ્ઞાન છે, શું એની સમજણ છે, અને એની શું શક્તિ છે, કે જેથી એની બાંધેલી કલમો અમો પાળીએ? તે સાધુ-ઓ પણ તમારો પ્રભાવ જોઈ પાછળથી એમ બોલ્યા હતા કે હે નાથ! જગતને પ્રકાશ આપનાર આપ જ વિલક્ષણ દીપકરૂપ છો. ૧૭.

મુનિશ્રીનો પ્રભાવ: સૂર્ય સાથે સરખામણી.

अज्ञानरात्रिशयने नयने निमील्य ।
सुप्तान्प्रकाशकिरणैः प्रतिबोध्य येषाम् ॥
ध्वस्तं समस्ततिमिरं हृदि तद्दृशा त्वं ।
सूर्यातिशायिमहिमाऽसि मुनींद्र लोके ॥१८॥

ભાવાર્થ—હે મુનીન્દ્ર! અજ્ઞાનરૂપ રાત્રિની શય્યામાં આંખો મી-ચીને સૂઇ ગયેલ જીવો તરફ જ્ઞાનરૂપ પ્રકાશનાં કિરણો ફેંકી જગાડી કરી જે જીવોના હૃદયમાંનો સમગ્ર પાપરૂપ અંધકાર આપે નષ્ટ કર્યો તે જીવોની દૃષ્ટિએ આ લોકમાં આપ સૂર્યના પ્રભાવ કરતાં અધિક પ્રભાવવાળા છો, કેમકે સૂર્ય તો બાહ્ય અંધકારને જ ભેદી શકે છે અને આપ તો આંતર્ અંધકારને ભેદો છો. ૧૮.

મુનિશ્રીના મુખ સાથે ચંદ્રની તુલના.

भूरिप्रतापमपि तापहरं जनानां ।
कान्तं तथापि हृदकान्तकरं त्वदीयम् ॥

नित्यं प्रसादसदनं वदनं विभाति ।
प्रद्योतयज्जगदपूर्वशशाङ्कबिम्बम् ॥ १९ ॥

ભાવાર્થ—હે મુનીન્દ્ર! આપનું મુખ ઘણા પ્રતાપથી છવાયેલું છતાં લોકોના તાપને હરે છે, કાન્ત મનોજ્ઞ છતાં હૃદકાન્તકર એટલે માણસોના હૃદયના દુઃખનો નાશ કરે છે, પ્રસન્નતાનું ઘર છે અને જગત્‌ને પ્રકાશ આપતું વિલક્ષણ ચંદ્રનું બિંબ જાણે હોય એમ લોકોને પ્રતીત થાય છે. ૧૯.

સુપાત્રના યોગથી વિદ્યાની સફળતા.

शिष्यस्तवोत्कटमतिं मुनिदेवराजो ।
विद्यासमर्जनमलं सफलं ततस्ते ॥
बीजं विशुद्धमपि नास्ति यदीह सद्भूः ।
कार्यं कियज्जलधरै र्जलभारनम्रैः ॥ २० ॥

ભાવાર્થ—બીજ ગમે તેવું ઉચ્ચ હોય અને જળના ભારથી નમી ગયેલ વાદળાંઓ પણ વરસવાની તૈયારીમાં હોય, પણ જો સારી જમીન ન હોય કિન્તુ રણના જેવી ઉખર જમીન હોય તો બીજ અને વૃષ્ટિ બન્ને શું કામનાં? કરાળ જમીન અર્થાત્ વિદ્યા ઝીલનાર તીક્ષ્ણ બુદ્ધિવાળા દેવરાજજી સ્વામી જેવા સુપાત્ર શિષ્ય આપને મળવાથી ઉપાર્જન કરેલી આપની સઘળી વિદ્યા સંપૂર્ણ રીતે સફળ થઈ. ૨૦.

ગુરૂપ્રત્યેનો પ્રેમભાવ.

आसीद्यथा गुरुमनोहरणे समर्था ।
त्वत्प्रेमवृत्ति रनघा न तथा परेषाम् ॥
रत्ने यथादरमति र्मणिलक्षकाणां ।
नैवं तु काचशकले किरणाकुलेपि ॥ २१ ॥

ભાવાર્થ—હે મુનીન્દ્ર ! હીરા, માણિક્ય, મોતીને પરખનાર ઝવેરીઓનું મન કિમતી રત્નો તરફ જેવું આકર્ષાય છે, તેવું સૂર્યના પ્રકાશમાં ચકચકાટ મારતા કાચના કટકાઓ તરફ નથી આકર્ષાતું; તેમ આંતર્ વૃત્તિને ઓળખનાર વિદ્યાગુરૂ અને ધર્મગુરૂનું મન આપની પ્રેમ-વૃત્તિ તરફ જેવું આકર્ષાયું તેવું અન્યની પ્રેમવૃત્તિ તરફ નહિ. અર્થાત્ સામા પરીક્ષક માણસના મનને પ્રસન્ન કરી લેવામાં જે શુદ્ધ પ્રેમ જોઇએ તેવો શુદ્ધ પ્રેમ આપના હૃદયમાં પરિપૂર્ણ ભર્યો છે. ૨૧.

ચિત્તની શુદ્ધિ.

त्वं नासि शून्यहृदयो विकलेन्द्रियो वा ।
षण्ढोपि नो गदयुतो न शिशुर्न वृद्धः ॥
एतादृशोपि तव किं न वरिष्ठभोगः ।
कश्चिन्मनोहरति नाथ भवान्तरेऽपि ॥२२॥

ભાવાર્થ—હે નાથ ! જેનું હૃદય લાગણી વગરનું હોય, જેની ઇંદ્રિયો વિકલ એટલે ખંડિત હોય અથવા જે નપુંસક રોગયુક્ત

બાળક અને વૃદ્ધ હોય તેને દુનિઆના વૈષયિક ભોગો રૂચિકર થતા નથી, પણ આપના હૃદયમાં, ઇંદ્રિયોમાં અને શરીરમાં તેમાંનું કશું પણ નથી, એટલે હૃદય લાગણીવાળું, ઇંદ્રિયો પરિપૂર્ણ, રોગરહિત યુવાવસ્થા, વિગેરે ભોગની રૂચિને સર્વથા અનુકૂળ સામગ્રી મળવા છતાં આપના ચિત્તને ઉંચા ઉંચા ભોગો પણ બીલકુલ રૂચિકર થતા નથી. પ્રત્યુત અરૂચિના વિષય એટલેસુધી થઈ ગયા છે કે ભવાન્તરમાં પણ તે ભોગો આપની ઇચ્છાના વિષય થાય એવો સંભવ નથી તેનું શું કારણ? ૨૨.

અનન્તર શંકાનું સમાધાન.

ज्ञातं निदानमधुना यमिवृन्दमध्ये ।
प्राप्ताधिकारमचलं तव चित्तभूमिः ॥
धत्तेऽर्घ्यसंयमफलं सकलासु दिक्षु ।
प्राच्येव दिग्जनयति स्फुरदंशुजालम् ॥२३॥

ભાવાર્થ—હે મુનીન્દ્ર! જરા વિચારી જોતાં આપના ચિત્તની અરૂચિનું કારણ જણાયું. દિશાઓ તો ઘણી છે પણ જગતને પ્રકાશ આપનાર સ્ફુરાયમાન સૂર્યનો અવિર્ભાવ તો પૂર્વ દિશા જ કરાવે છે. તેમ સાધુઓ અને ત્યાગીઓ તો ઘણા છે પણ તેમાં આપના ચિત્તની ભૂમિ જ સાંપ્રતકાળે ઉંચામાં ઉંચા અચલ અધિકારને પામી નિર્મળ નિરતિચાર સંયમરૂપ ફળને ધારણ કરે છે, અર્થાત્ વસ્તુસ્થિતિવિચારણાથી અને યોગના અભ્યાસથી જ્ઞાનનો ઉદય થવાને લીધે આત્મિક પ્રકાશનાં પ્રકાશિત કિરણોની ગરમી અને પ્રભા ચિત્તની ભૂમિ ઉપર પડતા

ઇંદ્રિયદમન અને મનોનિગ્રહરૂપ છોડવાઓને પુષ્ટિ મળતાં તેમાં સંયમરૂપ ફુલ આવેલ છે અને તે ફુલના સ્વાદિષ્ટ રસના આસ્વાદનમાં આપનું ચિત્ત મશગુલ બની રહેવાથી વિષયો તરફનું લક્ષ્ય તદ્દન ભુલાઇ ગયું છે, અને ચિત્તને અંતર્મુખ રહેવાની ટેવ પડી ગઈ છે, જેથી બાહ્ય વિષયો તરફથી અરૂચિ થયેલ છે એમ સકારણ જણાય છે. ૨૩.

સંયમના પ્રભાવથી વચનની આદેયતા ઉપર થતી અસર.

ये त्वद्विहारविरहाद्विपथं प्रपन्नाः ।
सञ्ज्ञातपुनस्तव तएव निशम्य तत्त्वम् ॥
मार्गं प्रपद्य जगदुश्च विना भवन्तं ।
नान्यः शिवः शिवपदस्य मुनीन्द्र पन्थाः॥२४॥

ભાવાર્થ—હે મુનીન્દ્ર ! કચ્છ દેશમાં આપના વિહારના અભાવે ગેરૂલાલની સંગતથી જે લોકો વિપરીત શ્રદ્ધાને માર્ગે ચડી ગયા હતા તેઓને સમજાવવા આપે કચ્છ તરફ વિહાર કર્યો અને તેઓને ફરી આપનો સમાગમ થતાં સત્યમાર્ગદર્શક તત્ત્વથી ભરેલી આપની વાણીનો પ્રસાદ મળવાની સાથે જાણે વિજળિક અસર થઇ હોય? તેમ·તરત જ ખરા માર્ગ ઉપર આવી ખરા અંતરૂથી બોલી ઉઠયા કે, હે મુનીન્દ્ર! આપના વગર બીજો મોક્ષમાર્ગ કલ્યાણાવહ નથી, અર્થાત્ જે માર્ગમાં આપ ઊભા છો, આપના વિચારો અને સિદ્ધાંતો પ્રસરી રહ્યા છે તે માર્ગ ખરેખર શ્રેયસ્કર છે એમ અમે ખાતરીથી માનીએ છીએ. ૨૪.

સંયમને અનુકૂળ અંતર્મુખવૃત્તિ.

आवश्यकस्वपरकार्यमथान्तरेण ।
चित्तं बहिःपरिणतेर्विनिवर्तयन्तम् ॥
ध्यानैकताननिरतं विरतं भवन्तं ।
ज्ञानस्वरूपममलं प्रवदन्ति सन्तः ॥ २५॥

ભાવાર્થ—હે મુનીન્દ્ર! યોગાભ્યાસમાં આગળ વધતાં પોતાના અથવા પરના જરૂરી કાર્ય વગર આપની ચિત્તવૃત્તિ બાહ્ય પરિણતિમાં જતી નથી અને સાધનદશામાં કદાચ જાય છે, તો તરત જ પાછી ખેંચી લ્યો છો, અને જ્યારે અમુક વખત સુધી મન તદ્દન અંતર્મુખની ધુનમાં મચી રહી એકાગ્ર અથવા વિરૂદ્ધ બની રહે છે, ત્યારે તમને જોનારા સત્પુરૂષો બાહ્ય પ્રવૃત્તિ અને બાહ્ય ઉપયોગના અભાવથી આપ સાક્ષાત્ નિર્મળ જ્ઞાનસ્વરૂપ છો એમ બોલે છે. ૨૫.

શુદ્ધ પરિણતિથી વિસ્તાર પામેલ સામ્યભાવ.

साम्येन पश्यसि सदाखिलधर्मिणस्त्वं ।
तेनाश्रयन्ति गुरुभावधिया परे त्वाम् ॥
शैवा वदन्ति शिव इत्यथ वैष्णवास्तु ।
व्यक्तं त्वमेव भगवन्पुरुषोत्तमोऽसि ॥२६॥

ભાવાર્થ—હે ભાગ્યવંત! ગમે તે ધર્મવાળો હોય તોપણ તે પ્રત્યે આપ સામ્યભાવથી જુઓ છો, કોઈના પ્રત્યે દ્વેષદૃષ્ટિથી આપ

જોતા નથી, જેને લીધે ઘણા અન્યધર્મી લોકો પણ ગુરૂભાવબુદ્ધિથી આપનો આશ્રય કરે છે, તે એટલેસુધી કે શૈવ લોકો એમ કહે છે કે, આપ પોતે જ શિવ (મહાદેવ કલ્યાણકારક છો) અને વૈષ્ણવો આપ પોતે જ સ્પષ્ટપણે પુરૂષોત્તમ (વિષ્ણુ યા પુરૂષોમાં શ્રેષ્ઠ) છો, એમ કહે છે. ઉપલક્ષણથી અન્ય લોકો પણ પોતપોતાની ભાવના પ્રમાણે માનેલ ઇષ્ટ દેવનું રૂપક આપને અર્પે છે. ૨૬.

જમાનાને અનુસરતી વિશાલ દૃષ્ટિ.

यस्य क्रिया न समयोचितबोधशून्या ।
बोधो न तत्त्वनयवादविचारहीनः ॥
नो न्यूनता नयविचारपथेऽपि तस्मै ।
तुभ्यं नमो जिन भवोदधिशोषणाय ॥ २७ ॥

ભાવાર્થ—આગળ વધવાની હરીફાઇવાળા જમાનાને કઈ દિશામાં ચાલવાથી વેગ મળે તેની પુરતી સમજણ વિનાની જેની ક્રિયા નહોતી, અર્થાત્ ચાલુ જમાનો કેવળ શુષ્ક ક્રિયાનો નથી પણ જુદી જુદી ભાષા અને જુદાં જુદાં શાસ્ત્રોનું જ્ઞાન મેળવી સર્વદેશી બનવાનો છે એ વાત ઉપર લક્ષ આપી નિજ વર્ગમાં કેટલાએક વરસથી અટકી ગયેલ સંસ્કૃતાદિ ભાષા જ્ઞાનરૂપ ચક્રને જેણે ગતિમાન કર્યું તે ગતિ આપવાનું જ્ઞાન પણ તત્ત્વવાદ અને નયવાદના વિચારોથી વેગળું નહોતું, કિન્તુ નયવાદ અને સ્યાદ્વાદદષ્ટિથી શાસ્ત્રીય વાક્ય ઉપર લક્ષ રાખીને જ જેણે ઉત્ક્રાંતિને લગતી સમજ મેળવી હતી તેમજ જેના નયવાદના માર્ગમાં કંઇ ન્યૂનતા નહોતી કે જેથી

કંઈ ભૂલ થવાનો સંભવ રહે; હે રાગદ્વેષપરિણતિને દબાવનાર મહાત્મન્! સવળો માર્ગ બતાવી અન્ય જીવોના સંસારસમુદ્રને સૂકાવી નાંખનાર તેવા આપને ખરા ભાવથી નમન કરીએ છીએ. ૨૭.

ગુણગ્રાહકતા અને અવગુણ–અગ્રાહકતા.

संचक्रमुस्त्वयि विदेशिगुणाः प्रभूताः ।
सौकर्यतो हतविधिस्तु विरोधभावः ॥
देशे चिरेण परितो विसृतेन येन ।
स्वप्नान्तरेपि न कदाचिदपीक्षितोऽसि ॥२८॥

ભાવાર્થ—હે મુનીન્દ્ર, અસલ આર્યાવર્તના પુરૂષોના જીવનની માળાના મણકારૂપે જીવનદોરીમાં ગુંથાઇ રહેલાં પણ કેટલાએક વખતથી પોતાનું વતન છોડી વિદેશમાં વાસ કરી રહેલાં, ભ્રાતૃભાવ, જાહેર હિમ્મત, વિગેરે કેટલાએક સદ્ગુણો આપની જીવનચર્યામાં સહેલાઇથી સંક્રમણ કરી શકયા, ત્યારે વિરોધભાવ બિચારો કમનસીબ કે સાંપ્રત સમયે ભારતવર્ષમાં ચારે તરફ વિસ્તરી રહેલ છતાં જેને સ્વપ્નામાં આપ દષ્ટિગોચર ન થયા, ઉપલક્ષણથી બીજા પણ દુર્ગુણો આપના દર્શન કરવાને ફતેહમંદ ન થયા, અર્થાત્ આપના સંગ્રહસ્થાનમાં માત્ર ગુણોને જ જગ્યા મળી, પછી તે સ્વદેશી હોય કે વિદેશી હોય, બાળકની પાસે જોવામાં આવેલ હોય કે વૃદ્ધની પાસે, વિદ્વાનની પાસે હોય કે મૂર્ખની પાસે, પણ અવગુણને અંશ માત્ર પણ અવકાશ ન મળ્યો એ પણ એક અચરજની વાત છે. ૨૮.

ललाटनी प्रभानुं वर्णन.

योगक्रियासमभिवृद्धललाटतेजः ।
पुञ्जःप्रकाशितशिरोरुहसन्निकृष्टः ॥
योगीन्द्र भाति भवतस्तिमिरं विभिन्दद् ।
बिम्बं रवेरिव पयोधरपार्श्ववर्त्ति ॥ २९ ॥

ભાવાર્થ—હે યોગીન્દ્ર, આપના કપાળમાં લલાટની પ્રભાથી પ્રકાશિત થયેલ મસ્તકના સફેદ કેશની નજીકમાં કપાળ ભાતિ વિગેરે યોગની ક્રિયાઓથી વૃદ્ધિંગત થયેલ તેજનું મંડલ, વરસી ગયેલ ધોળા વાદળાંઓની વચ્ચે સ્પષ્ટ દેખાતા અને અંધકારને ભેદતા સૂર્યના બિંબ જેવું દેખાય છે. ૨૯.

બ્રહ્મચર્ય અને યોગના પ્રભાવથી મુખની શોભા.

संस्तब्धवीर्यनिचयोल्लसितांगदीप्ते ।
र्भव्यासने स्थितवतो भवतो विभाति ॥
योगप्रभापटलयुक्तमुखं सुबिम्बं ।
तुंगोदयाद्रिशिरसीव सहस्ररश्मेः ॥ ३० ॥

ભાવાર્થ—હે મુનીન્દ્ર, બાલ્યાવસ્થાથી વિશુદ્ધ બ્રહ્મચર્યના પ્રભાવે શરીરની દીપ્તિ વધી ગયેલ હોવાથી સવારના વખતમાં જ્યારે આપ સુંદર આસન ઉપર બિરાજતા હતા તે વખતે યોગસાધનથી પ્રદીપ્ત

થયેલ પ્રભાના સમૂહથી શોભિતુ આપનું મુખ, દર્શને આવતા જનોને એવું લાગતુ હતું કે જાણે ઉદયાચલના ઉંચા શિખર ઉપર સૂર્યનું બિંબ નિશ્ચલપણે સ્થિર થઈ રહ્યું હોય, અર્થાત્ આસનના ઉપર શરીરની કાન્તિ છવાયાથી ઉદયાચલની શોભાનું ભાન થતુ ને મુખમાં સૂર્યના મંડલની શોભા પ્રતીત થતી. ૩૦.

સંગ્રહસ્થાનમાં એકઠા થયેલા સદ્દગુણોના પરિમાણની સંભાવના.

स्युः सद्गुणास्तव घनाघनमूर्त्तिमन्त ।
श्चेत्स्यात्तदा गिरिवरो निचयेन तेषाम् ॥
मन्ये तदीयशिखरं जनदुर्गमं स्या ।
दुच्चैस्तटं सुरगिरेरिव शातकौंभम् ॥ ३१ ॥

ભાવાર્થ—હે મુનીન્દ્ર ! સંગ્રહિત થયેલ આપના સદ્દગુણો કે જે સ્વભાવે અમૂર્ત અને અરૂપી છે, તે જો નક્કરરૂપી અને મૂર્ત્તિમંત બને અને તેનો એક ઠેકાણે ઢગલો કરવામાં આવે તો તે ઢગલાનો એક ઉંચો પર્વત બની જાય, તે એટલો ઉંચો બને કે મેરૂ પર્વતનું સુવર્ણમય છેલું શિખર જેમ આપણા જેવા માણસોને દુર્ગમ છે, દુર્ગમ કહેવાનો હેતુ એટલો જ કે દેવાદિકની સાહાય્યથી જઈ શકાય, બાકી તો આપણુને અગમ્ય છે તેમ તેનું શિખર પણ આપણુને દુર્ગમ થઈ પડે. અર્થાત્ આપનામાં એટલા સદ્દગુણો છે કે જેની ગણુના તો થઇ શકે જ નહિ, પણ સ્થૂલ સંભાવનાથી કાંઇક અટકળ થઇ શકે છે. ૩૧.

તીર્થંકરનામ બાંધવાનાં કારણોનું સેવન.

शीलं विशुद्धमनिशं स्वगुणोपयोगो ।
गुर्वादिसप्तसु च वत्सलता प्रकृष्टा ॥
एतत्त्रयं त्वयि सदा स्फुरतीह भावि ।
प्रख्यापयत्त्रिजगतः परमेश्वरत्वम् ॥ ३२ ॥

ભાવાર્થ—હે મુનીન્દ્ર ! અરિહંત, સિદ્ધ, પ્રવચન, ગુરૂ, સ્થિવર, બહુશ્રુત અને તપસ્વી એ સાતમાં અત્યન્ત ઉત્કટ વત્સલતા, સ્થૂલ અને સૂક્ષ્મ બન્ને પ્રકારનું વિશુદ્ધ બ્રહ્મચર્ય અને નિરન્તર બાહ્ય પ્રવૃત્તિના નિરોધપૂર્વક નિજ ગુણમાં ઉપયોગ, એ ત્રણ ગુણ, ભવિષ્યકાળે મળવાનું ત્રણ જગત્‌નું પરમેશ્વરત્વ, વર્તમાનકાળે બીજરૂપે આપનામાં રહેલ છે, એ બીના લોકોની આગળ વ્યક્ત કરતા હોય તેમ હમેશ નિરૂક્ત ત્રણ ગુણ આપનામાં સ્ફુરે છે. ૩૨.

ભાવી ઐશ્વર્યની વર્તમાન અસર.

यस्मिन्पतन्ति सुखकारिकृपादृशस्ते ।
मालिन्यहीनहृदये गुरुभक्तियुक्ते ॥
संभाव्य मुक्तिरमणीरमणीयपाद ।
पद्मानि तत्र विबुधाः परिकल्पयन्ति ॥३३॥

ભાવાર્થ—હે મુનીન્દ્ર, ગુરૂભક્તિથી યુક્ત અને મલિનતારહિત જે હૃદયમાં આપની સુખકર કૃપાદૃષ્ટિનાં કિરણો પ્રવેશ કરે છે, તે

હૃદયમાં આગન્તુક મુક્તિરૂપ સ્ત્રીના સુંદર ચરણકમળ, વિદ્વાન્ પુરૂષો કલ્પે છે. અર્થાત્ તે હૃદય મુક્તાવસ્થામાં ભોગવાતા આત્મિક આનંદનું આસ્વાદન લેવાનો અધિકારી બને છે, યા મુક્તિરમણીની પધરામણીને લાયક બને છે.

સાધનદશાનું અન્તિમ પરિણામ.

जातं यथा तव मनः सरलं विशुद्धं ।
स्वच्छं तथात्र नहि संयमिनां परेषाम् ॥
यादृक् पुनर्दिनपतेः प्रथितः प्रकाश ।
स्तादृक्कुतो ग्रहगणस्य विकाशिनोऽपि ॥३४॥

ભાવાર્થ—હે મુનીન્દ્ર! હજારો પ્રકાશિત ગ્રહ નક્ષત્ર તારાઓ ભલે એકઠા થાય, તોપણ તેઓ સૂર્યપ્રકાશના એક અંશની પણ બરાબરી કરી શકતા નથી, તેમ સંયમી અને યોગાભ્યાસીઓ તો ઘણા છે, પણ તે અભ્યાસથી તમારા મનની જે સરળતા અને વિશુદ્ધિ થઇ તેવી બીજાઓની નથી થઇ. ૩૪.

આશ્રિત જનોની દશા.

त्वत्संगतौ मृतिपथे सुखदो विहारः ।
किं वा मृतेर्भयदशक्तिरुपैति नाशम् ॥
यद्वा स्मृतिर्नकिमु यन्निकटस्थमृत्युं ।
दृष्ट्वा भयं भवति नो भवदाश्रितानाम् ॥३५॥

ભાવાર્થ—હે મુનીન્દ્ર ! આપના આશ્રય કરનાર જનોને ભયપ્રદ વસ્તુઓમાં અગ્રણીય ગણાતું મૃત્યુ નજીક આવવા છતાં અર્થાત્ મૃત્યુ નજર આગળ તરી રહ્યા છતાં મુદ્દલ ભય થતો નથી, તો આપનો સંગ થતાં મૃત્યુના માર્ગનો વિહાર સુખપ્રદ થઇ પડે છે ? કિંવા મૃત્યુમાં ભય આપનારી જે શક્તિ છે તે નષ્ટ થઈ જાય છે ? અથવા-તો મરણપથારીએ પડનાર માણસને કોઇ જાતનું ભાન રહેતું નથી ? કે જેથી મૃત્યુની ભયંકરતા સ્મૃતિગોચર થતી નથી ? આમાંનું શું કારણ છે ? ૩૫.

અનન્તર શંકાનું સમાધાન.

मन्येऽत्र कारणयुगं यदि वा मुनीन्द्र ।
देहात्मभेदपरिभावनमाद्य मन्यत् ॥
प्रायो यमोऽपि नरमित्यवधारणं वा ।
ना क्रामति क्रमयुगाचलसंश्रितन्ते ॥ ३६ ॥

ભાવાર્થ—હે મુનીન્દ્ર ! જરા વિચાર કરતાં જણાય છે કે તેમાં બે કારણ છે. એક તો આપના પરિચયમાં આવનાર જનના હૃદયમાં દેહ અને આત્મા જુદા છે, એવો નિશ્ચય કે જે આપનામાં સ્ફુરી રહ્યો છે, તેની છાપ પડવાથી, દેહનો નાશ થતાં પણ આત્માનો નાશ થતો નથી, એવી દૃઢ માન્યતા આશ્રિત જનોને થઈ જાય છે, એ કારણ અને આપના ચરણકમળનો જે આશ્રય કરે છે તેના ઉપર મૃત્યુ પણ ઘણું કરી દબાણ કરી શકતું નથી, કિન્તુ તે મૃત્યુને જીતી અમરપદ પામે છે, એવો થયેલ દૃઢ નિશ્ચય એ બીજું કારણ. આ બે કારણો-

થી જ અત્યન્ત ભયંકર વસ્તુને દેખી આપના આશ્રિત જનોને ભય થતો નથી એમ મારી માન્યતા છે. ૩૬.

મુનિશ્રીના નામકીર્તનથી થતો ફાયદો.

अंगारिताखिलगुणाश्रयतत्त्वमानं ।
भस्मीकृतप्रवरशान्तिलतावितानम् ॥
कोपानलं कवलितात्मगुणप्रदेशं ।
त्वन्नामकीर्त्तनजलं शमयत्यऽशेषम् ॥३७॥

ભાવાર્થ—હે મુનીન્દ્ર ! જ્યાં કોઈ કારણપુરસ્સર ક્રોધરૂપ અગ્નિ પ્રગટી નિકળ્યો હોય કે જે કોપરૂપ અગ્નિ બીજા બધા ગુણોના આશ્રયરૂપ તત્ત્વજ્ઞાનને ક્ષણવારમાં બાળીને અંગારા બનાવી દે છે, ઉંચા પ્રકારની શાન્તિરૂપ વેલડીના વિસ્તારને ભસ્મીભૂત કરી નાંખે છે, આત્મિક ગુણના પ્રદેશને સ્વાહા કરી જાય છે, ત્યાં આપના નામકીર્તનરૂપ પાણીનું એક બિંદુ પડે તો ક્રોધાગ્નિ સર્વથા શમી જાય છે, યા નિર્મૂલ થાય છે. ૩૭.

आत्मप्रशंसनपयःपरिपुष्टदेहो ।
गत्या सदैव कुटिलो मलिनः करालः ॥
नो तं कदापि दशतीह च दर्प्पसर्प्प ।
स्त्वन्नामनागदमनी हृदि यस्य पुंसः ॥३८॥

ભાવાર્થ—હે મુનીન્દ્ર ! સર્પના પ્રચારવાળા પ્રદેશમાં તમારૂં નામ ખરેખર નાગદમની નામની ઔષધીની ગરજ સારે છે. તે નામરૂપ નાગદમની જે પુરૂષ ખરી નિષ્ઠાથી પોતાના શુદ્ધ હૃદયમાં ધારણ કરે છે, તે પુરૂષને ગર્વરૂપી સર્પ કદી પણ ડંસતો નથી કે જે દર્પસર્પનું શરીર આત્મપ્રશંસારૂપ દુધના પાનથી અત્યન્ત પુષ્ટ થયેલ છે. ચાલવામાં જેની ગતિ હમેશ વાંકીચુકી હોય છે, જેનું બાહ્ય અને અંતરનું સ્વરૂપ મલીન અને અતિભયંકર હોય છે એવા અહંકારરૂપ સર્પની ઝેરી હવા તે પુરૂષને મુદ્દલ સ્પર્શતી નથી. ૩૮.

केयं चमत्कृतिरहो तव नामधेये।
किंवात्र गुप्तबलमस्ति तदक्षरेषु॥
यद्भावनासहकृतात्तरणेर्भयौघ।
स्त्वत्कीर्तनात्तम इवाशुभिदामुपैति॥३९॥

ભાવાર્થ—હે મુનીન્દ્ર ! આપના નામમાં એવો શું ચમત્કાર છે, અથવા નામના અક્ષરોમાં એવું શું ગુપ્ત બળ રહેલું છે, કે જે નામની ભાવના (अहं अजरामरोस्मि इति) ભાવવાની સાથે આપનું કીર્તન (ગુણકથન) કરવાથી સૂર્યોદયથી અંધકારની પેઠે તમામ પ્રકારના ભય જલદીથી નષ્ટ થાય છે. ૩૯.

આશ્રિત જનોને થતો લાભ.

एकेन चैव हरिणा कमलोद्भवाश्रीः।
प्राप्तात्र सापि चपलेत्यवटंकमाप्ता॥

नैकेऽचिरात्पुनरनश्वरमोक्षलक्ष्मीं ।
त्वत्पादपङ्कजवनाश्रयिणो लभन्ते ॥ ४० ॥

ભાવાર્થ—હે મુનીન્દ્ર, અન્યદર્શની લોકોના માનવા પ્રમાણે સમુદ્રમથનની ઘણી મહેનત કર્યા પછી કમળમાંથી શ્રીકૃષ્ણ મહારાજ એકને જ લક્ષ્મીની પ્રાપ્તિ થઈ. તે પણ ચપલા એવું વિશેષણ પામેલી એટલે જે સ્વભાવથી અસ્થિર છે, ત્યારે આપના ચરણકમળના વનનો આશ્રય કરનારા, તેમાં ત્રિકરણ વિશુદ્ધિથી શિર ઝુકાવનારા એક નહીં પણ અનેક ભવ્ય પુરૂષો વધારે નહીં પણ થોડી મહેનત કર્યા પછી, તરત જ નાશ ન પામે અને જેનો અંત ન આવે એવી મોક્ષની લક્ષ્મી પામે છે. ૪૦.

સ્મરણથી થતો લાભ.

सेनापि शत्रुसुभटोपहिताङ्कदाचित् ।
क्षुद्राटवीमपि न पारयितुं समर्था ॥
एकाकिनोपि भविनोऽत्र भवाटवीं वै ।
त्रासं विहाय भवतः स्मरणाद् व्रजन्ति ॥४१॥

ભાવાર્થ—હે મુનીન્દ્ર! કોઈ લશ્કરના ઘણા માણસોને સાથે મળીને એક નાની અટવી ઉલ્લંઘવાની હોય પણ તે અટવીમાં જો શત્રુના સુભટો યા બારવટીયાનો ઉપદ્રવ હોય તો પહેલી સેનાને બહુ વિચાર થઈ પડે છે, એટલું જ નહીં પણ તે અટવી ઉલ્લંઘાતી નથી. ત્યારે આપનું સ્મરણ કરનારા ભવ્ય જીવો એકાએકીપણે મોહ, મદ,

માન, માયા, વિગેરે અનેક ઉપદ્રવથી વિડંબિત સંસારરૂપ મહાટવીને બીક રાખ્યા વગર જલદીથી ઉલ્લંઘી જાય છે, એ આપના સ્મરણની જ બલીહારી છે. ૪૧.

સહવાસથી થતો લાભ.

त्वत्सेवनाद्भविमनः प्रसरत्तमोऽपि ।
कार्ष्ण्यं विहाय भजते शुभशुक्लभावम् ॥
संसेव्य केसरपयः किमु नो कुरूपा ।
मर्त्या भवन्ति मकरध्वजतुल्यरूपाः ॥४२॥

ભાવાર્થ—હે મુનીન્દ્ર, જેમ કેસર અને દુધના ચિરંકાળ સેવનથી કૃષ્ણવર્ણા મનુષ્યો પણ અતિ સ્વરૂપવાન બની જાય છે તેમ આપના સહવાસમાં રહી શુદ્ધ અંતરથી આપની સેવા કરનાર ભવ્ય મનુષ્યોનું મન પ્રથમ તમોભાવથી વ્યાપ્ત હોવા છતાં આપના પ્રસંગમાં પ્રસરી રહેલ શુદ્ધ સદ્‌વિચારની લહરીઓના સુખકર સ્પર્શથી તરત જ કૃષ્ણતા (કૃષ્ણલેશ્યા, તમોગુણ અને તેનાં પરિણામો) ને છોડી શુભ શુક્લભાવને ભજે છે, અર્થાત્-તમોભાવને તરછોડી સત્ત્વમય બને છે. ૪૨.

बन्धस्वरूपमथमुक्तिनिदानजातं ।
ज्ञात्वा च वर्तनाधिया बहवो मनुष्याः ॥
त्वत्सार्थनामपरिभावनयात्मदृष्ट्या ।
सद्यः स्वयं विगतबन्धभया भवन्ति ॥ ४३ ॥

ભાવાર્થ—હે મુનીન્દ્ર, ઘણા માણસો સંસારબંધન અને કર્મ-બંધનમાંથી છુટવાના આશયથી આપની પાસે બંધનું સ્વરૂપ અને બંધના હેતુઓ, મુક્તિસ્વરૂપ અને તેના હેતુઓનું યથાર્થ જ્ઞાન મેળવી અર્થનિષ્પન્ન આપના નામની ભાવના સહિત આત્મદષ્ટિ એટલે હું જન્મ મરણ જરા બંધન વગરનો અજરામર છું, જરા મરણ વિગેરે શરીરને જ છે, શરીર હુંથી જુદું જ છે, નિજ ઉપયોગમાં રહેવું એ મારો સ્વભાવ છે, એવી ભાવના અને કૃતિ રાખી તત્કાળ પોતાની મેળે જ બંધનના ભયથી નિરાળા થઇ પરમ પદની સીમાએ પહોંચ્યા. ૪૩.

પ્રકૃત સ્તોત્રપાઠથી શું ફલ થાય છે?

तस्यात्मशुद्धिरथबुद्धिसमृद्धिवृद्धि ।
श्चित्तं भवेच्च सुखमन्दिरमार्गलग्नम् ॥
एकाग्रतोऽर्थपरिचिन्तन पूर्वमर्ह ॥
यस्तावकंस्तवमिमं मतिमानधीते ॥४४॥

ભાવાર્થ—હે મુનીન્દ્ર, જે સુજ્ઞ માણસ ચિત્તની પ્રસન્નતાપૂર્વક એકાગ્રતાથી શબ્દાર્થ અને ભાવાર્થના શુદ્ધ ઉપયોગની સાથે આપના આ સ્તવનનો નિયમપુરઃસર પાઠ કરે છે તેના આત્માની શુદ્ધિ થાય છે, અર્થાત્ શુભ અધ્યવસાયથી અને યથાર્થ ગુણકીર્તનથી આવરણો કપાય છે, તેથી બુદ્ધિની સમૃદ્ધિ વધે છે, સુખનું પરમ ધામ જે મોક્ષ તેના માર્ગરૂપ જ્ઞાનદર્શન ચારિત્રમાં તેનું ચિત્ત મશગુલ-મસ્ત બની રહે છે. એકંદરે આત્મિક ગુણના પ્રસાદની સાથે ચિત્તની તૃપ્તિ અને મન-મોદનાં સર્વ સાધનો અનુકૂલ થાય છે. ૪૪.

ભાવનાશૂન્ય કેવળ પાઠથી થતો લાભ.

धर्मानुरक्तिगुरुभक्तिविरक्तियुक्तो ।
यस्त्वां यथार्थगुणनिर्मितसंस्तवेन ॥
संस्तौत्यनेन नियतं परया विशुद्ध्या ।
तं मानतुंगमवशा समुपैति लक्ष्मीः ॥४५॥

ભાવાર્થ—હે મુનીન્દ્ર, ધર્મના અનુરાગ અને ગુરૂભક્તિની સાથે વૈરાગ્ય વૃત્તિવાળો જે ભવ્ય પુરૂષ યથાર્થ ગુણના ગુંફનથી રચાયેલં આ સ્તોત્રવડે પરમ વિશુદ્ધિથી નિયમપૂર્વક આપને સ્તવે અર્થાત્ ગુણકીર્તન કરે, તો પૂર્વે કદાપિ વશ ન થયેલી એવી મોક્ષલક્ષ્મી ગુણના પ્રમાણથી ઉંચ ગણાતા તે પુરૂષને પરમ પ્રેમથી વરે છે, અર્થાત્ આ ભવે ઐહિક સંપત્ મળે છે તેથી સુકૃત્યની પરંપરાએ પારમાર્થિક મોક્ષ સંપત્‌ને તે પામે છે. ૪૫.

પૂર્ણાહુતિ.

रागाङ्गनन्दविधुविक्रमवर्षमाघे ।
कृष्णे द्वितीयतिथि सौरिदिने स्तवोयम् ॥
श्री वक्रनेरपुरि सूरिगुलाबचन्द्र ।
शिष्येण रत्नमुनिना रचितोऽर्हभक्त्या ॥४६॥

ભાવાર્થ—વિક્રમ સંવત્ ૧૯૬૬ નાં માઘ માસના કૃષ્ણપક્ષની બીજ ને શનિવારે મચ્છુકાંઠામાં આવેલા **વાંકાનેર** શહેર મધ્યે પંડિત શ્રીગુલાબચંદ્રજી સ્વામીના શિષ્ય મુનિશ્રી **રત્નચંદ્રજીએ** લાયક મહાત્માની ભક્તિને વશ થઈ આ સ્તવન રચ્યું છે. ૪૬.

सर्वेषां प्रमोदाय भवतु ॥

ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

ઈતિ શ્રી અજરામર-સ્તોત્રમ્

समाप्तम् ।

આ પુસ્તકના અગાઉથી ગ્રાહક થઇ આશ્રય આપનાર સદ્‌ગૃહસ્થોનાં મુબારક નામ.

માંગરોળ.

૨૫ શેઠ અમરચંદ વીરજી.
૨૫ શેઠ જમનાદાસ રણછોડ.
૧૫ શેઠ મોતીચંદ કલ્યાણજી.
૧૫ શેઠ હરીદાસ પ્રેમજી.
૧૧ શેઠ જેચંદ અમરચંદ.
૫ રા. કપુરચંદ પ્રાગજી.
૫ રા. ત્રીભોવન વીરચંદ.

અમદાવાદ.

૧૦ રા. રા. હીરાલાલ જેસિંગભાઈ.
૫ મી. સાયલાકરની માર્ફતે.
૧ માસ્તર નાગરદાસ નીમચંદ અપ્રીણવાળા.
૧ મી. અમૃતલાલ જીવરાજ સાયલાકર.
૧ મી. સાયલાકરનાં માતુઃશ્રી સાંકળીબાઈ.
૧ બાઈ મોતીબાઇ.
૧ બાઈ સમરતબાઈ.
૫ મી. ટી. જી. શાહ વીજળીવાળા.
૫ પારેખ મુળચંદભાઇ જીવરાજ.
૫ મી. પોપટલાલ ચુનીલાલ.
૩ શાહ રતનશી કુંવરજી.
૨ મી. મોહનલાલ ગુલાબચંદ.
૨ સંઘવી મણીલાલ છગનલાલ.
૨ શાહ હીરાચંદ જગજીવનદાસ.
૧ મી. નાથાલાલ માવજી તલસાણીયા.
૧ મી. ખીમચંદ બહેચર તલસાણીયા.
૧ મી. ભાઇચંદ વખતચંદ.
૧ ખંધાર દોલાભાઇ બાવાભાઇ.
૧ મી. મોહનલાલ જમનાદાસ.

૧ મી. ડાહ્યાલાલ પાનાચંદ.
૧ સંઘવી વાડીલાલ કાકુભાઈ.
૧ મી. ત્રીભોવનદાસ મોરારજી.
૧ શેઠ બરધભાણજી ચાંદમલજી.
૧ મી. ડોસાભાઇ મોતીચંદ સરખેજવાળા.
૧ મી. ગોવિંદજી ઉત્તમચંદ.
૧ સંઘવી ચકુભાઈ નાનજી.
૧ શેઠ વ્રજલાલ લેરાભાઇ.
૧ મી. કાળીદાસ દામોદરદાસ.
૧ મી. ખુશાલદાસ કુબેરભાઇ.
૧ મી. શીવલાલ સુખલાલ.
૧ મી. મનસુખભાઇ સોભાગ્યભાઈ.
૧ મી. ગીરધરલાલ ટોકરશી.
૧ પરી. લાલચંદ મૂળજી.
૧ મી. શીવલાલ ગુલાબચંદ.
૧ શા. ભુરાભાઇ લવજી.
૧ મી. અમૃતલાલ મથુરદાસ.
૧ મી. મોહનલાલ કુંવરજી તલસાણીયા.

૧ બુકબાઈન્ડર દોલતચંદ હરજીવનદાસ લીં-બડીવાળા.
૧ ભાવસાર મણીલાલ સાંકળચંદ.
૧ બદાણી હેમચંદ હરીચંદ.
૫ શાહ જેઠા શવજી ચોટીલાવાળા.
૧ શાહ નાગરદાસ રણછોડદાસ.
૧ શાહ હરીલાલ મણીલાલ.
૧ શાહ શાન્તિલાલ ઓધડ.
૫ ભાવસાર પુંજાભાઈ જેઠાલાલ.
૧ સંઘવી સુરચંદ પદમશી.
૨ પટેલ સામજી ભાણજી.

જુનાગઢ.

૧૦ ચોકશી કપુરચંદ નાથાભાઇ.
૨૫ રા. લીલાધર કેશવજી કામદાર.
૧૦ પા. ગોવિંદજી ગીરધર હા. વલભજી લક્ષ્મીચંદ.
૫ માસ્તર વલ્લભજી મેઘજી શાહ.
૫ રા. મૂળજી શવચંદ કચ્છી.
૧ શાહ હરજીવન કુંવરજી, બાળશાળાના હેડમાસ્તર.

૧ રા. ચત્રભુજ એહેચર.
૧ રા. ભગવાનદાસ નથુ.
૨ જશરાજ ભગવાનજી ઉદાણી.
૧ માસ્તર ભુરાલાલ તુલશી.
૧ ડાક્ટર જીવણલાલ ઝવેરચંદ મોદી.
૧ રા. ધરમચંદ ત્રીભોવન.
૧ ગોરજી લાધાભાઇ.
૧ રા. ભાઇચંદ ગોરધન.
૧ માવાણી મણીલાલ સુંદરજી.
૨ માસ્તર ભવાન જગજીવન કામદાર.
૧ કોઠારી કમળશી પીતાંબર.
૧ કોઠારી કરસનજી ગોવિંદજી.
૧ રા. વેલજી મીઠા ઝાંઝરડાવાળા.
૧ રા. જેઠા વીરજી ઝાંઝરડાવાળા.
૨ ડૉક્ટર જગજીવન ચત્રભુજ.
૧ રા. પુરૂષોત્તમ મીઠાભાઈ.
૧ રા. નાગજી કાળીદાસ.
૧ પારેખ પુરૂષોત્તમ ચતુર દેગામવાળા.

૧ રા. ચતુર ખેતશી માલવણવાળા.
૧ શાહ ચત્રભુજ મેઘજી શીયાણીવાળા.
૧ રા. હીરાચંદ વેલજી બદાણી અગતરાયવાળા
૫ રા. ઠાકરશી મકનજી રાજકોટવાળા.
૧ માસ્તર મગનલાલ મોરારજી કુવાડીયા ધોલેરાવાળા.
૧ ગાંધી માણેકચંદ અજરામર ખરેડીવાળા.
૧ ચોવટીયા મણીલાલ શામળજી.
૧ ચોવટીયા કેશવલાલ શામળજી.
૧ રા. હરજીવન વાલજી ઉદાણી.
૨૫ માસ્તર વલ્લભજી મેઘજી શાહ માર્ફતે.

કઠોર.

૫ ભા. કુબેરદાસ હરજીવનદાસ.
૧ ભા. છગનલાલ લક્ષ્મીચંદ.
૧ ભા. છોટાલાલ ફતેચંદ.
૨ ભા. નેમચંદ નારણદાસ.
૧ ભા. મુળચંદ અમીચંદ.
૧ ભા. ઠાકોરલાલ નરોત્તમદાસ વકીલ.

૧ જસોદા બ્હેન હરજીદાસ હેમરાજની દીકરી.
૧ વીજી બ્હેન કુબેરદાસ હરજીવનદાસની દીકરી.
૧ માકોર બ્હેન હરજીવનદાસ હેમરાજની દીકરી.
૧ ભા. રામચંદ નાથાભાઈ.
૧ ભા. મોહનલાલ નરોત્તમદાસ.
૧ ભા. છોટાલાલ વમળચંદ.
૧ ભા. પરભુદાસ વીઠલદાસ.
૧ ભા. રાયચંદ ત્રિભોવનદાસ.
૧ ભા. હીરાચંદ જેચંદભાઇ.

જામનગર.

૩ મેતા પ્રભાશંકર પાનાચંદ.
૫ પા. લખમીચંદ પાનાચંદ.
૧ મેતા દીપચંદ ખુશાલચંદ.
૧ મેતા ભુદરજી ખુશાલચંદ.
૧ મેતા પાશવીર અમરતલાલ.
૧ મેતા ન્યાલચંદ પાશવીર.
૧ મેતા ભાયચંદ અમરતલાલ.
૧ મેતા મનસુખલાલ અમરતલાલ.
૧ મેતા વંદ્રાવન લાધા.
૧ શાહ પોપટ મોનજી.
૧ પા. સોમચંદ આણંદજી.
૧ પા. તારાચંદ ભગવાનજી.
૧ વકીલ ઘેલા કશળચંદ.
૧ મેતા મણીશંકર અમરતલાલ.

વઢવાણ શહેર.

૫ પારેખ ત્રીભોવન કેશવજી.
૧ શાહ છોટાલાલ લાલચંદ.
૧ વોરા ડોસા લાલચંદ.
૧ શાહ ડાહ્યાભાઈ જેઠાભાઇ.
૧ ગાંધી વીરપાળ કેશવજી.
૧ ગાંધી જગજીવન છગનલાલ (એડન).
૧ શાહ સુખલાલ ભૂરા (એડન).
૧ શાહ મોતી વેલા.
૧ શાહ મગનલાલ લલુભાઈ.
૧ શાહ જેઠાલાલ વેલશી.

વીરમગામ.

૧ ડાકટર તારાચંદ લાલચંદ.

ધોરાજી.

૧૦ મોદી ત્રીકમજી બાવાભાઈ.
૧૫ ડૉકટર ભુદરદાસ બેચરદાસ વોરા.

અલપોઇ બંદર.

૨ સંઘવી રાઅશી નેમીદાસ.

થાનગઢ.

૧ ગાંધી ગોપાળજી જીવરાજ.
૧ કોઠારી હંસરાજ બાવા.
૧ શા. માણેકચંદ પોપટ.
૧ શા. દેવજી ગોબર.
૧ શા. મુળચંદ જેઠાલાલ.
૧ શા. અંબાવીદાસ નાથાભાઇ.
૧ શા. ગોપાળજી લાડકા.
૧ શા. લખમીચંદ પાનાચંદ.
૧ શા. સુખલાલ શવજી.
૧ શા. ઉજમશી જુઠા.

ભુજ (કચ્છ).

૪ શા. ઓધવજી આણંદજી.

ભોરારા (કચ્છ).

૫ શાહ મુરગ જેવત.
૧ શાહ ગાંગજી ઉમરસી ભારમલભાઇ.
૧ શાહ સવજી શારગ.
૨ શાહ નપુ વીરપાલ.
૨ શાહ નથુ ગુણપત.
૨ શાહ પાશુ દેવુ હસ્તે બાઈ કુંતઇ.
૧ શાહ દેવુ તેજશી.
૧ શાહ હીરા માણેક.
૧ શાહ પદમશી લાધા.
૧ શાહ લખુ પુના. હસ્તે ભીમશી લખમશી.
૧ શાહ પાલણુ આશુ.
૨ શાહ જેતુ લખધીર ટોડાવાળા.
૧ શાહ કુંવરજી આણુંદ.

૧ ડૉક્ટર કાનજી ડોસાભાઈ.
૧ શાહ કરમણ કચરા.

ખેડોઇ (કચ્છ).

૧ માં. ઠાકરશી જાદવજી.
૧ માં. ગોપાળજી લધુ.
૧ માં. લવજી ગુલાબચંદ.
૧ શા. દેવકરણ કચરા.
૧ વોરા જવેર ચાંપશી.

સુરત.

૧૫ ભાવસાર ગુલાબચંદ કલ્યાણચંદભાઇ.

જેતપુર (કાઠિયાવાડ).

૨ શાહ શામળજી ખોડાભાઈ કામદાર.
૧ કામદાર રેવાશંકર મંગળજી.

મુંદ્રા (કચ્છ).

૧ શાહ હીરજી મેઘજી.
૧ સંઘવી મેઘજી મૂળચંદ.
૧ શાહ તેજા પુનસી હસ્તે શવજી.

રાજકોટ.

૫ શાહ હિમતરામ તારાચંદભાઇ.

દીગસર.

૧ શા. પ્રેમચંદ ડોસાભાઇ.

આ પુસ્તક મળવાનાં ઠેકાણાં.

આ પુસ્તક નીચેને ઠેકાણેથી વી. પી. થી અથવા રોકડી કીંમતે મળી શકશે.—

મુંબઈ—શાહ જેઠાલાલ રામજી, શેર બજાર, કોટ.

માંગરોળ—શાહ છોટાલાલ કપૂરચંદ. ઠે. બોરડી ફળીઆમાં.

અમદાવાદ—ચુનીલાલ વર્ધમાન શાહ, સારંગપુર તળીયાની પોળ.